બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**જુલાઈ–૨૦૨૪**

ઝિલ હજ્જ – મુહર્રમુલ હરામ
હિજરી સન : ૧૪૪૫–૪૬

વર્ષ : ૨૧, અંક : ૦૭, સળંગ અંક : ૨૪૬

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા–૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા–દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | **અહલે બયતનો કિરદાર અને આપણી જિંદગી** | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 10 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 13 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 15 |
| 05 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 20 |
| 06 | ક઼ાનૂને શરીઅત (ભાગ–૨) | 23 |
| 07 | તઝકેરતુલ અવલિયા : હઝરત યહ્યા બિન મઆઝ رحمۃ اللہ علیہ | 26 |
| 08 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 30 |
| 09 | રસૂલે ખુદા ﷺ નો ગયબનો ઈલ્મ કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 33 |
| 10 | *(બીજી સદીના મુજદ્દિદ–૪)* હઝરત ઈમામ અલી રઝા બિન મૂસા કાઝિમ رحمۃ اللہ علیہ | 38 |
| 11 | સાચા ઈબ્રાહીમી કોણ ?! | 42 |
| 12 | મેહરમ વગર સ્ત્રીનો હજ તથા ઉમરા શરીઅતની રૂએ | 47 |


## હુસૈન જૈસા શહીદે આ'ઝમ

હુસૈન કે નામે પાક પર આજ નૂરી મેલા જો સજ ગયા હે
યહ નૂરે અહમદ કા હે તસદ્દુક઼ હર, ઐક નૂરી બના હુવા હે

દરે નબી પર હુસૈન આએ હૈં, અર્ઝ કરને સલામે રુખસત
લિપટ લિપટ કર મઝાર સે અબ, નવાસા નાના કા રો રહા હે

નબી કા યે લાડલા નવાસા, ખળા હે મયદાં મેં ભૂખા પ્યાસા
વો જિસ્કા કૌષર પે હે ઈજારા, ઉસીકા સુખા હુઆ ગલા હે

ભતીજે બેટે હૈં ગિરતે જાતે, જિગર કે ટુકડે હૈં કટતે જાતે
હુસૈન આગે હે બઢતે જાતે, રવાં જિનાં કો યે કાફલા હે

યઝીદીયોં કે પેર હટા–એં, ફુરાત પર વો ઈમામે આએં
મગર યે પાની પિયે તો કૈસે, ખયાલ ઝૈનબ કા આ ગયા હે

હમારી સારી નમાઝેં કુર્બાં, ઉસ એક સજદે કી અઝમતોં પર
વો સજદા જો ફાતિમા કે બેટેને કરબલા મેં અદા કિયા હે

ખુદા કે રસ્તે મેં ઘર લૂટાના, હમેશા હક્ક કા હી સાથ દેના
યે વો સબક હે હુસૈનને જો, ગલા કટાકર હમે દિયા હે

હુસૈન કા નામ ઔર માતમ, નહીં યે હમ સુન્નીયોં કા શેવા
શહીદ મરતે નહીં હે **'નઝમી'** કુર્આન એ'લાન કર રહા હે

# અહલે બયતનો કિરદાર અને આપણી જિંદગી

તંત્રી લેખ

પ્યારા દીની ભાઈઓ બહેનો ! અહલે બયતે કિરામની ફઝીલત તથા તા'ઝીમ સંબંધી કુર્આન હદીષની રૂએ જે હુકમો આવેલ છે તેનાથી દરેક સુન્ની વાકેફ છે. નબી કરીમ ﷺની નિસ્બતના કારણે અહલે બયતનો મકામ ઘણો જ બુલંદ છે અને તેમની તા'ઝીમ કરવી આપણો ઈમાની તકાઝો છે. **આપણે સૌ અહલે બયતે કિરામની, સાદાતે એઝામની મહોબ્બતનો દમ ભરીએ છીએ પણ હક઼ીક઼ત એ છે કે કેવળ જોશ જઝબાતમાં કેવળ ઝબાની દાવો કરી દેવો અને તેમના કિરદારને ન અપનાવવો, તેમના ફર્માનોની વિરૂધ્ધ જિંદગી જીવવી એ દર્શાવે છે કે આપણો દાવો ફક્ત ઝબાની તથા ગળા સુધીનો છે, એથી વધુ કાંઈ નથી.** આવો ! આજે આપણે અહલે બયતે કિરામના કિરદાર, આપના અખ્લાક઼, આપની ઈબાદતોનો આલમ શો હતો તેનો સંક્ષિપ્ત અભ્યાસ કરીએ અને તેને અપનાવીને સાચા પાકા અહલે બયઅતના ચાહક બનવા કોશિશ કરીએ.

## ઈમામ હસન رضی اللہ عنہની ઈબાદતોનો આલમ

આજનો અહલે બયતનો ચાહક અલ્લાહની ઈબાદતોથી, નમાઝ વગેરેથી દૂર ભાગે છે, ઈલ્લા માશા અલ્લાહ ! છતાં અહલે બયતનો ચાહક તો દુનિયામાં તેના સિવાય કોઈ જ નથી એવું સમજે છે. અવલાદે રસૂલ, હઝરત ફાતિમા رضی اللہ عنہاના લખ્તે જિગર ઈમામ હસન رضی اللہ عنہ ઘણા જ મહાન આબિદ તથા ઝાહિદ હતા. હાફિઝ ઈબ્ને કષીર લખે છે કે ઈમામ હસન رضی اللہ عنہ સવારની નમાઝ પઢયા બાદ મસ્જિદમાં બેસી રહેતા હતા અને અલ્લાહનો ઝિક્ર કરતા રહેતા હતા ત્યાં સુધી કે સૂરજ બુલંદ થઈ જતો, પછી ત્યાંથી ઉઠતા. (અલ્ બિદાયા વન્નિહાયા, ૮/૩૭) **આપણે અહલે બયતની મહોબ્બતના દાવેદારો દિલમાં ઝાંકીએ કે આપણી સવાર ક્યારે અને ક્યાં થાય છે ?! ફજરમાં આપણે ક્યાં હોઈએ છીએ ?!**

હઝરત હસન બસરી رضی اللہ عنہ કહે છે કે, ''એક રાત્રે હું ખાનએ કા'બામાં ઈબાદત કરી રહ્યો હતો. એક બુઝુર્ગ ખાનએ કા'બામાં ગિર્યાઓ ઝારી (રૂદન તથા આજીજી) સાથે દુઆ માગી રહ્યા હતા. જ્યારે તે દુઆથી ફારિગ થઈને જવા લાગ્યા તો મેં તેમને તેમનું નામ પૂછયું તો ફર્માવવા લાગ્યા, હું હસન ઈબ્ને રસૂલુલ્લાહ છું ! મેં આપના ક઼દમ પકડીને અર્ઝ કરી, હુઝૂર ! આટલી ગિર્યાઓ ઝારી ! આટલુ બધુ રૂદન તથા આજીજી ?! તો ફર્માવ્યું, હે હસન બસરી ! આ બારગાહ બેનિયાઝ શહેનશાહની છે !'' **આજે અહલે બયતના નામ પર ચરી ખાનારાઓની ઈબાદતોનો હાલ આપણે જોઈ શકીએ છીએ ! બલ્કે એવા પણ બનાવટી બાવાઓ છે જે મુરીદોને નમાઝથી રોકે છે ! કહે છે, મેરા દામન પકળ લેના ! મૈં બખ્શવા દુંગા !** જ્યારે ઈમામ હસન رضی اللہ عنہનો ઈબાદત તથા ખુદાની સમક્ષ આજીજીનો આ હાલ છે.

ઈમામ હસન رضی اللہ عنہએ ૨૫ હજો મદીના શરીફ મક્કા પગપાળા જઈને કરેલ છે. જેમ કે ઈમામ હાકિમે

રિવાયત કરી છે : ઈમામ હસન رضی اللہ عنہ જયારે હજના માટે જતા તો પગપાળા જતા હતા, જયારે કે આપની પાસે સવારીઓ પણ હતી તેમ છતાં સવાર થતા ન હતા. મદીના મુનવ્વરાથી મક્કા મોઅઝ્ઝમા પગપાળા જ જતા. ફર્માવતા કે ખુદાના ઘરે જતી વેળા સવાર થઈને જવાબમાં શરમ આવે છે. (અલ બિદાયા વન્નિહાયા, ૮/૩૭, સવાઈકે મુહર્રિકા, પેજ–૧૩૭) આ આપનો ખુલૂસ તથા આજીજી હતી.

## ઈમામ હસન رضی اللہ عنہની સખાવતો

ઈમામ હસન رضی اللہ عنہ ઘણા જ ફૈયાઝ તથા સખી હતા. **જીવનમાં બે વખતે પોતાનો સર્વ માલ ખુદાની રાહમાં આપી દીધો.** જેમ કે અલ્લામા ઈબ્ને યહ્યા બલાઝરી (વફાત હિ. ૨૭૯) લખે છે : બેવાર પોતાનો સર્વ માલ ખુદાની રાહમાં આપી દીધો, અને ત્રણ વખત પોતાનો માલ અલ્લાહની રાહમાં વહેંચી કાઢયો. એકવાર એક સાઈલે અલ્લાહથી રોજી માગતાં કહ્યું, હે અલ્લાહ ! મને દસ હજાર દિરહમ આપ ! આપે એ સાઈલની એ વાત સાંભળી તો એ જ વખતે ઘરે તશરીફ લાવ્યા અને પોતાના ગુલામના હાથે દસ હજાર દિરહમ તે માગવાવાળાને અતા કર્યા. તેમજ એક શખ્સ આપની પાસે આવ્યો અને પોતાની મોહતાજી તથા ગરીબીનો ઉલ્લેખ કર્યો. આપે ફર્માવ્યું, તમારો સવાલ તો ઘણો મોટો જણાય છે, શક્ય છે કે હું પૂરો ન કરી શકું. અત્યારે જે કાંઈ અમારી પાસે છે તે રજૂ કરીએ છીએ, જો સ્વીકારી લો તો અમે હાજર કરીએ છીએ. અને આપે પચાસ હજાર દિરહમ આપી દીધા. પાંચસો બચ્યા હતા તે પણ ઈમામે તેને અર્પણ કરી દીધા.

*(નૂરુલ અબ્સાર, પેજ–૨૧૩, સવાઈકે મુહર્રિકા, પેજ–૧૩૭)*

અબુલ હસન મદાઈનીએ ઝિક્ર કર્યું છે કે, એકવાર ઈમામ હસન, ઈમામ હુસૈન અને અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર તૈયાર હજ કરવા માટે મદીના મુનવ્વરાથી રવાના થયા. રસ્તામાં સંજોગોવસાત સામાન તથા સવારીઓ ગુમ થઈ ગઈ. ભૂખ તરસે જયારે બેચેન કર્યા તો રસ્તામાં એક ઝુપડી જોવા મળી. તેના તરફ ચાલી નીકળ્યા. ત્યાં પહોંચ્યા તો ત્યાં એક મોટી વયની વૃધ્ધાએ પીવા માટે બકરી હતી તેનું દૂધ આપ્યું અને ખાવાનુ પૂછતાં બકરીને ઝબહ કરી ખાવા કહ્યું. તો તેને ઝબહ કરી શેકીને ધરાઈને ખાધુ. જયારે એ હઝરાત જવા લાગ્યા તો વૃધ્ધાને કહ્યું કે અમે મદીના શરીફથી હજ માટે મક્કા શરીફ જઈએ છીએ કદીક આવો તો મદીના શરીફ મુલાકાત થશે. એકવાર વૃધ્ધા અને તેનો પતિ કોઈ મુસીબતમાં સપડાયાં તેના કારણે મદીના મુનવ્વરા આવવું પડયું. જયારે મદીના મુનવ્વરા પહોંચ્યાં તો એ ગલીમાં દાખલ થયાં જયાં ઈમામ હસન رضی اللہ عنہનું મકાન હતું. ઈમામ હસને વૃધ્ધાને ઓળખી લીધાં. આપે કહ્યું, જયારે અમે તમારે ત્યાં આવ્યા હતા તો તમે અમારા માટે બકરી ઝબહ કરી હતી. ત્યારબાદ આપે તેમને એક હજાર બકરીઓ અને એક હજાર દિરહમ આપ્યા. પછી ગુલામને કહ્યું કે હવે એમને ઈમામ હુસૈન رضی اللہ عنہ પાસે લઈ જાવ. જયારે તેઓ ઈમામ હુસૈન પાસે ગયા તો આપે પણ એક હજાર બકરીઓ અને એક હજાર દિરહમ આપ્યા. પછી તેમને અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર પાસે લઈ જવામાં આવ્યાં, તેમણે પણ એક હજાર બકરીઓ અને એક હજાર દિરહમ આપ્યા. આ અહલે બયતના ઘરાનાની સખાવતથી તે વૃધ્ધા તથા તેનો પતિ માલદાર થઈ ગયાં. *(નૂરુલ અબ્સાર, પેજ–૨૧૪)*

હાફિઝ ઈબ્ને કષીર લખે છે કે અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર (વફાત હિ. ૮૦) ઘણા સખી હતા. આપે એકવાર એક માણસને સાઈઠ હજાર દિરહમ સદકામાં આપી દીધા હતા. એક ખાંડનો વેપારી હલબ શહેરનો

ખાંડ વેચવા મદીના પાકમાં આવ્યો. તેની ખાંડ કોઈએ ન ખરીદી. આપને ખબર પડી તો બધી ખાંડ આપે ખરીદીને લોકોમાં મફત વહેંચી કાઢી. (અલ્ બિદાયા વન્નિહાયા, ૯/૩૩) મુહમ્મદ બિન સીરીં (વફાત હિ. ૧૧૦) ફર્માવે છે કે ઈમામ હસન رضی اللہ عنہ ખૂબ જ સખી તથા કૃપાળુ હતા. કેટલીક વાર એક માણસને એક લાખ દિરહમ આપી દેતા. (અલ્ બિદાયા વન્નિહાયા, ૮/૩૭) એકવાર ઈમામ હસને એક હબ્શી ગુલામને જોયો. તે ખાવા ખાય રહ્યો છે. તેની પાસે એક કૂતરો બેઠેલો છે. તે ગુલામ એક કોળીયો પોતે ખાતો અને એક કોળીયો કૂતરાને ખવડાવતો. આ બાબતે પૂછતાં કહ્યું કે, હુઝૂર ! મને શરમ આવે છે કે પોતે ખાઉં અને કૂતરો મારી પાસે બેસેલો રહે તેને ન ખવડાવું ! ઈમામ હસને કહ્યું કે હું જાઉં છું તો મારા આવતા સુધી અહીં રહેજો. ઈમામ હસન رضی اللہ عنہ તે ગુલામના માલિક પાસે ગયા અને તેની પાસેથી એ ગુલામને ખરીદી લીધો અને તેને આઝાદ કરી આપ્યો. પછી ગુલામને જઈને કહ્યું કે મેં તને ખરીદીને આઝાદ કરી આપ્યો છે અને આ જગા જ્યાં તમે બેઠા છો એ પણ ખરીદીને તમને આપી દીધી. ગુલામે કહ્યું કે હુઝૂર ! આ જગા હું એ જાતને ભેટ આપુ છું જેના લીધે આપે મને આઝાદ કર્યો છે. *(અલ બિદાયા વન્નિહાયા, ૮/૩૮)*

## ઈમામ હસન رضی اللہ عنہના અખ્લાક઼

આપ ખૂબ જ ઉચ્ચ સંસ્કારવાળા, સહન શક્તિવાળા, સંયમી હતા. આપને કેટલીકવાર ઝહેર આપવામાં આવ્યું તે અસરકારક ન નીવડયું અને છઠ્ઠીવાર જ્યારે આપવામાં આવ્યું તો દિલ મુબારક તેનાથી ટુકડે ટુકડા થઈ ગયું. આપના નાના ભાઈ ઈમામ હુસૈન رضی اللہ عنہ સિરહાને ઉભા હતા. કહ્યું, ભાઈજાન ! આપ મને એ તો બતાવો કે આપને ઝહેર કોણે આપ્યું છે ? ફર્માવ્યું કે **હું કોઈની સાથે બદઝની (ખોટુ ગુમાન) નથી કરવા ચાહતો, અલ્લાહ તઆલા જ મારા તરફથી બદલો લેનાર છે મારો સીનો કોઈના પણ બુગ્ઝ તથા કીનાથી પાક છે જેથી હું કોઈના બારામાં કહીશ નહીં કે ફલાણાએ મને ઝહેર આપ્યું છે.** (આજે કેટલાક લોકો કહે છે કે ફલાણાએ ઝહેર આપ્યું હતું, તે એઓ ક્યાંથી જાણી લાવ્યા ?! ખુદ ઈમામ હસન رضی اللہ عنہએ નથી જણાવ્યું ન ઈમામ હુસૈને જણાવ્યું. તો એવી ગલત બયાની કરનારાઓથી આપણે બચવું જોઈએ.)

એકવાર મલ્કે શામથી એક માણસ મદીના મુનવ્વરા આવ્યો અને ઈમામ હસન رضی اللہ عنہને મળ્યો અને કહ્યું કે, શું તમે અલી ઈબ્ને તાલિબના પુત્ર છો ? ફર્માવ્યું, હા ! તો એ શામીએ મૌલા અલી رضی اللہ عنہના બારામાં અયોગ્ય તથા બેહૂદા વાતચીત શરૂ કરી દીધી. આપ સહનશીલતાથી તેની એ વાતચીત સાંભળતા રહ્યા. છેવટે આપે કહ્યું, કદાચ તમે મુસાફર છો અને શામી છો ? તેણે કહ્યું, હા ! આપે કહ્યું, તમે મારી સાથે ચાલો, ખાવા વગેરે ખાવ, અને તમારે કોઈ જરૂરત હશે તો તે પૂરી કરી દઈશું. જ્યારે તેણે આ સાંભળ્યું તો ખૂબ જ પ્રભાવિત થયો અને આપનાથી પોતાના જુલ્મની માફી માગી લીધી. અને આપના હાથ પર બયઅત કરી અને હમેશાં આપનાથી મહોબ્બત રાખવા લાગ્યો.

## ઈમામ હુસૈન رضی اللہ عنہનો ઝોહદ તથા તક઼વો

ઈમામ ઝયનુલ આબિદીન رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ઈમામ હુસૈન رضی اللہ عنہ રાત દિવસમાં હજાર રકાતથી વધુ નમાઝ પઢયા કરતા હતા અને આપે ૨૫ હજ પગપાળા કર્યા હતા. એક અન્ય રિવાયતમાં છે કે આપે વીસ હજ અદા કર્યા હતા. આ બંને રિવાયતો સહીહ છે, કેમ કે ઈમામ હુસૈન رضی اللہ عنہએ વીસ હજ ઈમામ હસન

رضی اللہ عنہની સાથે કર્યા હતા અને ઈમામ હસન رضی اللہ عنہ પછી પાંચ હજ અધિક અદા કર્યા હતા. એ ઝોહદ તથા તક્વો જ હતો કે જ્યારે આપે જોયું કે ઈસ્લામી શરીઅતના હુકમોની વિરૂધ્ધ સ્પષ્ટપણે વર્તવામાં આવી રહ્યું છે, ખુદાના હરામ કરેલાને હલાલ સમજવામાં આવી રહ્યું છે અને મુસલમાનો પર જુલ્મો સિતમ કરવામાં આવી રહેલ છે તો આપે કેવળ પોતાની જાનની જ નહીં બલ્કે પોતાનાં બીવી બચ્ચાં તથા સગાં વહાલાં કુટુંબીઓની કર્બલા સ્થળે કુર્બાની આપીને હક્કને બુલંદ કર્યું.

## ઈમામ હુસૈન رضی اللہ عنہની ફૈયાઝી તથા સખાવત

ઈમામ હુસૈન رضی اللہ عنہ ખૂબ જ મહાન ઉદાર દિલ તથા સખી હતા. જેમ કે રિવાયત છે કે એક સાઈલ ઈમામ હુસૈન رضی اللہ عنہની પાસે આવ્યો. આપ ઘરમાં જ મૌજૂદ હતા. સાઈલે એક કાગળ લખીને મોકલ્યો જેમાં અમુક શેઅરો લખ્યા જેનો અનુવાદ આ પ્રમાણે છે : હું એક ગરીબ શખ્સ છું. મારી પાસે કોઈ એવી ચીજ નથી જે એક જવની પણ કિંમત ધરાવે. પણ મારી આબરૂ તથા ઈજ્જત છે જેને મેં એક મુદ્દતથી મેહફૂઝ રાખેલ છે. જ્યારે આપના જેવો મને ખરીદાર મળ્યો છે તો હું એને વેચવા ચાહું છું. આ શેઅરો ઈમામ હુસૈન પાસે મોકલ્યા બાદ સાઈલે કાંઈક વધુ શેઅરો લખીને મોકલ્યા : (અર્થ) જ્યારે હું આપના જેવા સખીના દરે દોલતથી નિરાશ થઈને પરત જઈશ અને લોકો મને પૂછશે કે હુસૈન જેવા સખી તથા કરીમે તને શું અતા કર્યું ? જો હું કહું કે મને થોડુ સરખુ આપ્યું છે તો લોકો મને જૂઠો કહેશે. (કેમ કે સખી હુસૈન કોઈને થોડુ નથી આપતા) જો કહું કે હુસૈને કાંઈ પણ નથી આપ્યું તો એ પણ ગલત થશે. ઈમામ હુસૈને જ્યારે આ શેઅરો પઢયા તો આપે દસ હજાર દિરહમ સાઈલને અતા કર્યા તેમજ ફર્માવ્યું કે હે સાઈલ ! તેં ઘણી જ ઉતાવળ કરી અને આ જલ્દીના કારણે અમે ઘણુ જ થોડુ આપ્યું છે. તેમજ ફર્માવ્યું, તો આ થોડાને જ પકડી લો અને તસવ્વુર કરો કે મેં સવાલ જ નથી કર્યો અને અમે એવું સમજીશું કે અમે કાંઈ આપ્યું જ નથી.

શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ (વફાત : હિ. ૧૦૫૨) લખે છે કે એકવાર ઈમામ હુસૈન ખાણુ ખાવા લાગ્યા. ખાદિમાથી શાક ભરેલુ વાસણ છૂટીને ઈમામ હુસૈન رضی اللہ عنہ પર પડયું. ઈમામ હુસૈને ગુસ્સાભેર ખાદિમા તરફ જોયું. ખાદિમાએ કહ્યું : وَالْكٰظِمِيْنَ الْغَيْظَ (કે આપ તો ગુસ્સો પી જનારા છો) ઈમામે આ સાંભળ્યું તો ફર્માવ્યુ, મેં મારા ગુસ્સાને પી લીધો. પછી ખાદિમાએ કહ્યુ : وَالْعَافِيْنَ عَنِ النَّاسِ (આપ તો લોકોને માફ કરનારા છો) ફર્માવ્યું, મેં તને માફ કર્યું. ફરી ખાદિમાએ કહ્યું : وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ (અને અલ્લાહ નેકી કરનારાઓને પસંદ કરે છે) તો ઈમામ હુસૈને ખાદિમાને કહ્યું, જાવ ! મેં તમને આઝાદ કર્યા.

## ઈમામ ઝયનુલ આબેદીન દરબારે ઈલાહીમાં આજીજી

ફન્ને લુગત (શબ્દકોશના વિષય) અને અદબ (સાહિત્ય)ના ઈમામ જનાબ અસ્મઈનું બયાન છે કે, હું એક વખત ચાંદની રાતમાં કા'બા મુકર્રમાનો તવાફ કરી રહ્યો હતો તો મેં એ જોયું કે એક ઘણો જ ખૂબસૂરત જવાન કા'બા મુકર્રમાના પડદાઓથી લપાઈને ઘણા જ દર્દનાક અવાજથી રડી રડીને દુઆઓ માંગી રહ્યો છે અને આમ કહી રહ્યો છે કે, ઈલાહી ! બધી આંખો સૂઈ રહી છે અને તારાઓ ડૂબી ગયા છે, પરંતુ અય મારા પરવર દિગાર ! તું હય્યુ કય્યૂમ છે, તું ઊંઘવાથી પાક છે. અય મારા મૌલા ! બધા બાદશાહોએ પોતાના

દરવાજા બંધ કરી દીધા છે અને પોતાના દરવાજાઓ પર પહેરા બેસાડી દીધા છે પરંતુ તારો દરવાજો દરેક સાઈલ (માંગવાવાળા)ના માટે દરેક સમયે ખુલ્લો છે. અય મૌલા ! હું ગુનેહગાર છું, હું ફકીર છું, હું મિસ્કીન છું, હું કૈદી છું, તારા દરવાજા પર તારી રહમતનો ઉમેદવાર બનીને ઊભો છું ! પછી એ જવાન રડી રડીને ઘણી જ નરમ અવાજમાં આ અશ્આર પઢવા લાગ્યો કે :–

**અનુવાદ :** અય મારા રબ ! અય મારા મૌલા ! અય મને ઠેકાણુ આપવાવાળા ! હું તારાથી દુઆ માંગુ છું, તું મારા રૂદન પર રહમ ફર્માવ ! મારા વિલાપ પર રહમ ફર્માવ ! હું તને બયતુલ્લાહ અને હરમનો વાસ્તો આપુ છું, તું ઘણો જ વધારે ગુનાહ બખ્શવાવાળો છે, તું મારા માટે તારા તરફથી મગફેરતની સખાવત ફર્માવી દે કે મને માફ ફર્માવી દે ! અય બખ્શિશ તથા કરમવાળા ! જો ગુનેહગાર તારાથી માફીની ઉમ્મીદ ન રાખે તો પછી કોણ છે જે ગુનેહગારો પર કરમની સાથે બખ્શિશ ફર્માવશે !

આ અશ્આર પઢયા પછી પાછા એ જવાને આકાશની તરફ માથુ ઊંચુ કર્યું અને આમ કહેવા લાગ્યો કે, અય મારા મૌલા ! જો મેં તારી ફર્માંબરદારી કરી છે તો એ તારુ મહાન એહસાન છે અને જો મેં તારી નાફર્માની કરી છે તો એ મારી જહાલત છે, અભણતા છે, યા અલ્લાહ ! તું મારા પર રહમ ફર્માવ ! અને તું મને મારા જદ્દે કરીમ અને મારી આંખોની ઠંડક અને અમારા મહબૂબ અને અમારા નબી મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના દીદારથી વંચિત ન ફર્માવતો !! પછી એ જવાને આ દુઆ શરૂ કરી દીધી :–

અય તે જાત કે દરેક મુસીબતમાં તારાથી જ આશા રાખવામાં આવે છે, હું તારા જ દરબારમાં મારી તકલીફ જણાવું છું જેથી તું મારી દુઆ પર, ઈલ્તેજા પર રહમ ફર્માવ ! તું જ મારી આશા છે, તું જ મારી બેચેનીને દૂર કરવાવાળો છે, જેથી તું મારા બધા ગુનાહોને માફ કરી દે અને મારી જરૂરિયાતને પૂરી ફર્માવી દે. હું ઘણા જ ખરાબ અને રદ્દી પ્રકારના અમલો લઈને આવ્યો છું અને બધી મખ્લૂકમાં મારાથી મોટો ગુનો કોઈએ નથી કર્યો !

એ જવાન ઉપરના અશ્આર પઢતાં પઢતાં અચાનક બેભાન થઈને જમીન પર પડી ગયો. અસ્મઈ કહે છે કે હું દોડીને એ જવાનની નજીક પહોંચ્યો તો જોયું કે એ હઝરત ઈમામ ઝયનુલ આબેદીન છે ! મેં તરત જ એમનું માથુ મારા ખોળામાં મૂકી દીધું અને મારા પર એવું દર્દ ચાલુ થયું કે હું ચોધાર આંસૂએ રડવા લાગ્યો, એટલે સુધી કે મારા આંસૂઓની ધારા એમના મુકદ્દસ રુખસાર (ચહેરા) પર પડવા લાગી, તો એ ભાનમાં આવી ગયા અને આંખો ખોલીને ફર્માવ્યું કે, આ કોણ વ્યકિત છે ? જેણે મારા મૌલાની યાદમાં અવરોધ નાખી દીધો ? તો મેં કહ્યું કે, અય મારા આકા ! હું આપનો ગુલામ અસ્મઈ છું ! હુઝૂરેવાલા ! આપ આટલા પ્રમાણમાં શા માટે રૂદન કાકલૂદી કરી રહ્યા છો ? આપ તો અહલે બયતે નબુવ્વતમાંથી છો ! અને ખુદાવંદે આલમે આપ લોકોના માટે કુર્આન મજીદમાં એવી બશારત ખુશખબરી આપી છે કે, "અલ્લાહ તઆલા એ જ ઈચ્છે છે કે અય અહલે બયત તમારાથી દરેક નાપાકીને દૂર રાખે અને તમને ખૂબ જ પાક અને ચોખ્ખા બનાવી આપે." મારી આ વાતચીત સાંભળીને ઈમામ ઝયનુલ આબેદીન સીધા બેસી ગયા અને ફર્માવ્યું કે, અય અસ્મઈ ! શું તમને ખબર નથી કે અલ્લાહ તઆલાએ જન્નત દરેક તે વ્યકિતના માટે બનાવી છે જે એની ફર્માંબરદારી કરે, ભલે એ હબશી ગુલામ પણ કેમ ન હોય ! અને જહન્નમ દરેક એ વ્યકિતના માટે બનાવી જે એની નાફર્માની કરે, ભલેને તે કુરયશી બાદશાહ પણ ન હોય ! શું તમે એ હાકિમે આદિલ (ઈન્સાફવાળા)નું

આ ફર્માન નથી જોયું ? કે, ''જે દિવસે સૂર ફૂંકવામાં આવશે તો ન કોઈ રિશ્તા તેઓમાં રહેશે, ન એક બીજાને પૂછશે. *(રૂહુલ બયાન, ભાગ–૬, પેજ–૧૦૭)*

આપ યકીનન ! સૈયદુસ્સાદાત અને વારિષે કમાલાતે મૌલાએ કાએનાત છે, તેમ છતાં આપની નમ્રતા અને વિવેકનો એ હાલ છે કે અસ્મઈ જેવા જલીલુલ કદર અને નઅત તથા અદબના (સાહિત્યના) ઈમામ જ્યારે કુર્આન પઢીને એમના આ'લા મર્તબા એમને યાદ અપાવે છે, તો આપ એમને આ જવાબ આપે છે કે કયામતના દિવસે ન કોઈ સંબંધ હશે અને ન કોઈ કોઈને હાલ પૂછવાવાળો હશે ! અલ્લાહુ અકબર ! ઈમામ ઝયનુલ આબેદીનની છાતી ખુદાના ડરની એવી નૂરાની હોડી હતી કે જેમાં ફખ્ર, ઘમંડ, ઊંચી નસલ અને ખાનદાની મોટાઈ કયારેય પસાર પણ થતી ન હતી ! આપ આજીજી અને નમ્રતાના એવા અજોડ પ્રતિક અને આજીજી તથા નમ્રતાના એવા અજોડ નમૂના હતા કે આપને જોવાવાળા દંગ રહી જતા હતા.

આપની આ પધ્ધતિમાં આજકાલના સાદાતે કિરામના માટે ઘણો જ મોટો બોધપાઠ છે જે પોતાની સાદાત તથા ખાનદાની શરાફત પર એકધારું ઘમંડ કરતા રહે છે ! બલ્કે આ ઘમંડ તથા ગુરૂરમાં ઈલ્મ તથા નેક અમલોથી પણ પોતાને જાણે બેનિયાઝ (મુકત) સમજતા હોય છે ! કાશ ! એ લોકો હઝરત ઈમામ ઝયનુલ આબેદીનની મુકદ્દસ જિંદગીથી બોધ મેળવતા અને આજીજી અને નમ્રતાના પ્રતિક બનીને આજીજી અને નમ્રતાની સાથે પોતાના રબ્બે કરીમની ઈબાદત કરતા અને પોતાના ઈલ્મો તથા નેક આમાલોના સબબે ઉમ્મતે રસૂલના માટે હિદાયતનો ઝરીયો બનતા. પણ અફસોસ ! કે આજકાલના અમુક સયાદતના દાવેદારોનો તો એ હાલ છે કે ન ઈલ્મ, ન અમલ બસ ખાનકાહમાં લઈ દઈને એમની કુલ માયાપૂંજી એ જ છે :–

**લબોં પે હૈ પિદરમ બાદશાહ બુવદકા શોર**
**તફાખુરે મનો તૂ કે સિવા કુછ ઔર નહીં**

હવે જરા એ પણ સાંભળી લેશો કે સફર અને મંઝિલમાં કદી આપની નમાઝે તહજ્જુદ કઝા નથી થઈ ! અને આપ દરરોજ સતત એક હજાર રકાત નફ્લ નમાઝ પઢયા કરતા હતા અને પોતાની જિંદગીમાં બે વખત પોતાનો સઘળો સામાન ખુદાની રાહમાં ખૈરાત કર્યો અને આપની સખાવતની એ પરિસ્થિતિ હતી કે આપ ઘણા જ મદીનાવાળા ગરીબોના ઘરોમાં એવી છુપી રીતે રકમ મોકલ્યા કરતા હતા કે એ ગરીબોને ખબર જ ન પડતી હતી કે આ રકમ કયાંથી આવી ?! પણ જ્યારે આપનો વિસાલ થઈ ગયો તો ગરીબોને ખબર પડી કે આ હઝરત ઝયનુલ આબેદીનની સખાવત હતી ! આપની તહજ્જુદ અને નફ્લોની અધિકતા અને રાતોમાં આપની આહો ઝારી અને ગિર્યાઓ બેચૈનીના જ કારણે બધી ઉમ્મતે આપને 'ઝયનુલ આબેદીન'ના લકબથી પુકારવાનુ શરૂ કરી દીધું, અને આપ નિઃશંક ! આ અઝીમુશ્શાન લકબના લાયક છે. અલ્લાહુ અકબર ! સાચું છે :

**અત્તાર હો, રૂમી હો, રાઝી હો, ગઝાલી હો**
**કુછ હાથ નહીં આતા, બેઆહે સહરગાહી**

સારાંશ કે આપણી દીની અખ્લાકી ફરજ એ છે કે અહલે બયતે પાકની તાઝીમ કરીએ અને અહલે બયતે પાકના બુઝુર્ગોના જીવન ચરિત્રને અનુસરીએ, તેમના શરીઅત મુજબના હુકમો પાળીને આપણા કિરદારને સજાવીએ. નહીં તો ફોગટ મહબ્બતના દાવા કરીને ઢોંગ રચવાનો કોઈ જ અર્થ નથી. وَمَا تَوْفِيْقِىْٓ اِلَّا بِاللّٰهِ

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ અનઆમની તફસીર

આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.

અને જો અમે એમની તરફ ફરિશ્તા ઉતારત,[૧] અને એમની સાથે મડદાંઓ વાતો કરત, અને અમે દરેક વસ્તુ એમની સામે ઉપાડી લાવત, તો પણ તેઓ ઈમાન લાવનાર ન હતા.[૨] પરંતુ એ કે ખુદા ઈચ્છતો.[3] પણ એમનામાં ઘણા નર્યા જાહિલ છે[૪] (૧૧૧) અને આવી જ રીતે અમે દરેક નબીના શત્રુ બનાવ્યા છે, માનવીઓ અને જિન્નાતમાંના શયતાનો, કે એમનામાં એકબીજા પર છુપી બનાવટની વાત નાખે છે,[૫] છેતરપીંડી કરવા. અને તમારો રબ ઈચ્છતે તો તેઓ એમ ન કરત.[૬] માટે એમને એમની બનાવટો પર છોડી દો[૭] (૧૧૨) અને એટલા માટે કે તે[૮] તરફ એમનાં હૃદયો નમે, કે જેમને આખિરત પર ઈમાન નથી, અને તેને પસંદ કરે, અને ગુનાહ કમાય જે એમને કમાવાના છે. (૧૧૩) તો શું હું અલ્લાહ સિવાય બીજા કોઈનો ફેંસલો ઈચ્છું ? અને તે જ છે જેણે તમારી તરફ વિગતવાર કિતાબ ઉતારી.[૯] અને જેમને અમે કિતાબ આપી તેઓ જાણે છે કે આ તારા રબ તરફથી સત્ય ઉતર્યું છે.[૧૦] તો હે સાંભળનાર ! તું કદાપિ શંકાવાળાઓમાં ન થા (૧૧૪) અને સંપૂર્ણ છે તારા રબની વાત સત્ય અને ન્યાયમાં.

وَ لَوْ اَنَّنَا نَزَّلْنَاۤ اِلَیْهِمُ الْمَلٰٓىٕكَةَ وَ كَلَّمَهُمُ الْمَوْتٰى وَ حَشَرْنَا عَلَیْهِمْ
كُلَّ شَیْءٍ قُبُلًا مَّا كَانُوْا لِیُؤْمِنُوْۤا اِلَّاۤ اَنْ یَّشَآءَ اللّٰهُ وَ لٰكِنَّ اَكْثَرَهُمْ
یَجْهَلُوْنَ ﴿۱۱۱﴾ وَ كَذٰلِكَ جَعَلْنَا لِكُلِّ نَبِیٍّ عَدُوًّا شَیٰطِیْنَ الْاِنْسِ وَ
الْجِنِّ یُوْحِیْ بَعْضُهُمْ اِلٰى بَعْضٍ زُخْرُفَ الْقَوْلِ غُرُوْرًا ؕ وَ لَوْ شَآءَ
رَبُّكَ مَا فَعَلُوْهُ فَذَرْهُمْ وَ مَا یَفْتَرُوْنَ ﴿۱۱۲﴾ وَ لِتَصْغٰۤى اِلَیْهِ اَفْـٕدَةُ
الَّذِیْنَ لَا یُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ وَ لِیَرْضَوْهُ وَ لِیَقْتَرِفُوْا مَا هُمْ
مُّقْتَرِفُوْنَ ﴿۱۱۳﴾ اَفَغَیْرَ اللّٰهِ اَبْتَغِیْ حَكَمًا وَّ هُوَ الَّذِیْۤ اَنْزَلَ اِلَیْكُمُ
الْكِتٰبَ مُفَصَّلًا ؕ وَ الَّذِیْنَ اٰتَیْنٰهُمُ الْكِتٰبَ یَعْلَمُوْنَ اَنَّهٗ مُنَزَّلٌ مِّنْ
رَّبِّكَ بِالْحَقِّ فَلَا تَكُوْنَنَّ مِنَ الْمُمْتَرِیْنَ ﴿۱۱۴﴾ وَ تَمَّتْ كَلِمَتُ رَبِّكَ
صِدْقًا وَّ عَدْلًا ؕ لَا مُبَدِّلَ لِكَلِمٰتِهٖ ۚ وَ هُوَ السَّمِیْعُ الْعَلِیْمُ ﴿۱۱۵﴾ وَ اِنْ
تُطِعْ اَكْثَرَ مَنْ فِی الْاَرْضِ یُضِلُّوْكَ عَنْ سَبِیْلِ اللّٰهِ ؕ اِنْ یَّتَّبِعُوْنَ
اِلَّا الظَّنَّ وَ اِنْ هُمْ اِلَّا یَخْرُصُوْنَ ﴿۱۱۶﴾ اِنَّ رَبَّكَ هُوَ اَعْلَمُ مَنْ یَّضِلُّ
عَنْ سَبِیْلِهٖ ۚ وَ هُوَ اَعْلَمُ بِالْمُهْتَدِیْنَ ﴿۱۱۷﴾ فَكُلُوْا مِمَّا ذُكِرَ اسْمُ اللّٰهِ
عَلَیْهِ اِنْ كُنْتُمْ بِاٰیٰتِهٖ مُؤْمِنِیْنَ ﴿۱۱۸﴾ وَ مَا لَكُمْ اَلَّا تَاْكُلُوْا مِمَّا ذُكِرَ
اسْمُ اللّٰهِ عَلَیْهِ وَ قَدْ فَصَّلَ لَكُمْ مَّا حَرَّمَ عَلَیْكُمْ اِلَّا مَا
اضْطُرِرْتُمْ اِلَیْهِ ؕ وَ اِنَّ كَثِیْرًا لَّیُضِلُّوْنَ بِاَهْوَآىٕهِمْ بِغَیْرِ عِلْمٍ ؕ اِنَّ
رَبَّكَ هُوَ اَعْلَمُ بِالْمُعْتَدِیْنَ ﴿۱۱۹﴾ وَ ذَرُوْا ظَاهِرَ الْاِثْمِ وَ بَاطِنَهٗ ؕ اِنَّ
الَّذِیْنَ یَكْسِبُوْنَ الْاِثْمَ سَیُجْزَوْنَ بِمَا كَانُوْا یَقْتَرِفُوْنَ ﴿۱۲۰﴾ وَ لَا
تَاْكُلُوْا مِمَّا لَمْ یُذْكَرِ اسْمُ اللّٰهِ عَلَیْهِ وَ اِنَّهٗ لَفِسْقٌ ؕ وَ اِنَّ الشَّیٰطِیْنَ
لَیُوْحُوْنَ اِلٰۤى اَوْلِیٰٓـٕهِمْ لِیُجَادِلُوْكُمْ ۚ وَ اِنْ اَطَعْتُمُوْهُمْ اِنَّكُمْ
لَمُشْرِكُوْنَ ﴿۱۲۱﴾

તેની વાતોને કોઈ બદલનાર નથી.[૧૧] અને તે જ સાંભળતો જાણતો (છે) (૧૧૫) અને અય સાંભળનાર ! ધરતીમાં વધુ તેઓ છે કે જો તું તેમના કહેવા મુજબ ચાલે તો તને અલ્લાહના માર્ગથી ભટકાવી દે. તેઓ માત્ર અનુમાનની પાછળ છે.[૧૨] અને નરી ધારણાઓ દોડાવે છે[૧૩] (૧૧૬) તારો રબ ખૂબ જાણે છે. હિદાયતવાળાઓને (૧૧૭) તો ખાઓ તેમાંથી જેના પર અલ્લાહનું નામ લેવાયું,[૧૪] જો તમે તેની આયતો માનતા હોવ (૧૧૮) અને તમને શું થયું કે તેમાંથી ન ખાઓ જેના[૧૫] પર અલ્લાહનું નામ લેવાયું. તો તમને વિગતવાર વર્ણવી ચૂક્યો જે કંઈ હરામ થયું.[૧૬] પણ જ્યારે તમને તેનાથી લાચારી હોય.[૧૭] અને બેશક ! ઘણા પોતાની મનેચ્છાઓ દ્વારા ભટકાવે છે જાણ્યા વગર. બેશક ! તારો રબ હદથી વધનારાઓને ખૂબ જાણે છે. (૧૧૯) **અને છોડી દો ઉઘાડા અને છુપા ગુનાહ. તેઓ જે ગુનાહ કમાય છે, નજીકમાં જ પોતાની કમાણીની સજા પામશે** (૧૨૦) અને તેને ન ખાઓ જેના પર અલ્લાહનું નામ ન લેવાયું.[૧૮] અને તે બેશક ! હુકમનું ઉલ્લંઘન છે. અને બેશક ! શયતાનો પોતાના મિત્રોના દિલોમાં (એવી વાતો) નાખે છે કે (જેનાથી) તમારી સાથે ઝગડો કરે. અને જો તમે તેમનું કહ્યું માનો[૧૯] તો તે સમયે તમે મુશ્રિક છો[૨૦] (૧૨૧)

## :: સમજૂતી ::

**૧** : ઈબ્ને જરીરનું કથન છે કે આ આયત ઠેકડી ઉડાડનાર કુરૈશીઓ વિશે ઉતરી, તેમણે હુઝૂર ﷺને કહ્યું હતું કે, "હે મુહમ્મદ (ﷺ) તમે અમારા મરી ગએલા લોકોને ઉઠાડી લાવો, અમે તેમને પૂછી લઈએ કે તમે જે કંઈ કહો છો તે સત્ય છે કે નહીં ? અને અમને ફરિશ્તા દેખાડો, જે તમારા રસૂલ હોવાની સાક્ષી આપે, અથવા અલ્લાહને અને ફરિશ્તાઓને અમારી સામે લાવો" એના જવાબમાં આ આયત ઉતરી.

**૨** : તેઓ હતભાગી છે.

**૩** : તેની જે મરજી હોય છે તે જ થાય છે, જેઓ તેના જ્ઞાનમાં ભાગ્યશાળી છે તેઓ ઈમાન દ્વારા શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે.

**૪** : નથી જાણતા કે એ લોકો એવી નિશાનીઓ બલ્કે એનાથી વધારે દેખીને પણ ઈમાન લાવનાર નથી. *(જુમલ અને મદારિક)*

**૫** : એટલે કે વસવસાઓ અને છેતરપિંડીની વાતો, અવળા માર્ગે દોરી જવા ખાતર.

**૬** : પરંતુ અલ્લાહ તઆલા પોતાના બંદાઓમાંથી જેને ઈચ્છે છે તેને આજમાયશમાં નાખે છે જેથી મહેનત પર ધીરજ ધરવાથી એ સાબિત થઈ જાય કે તે મહાન સવાબ મેળવનાર છે.

**૭** : અલ્લાહ તેમને બદલો આપશે, ફજેત કરશે, અને આપની સહાય કરશે.

**૮** : બનાવટની વાત.

**૯** : અર્થાત કુર્આન શરીફ, જેમાં હુકમો, મનાઈ હુકમો, સારા કામોના સારા બદલાના વાયદા, ખરાબ કર્મોની સજાની ખબરો, મારા સત્ય હોવાની સાક્ષી, અને તમારા જૂઠનું બયાન છે.

**શાને નુઝૂલ** : મુશ્રિકો હુઝૂર ﷺને કહ્યા કરતા હતા કે, "તમે આપણી વચમાં એક પંચ નક્કી કરી દો." તેમના જવાબમાં આ આયત ઉતરી.

**૧૦** : કારણ કે તેમની પાસે એની દલીલો છે.

**૧૧** : ન કોઈ તેના ફેંસલાને બદલનાર, ન કોઈ તેના હુકમને રદ બાતલ કરનાર, અને ન તેનો વાયદો ભંગ થઈ શકે.

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા—માસિક)*

### હુઝૂર ﷺ પર દુરૂદ શરીફની ફઝીલત

*"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મહાન કંજૂસ તે છે જેની પાસે મારો ઝિક્ર થાય અને તે મારા પર દુરૂદ ન પઢે[૧]. (તિર્મિઝી) અહમદે હુસૈનથી રિવાયત કરી અને તિર્મિઝીએ કહ્યું, આ હદીષ હસન સહીહ ગરીબ છે.[૨]"*

**૧.** કેમ કે દુરૂદમાં કાંઈ ખર્ચ તો થતો નથી અને સવાબ ઘણો બધો મળી જાય છે. આ સવાબથી મેહરૂમી ઘણી જ બદનસીબી છે. આ હદીષથી જાણવા મળ્યું કે જ્યારે પણ હુઝૂરનું નામ સાંભળે અથવા પઢે તો દુરૂદ શરીફ જરૂર પઢે કે એ મુસ્તહબ છે.

**૨.** એટલે કે અમુક અસ્નાદોથી મરવી છે. અમુક અસ્નાદમાં હસન છે, અમુકમાં સહીહ અમુકમાં ગરીબ છે.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે મારી કબ્રની પાસે મારા પર દુરૂદ પઢશે, હું સાંભળીશ અને જે દૂરથી મારા પર દુરૂદ પઢશે, મને પહોંચાડવામાં આવશે."*
*(બયહકી, શોઅબુલ ઈમાન)*

**૧.** એટલે કે રોઝાએ અત્હર પર દુરૂદ પઢનારનું દુરૂદ વિના વાસ્તાએ સાંભળુ છું અને દૂરથી પઢવાવાળાનું દુરૂદ સાંભળુ પણ છું અને પહોંચાડવામાં પણ આવે છે. કેમ કે અહીં દૂરનું દુરૂદ સાંભળવાનો નકાર નથી. સૂફીઓ ફર્માવે છે કે મહોબ્બતવાળો દુરૂદખ્વાં દૂર પણ હોય તો રોઝએ પાકથી નજીક છે, અને મહોબ્બતથી ખાલી નજીક હોય તો પણ દૂર છે. એમને ત્યાં હદીષનો મતલબ એ છે કે દિલીકુર્બ (નઝદીકી)વાળાઓનું દુરૂદ હું જાતે મહોબ્બતથી સાંભળું છું. શુષ્ક લોકોનું દુરૂદ ફરિશ્તા ડયૂટી અદા કરવા ખાતર પહોંચાડી તો દે છે, પણ હું ધ્યાનપૂર્વક સાંભળતો નથી. આ વિષયની એક હદીષ દલાઈલુલ ખયરાત શરીફની પ્રસ્તાવનામાં છે, જેમાં ફર્માવ્યું : "اَسۡمَعُ صَلٰوۃَ اَهۡلِ مَحَبَّتِیۡ" الخ આ હદીષની સ્થિતિ બિલકુલ જાહેર છે, નહીં તો જે મહબૂબ હજારો મણ માટીના હિજાબથી દુરૂદ સાંભળી લે તે દૂરથી દુરૂદ કેમ ન સાંભળે ?!

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે જે નબી ﷺ પર એકવાર દુરૂદ પઢશે તો એના પર અલ્લાહ તથા ફરિશ્તા સિત્તેરવાર દુરૂદ મોકલશે.[૧]" (અહમદ)*

**૧.**અહીં જુમ્આના દિવસનું દુરૂદ મુરાદ છે, કેમ કે જુમ્આની એક નેકી સિત્તેરના બરાબર હોય છે. એટલા માટે **જુમ્આનો હજ હજ્જે અકબર કહેવાય છે અને એનો સવાબ સિત્તેર હજના બરાબર** છે. હદીષોમાં અન્ય

દિવસોના દુરૂદનું વર્ણન છે જેથી હદીષોમાં ટકરાવ નથી. આ હદીષ જો કે મૌકૂફ છે પણ મરફૂઅના હુકમમાં છે કયાસને દખલ નથી.

*"હઝરત રુવૈફેઅ رضی اللہ عنہ થી[1] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે હુઝૂર મુહમ્મદ પર દુરૂદ પઢે અને કહે, ઈલાહી ! એમને કયામતના દિવસે તારા કુર્બના ઠેકાણે ઉતાર.[2] તો એના માટે મારી શફાઅત જરૂરી થઈ ગઈ." (અહમદ)*

**૧.** આપનું નામ રુવૈફેઅ ઈબ્ને ષાબિત અન્સારી છે. આપને અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ તરાબુલ્સના હાકિમ બનાવ્યા અને આપે આફ્રિકા પર હિ.સ. ૪૭માં જેહાદ કર્યો અને આપ હિ.સ. ૫૬માં રુકકામાં વિસાલ પામ્યા.

**૨.** એ ઠેકાણાથી મુરાદ ક્યાં તો મકામે મહમૂદ છે જે અર્શની જમણી બાજુ છે જ્યાં હુઝૂર જલ્વાગર થશે અને સર્વ આલમ આપની હમ્દ કરશે. અથવા મકામે વસીલા છે જે જન્નતમાં ઉચ્ચ મકામ છે. આ બંને મકામ હુઝૂર પુરનૂર શાફએ યૌમુન્નુશૂરના માટે નામઝદ (હુઝૂરના નામે) થઈ ચૂક્યાં છે. હવે હુઝૂર ﷺ ના માટે એમની દુઆ કરવી એ હકીકતમાં પોતાના માટે રબથી દુઆ કરવું કે અમને હુઝૂર ﷺ ની શફાઅતના હકદાર બનાવ.

*"હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ તશરીફ લઈ ગયા, ત્યાં સુધી કે એક બાગમાં પહોંચ્યા તો ઘણો લાંબો સજદો કર્યો.[1] ત્યાં સુધી કે મને ડર લાગ્યો કે અલ્લાહ તઆલાએ આપને વફાત આપી દીધી હોય. ફર્માવ્યું કે હું આવીને જોવા લાગ્યો તો આપે માથુ ઉઠાવ્યું. ફર્માવ્યું, શું છે ?! તો મેં એ અર્ઝ કર્યું.[2] ત્યારે ફર્માવ્યું કે જિબ્રઈલ علیہ السلام એ મને ફર્માવ્યું કે હું તમને એ ખુશખબરી ન આપું કે અલ્લાહ આપને ફર્માવે છે, જે આપના પર દુરૂદ મોકલશે હું તેના પર રહમત કરીશ, અને જે આપના પર સલામ કહેશે હું એના પર સલામ મોકલીશ.[3]"(અહમદ)*

**૧.** સજદાથી મુરાદ ક્યાં તો નફલનો સજદો છે અથવા અલગ મુસ્તકિલ સજદો. બીજો અર્થ અધિક જાહેર છે.

**૨.** એટલે કે પોતાના દિલનો અંદેશો. યાદ રાખશો કે અંબિયાએ કિરામના માટે આવી હાલતમાં વફાત પામી જવું અને સજદામાં રોકાય રહેવું, પડી ન જવું એ આશ્ચર્યનો સબબ નથી. સુલૈમાન علیہ السلام ની વફાત નમાઝના કયામમાં થઈ અને એક લાઠીના સહારે આપ છ મહિના અથવા એક વરસ ઉભા રહ્યા. જેથી એ સહાબીના આ ખયાલ પર કોઈ વાંધો નથી.

**૩.** ગાલિબ એ છે કે રબની રહ્મત મોકલવાથી મુરાદ દસ રહમતો છે અને એના સલામથી મુરાદ દસ સલામ જેવું છે, કે પાછલી હદીષોમાં વર્ણન થઈ ચૂક્યું. એ હદીષો આની શરહ છે.

*"હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે **દુઆ આસ્માન તથા જમીનની વચ્ચે અધ્ધર રહે છે એનાથી કોઈ ચીજ ચઢતી નથી ત્યાં સુધી કે તમે તમારા નબી ﷺ પર દુરૂદ મોકલો.**[1]" (તિર્મિઝી)*

**૧.** હઝરત ઉમરનો આ કૌલ પોતાની રાયથી નથી બલ્કે હુઝૂર ﷺ થી સાંભળીને છે, કેમ કે આ વાતો કેવળ રાયથી નથી કહી શકાતી. એનાથી જાણવા મળ્યું કે **દુરૂદ દુઆની કબૂલિયત બલ્કે બારગાહે ઈલાહીમાં પેશ થવાનો ઝરીયો છે.** (શેઅર) مور مسکین ہوسی داشت کہ در کعبہ رسید دست دریائے کبوتر زود ناگاہ رسید

**અર્થાત** : "અને કીડી જો કા'બાનો તવાફ ચાહે તો કબૂતરના પગો સાથે લપેટાઈ જાય, દુઆ જો કુર્બે ઈલાહીનો તવાફ ચાહે તો હુઝૂર ﷺ ના કદમથી લપેટાય."

અમુક તફસીરકારો કહે છે કે કલામ જ્યારે સંપૂર્ણ છે તો તે ફેરબદલ અને ઉણપની ગુંજાઈશવાળુ નથી. અને તે કયામત સુધી વધારા ઘટાડા અને ફેરફારથી જળવાએલું છે, અમુક તફસીરકારો કહે છે કે, અર્થ એ છે કે કોઈની તાકત નથી કે કુર્આન મજીદમાં વધારો ઘટાડો કરી શકે કારણ કે અલ્લાહ તઆલા એની હિફાઝતનો જામીન છે.

*(તફસીરે અબૂસ્સઉદ)*

**૧૨ :** પોતાના જાહિલ અને ભટકેલા બાપદાદાઓના પગલે ચાલે છે, આંતરિક દ્રષ્ટિ અને સત્યની ઓળખથી વંચિત છે.

**૧૩ :** કે આ હલાલ છે અને આ હરામ, અને ધારણાથી કોઈ વસ્તુ હલાલ હરામ થતી નથી. જેને અલ્લાહ અને તેના રસૂલે હલાલ કર્યું તે હલાલ છે, અને જેને હરામ કર્યું તે હરામ.

**૧૪ :** એટલે કે જે અલ્લાહના નામ પર ઝબહ કરાયું, ન તે જે પોતાના મૃત્યુથી મર્યું અથવા મૂર્તિઓના નામ પર ઝબહ કરાયું, તે હરામ છે. હલાલ થવાનો સંબંધ અલ્લાહના નામ પર ઝબહ થવા સાથે છે. આ મુશ્રિકોના તે વાંધાનો જવાબ છે જે તેમણે મુસલમાનો સામે લીધો હતો કે, તમે તમારું પોતાનું મારેલું તો ખાઓ છો અને અલ્લાહનું મારેલું એટલે કે પોતાના મૃત્યુથી મર્યું તેને હરામ જાણો છો.

**૧૫ :** જે ઝબહ કરેલા જાનવર પર.

**૧૬, મસ્અલો :** આથી સાબિત થયું કે હરામ વસ્તુઓનું વિગતવાર બયાન થાય છે. અને હરામ સાબિત કરવા હરામનો હુકમ આવશ્યક છે. અને જે વસ્તુ માટે શરીઅતમાં હરામનો હુકમ ન હોય તે મુબાહ છે (તેના કરવામાં ગુનોહ નથી)

**૧૭ :** તો લાચારીના સમયે જરૂર જેટલાની છૂટ છે.

**૧૮ :** ઝબહ વખતે વાસ્તવમાં પણ નહીં અને માન્યતામાં પણ નહીં. પછી તે એવી રીતે હોય કે જાનવર પોતાના મૃત્યુથી મરી ગયું હોય અથવા તેને અલ્લાહ સિવાય અન્યના નામથી ઝબહ કરાયું હોય અથવા બિસ્મિલ્લાહે અલ્લાહુ અકબર જાણી જોઈને બોલ્યા વગર ઝબહ કર્યું હોય. પણ જ્યાં મુસલમાન ઝબહ કરનાર બિસ્મિલ્લાહે અલ્લાહુ અકબર બોલવાનું ભૂલી ગયો હોય તો તે ઝબહ જાઈઝ છે. ત્યાં એ બોલવાનું તકદીરી (તેની માન્યતામાં) છે. જેવું કે હદીષ શરીફમાં ચર્ચાયું છે.

**૧૯ :** અને અલ્લાહના હરામ કરેલાને હલાલ જાણો.

**૨૦ :** કારણ કે દીનમાં અલ્લાહના હુકમને છોડવો અને બીજાના હુકમને માનવો અને અલ્લાહ સિવાય અન્યને હાકેમ સમજવો એ શિર્ક છે.

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન**

(ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૫૦૦/-** (ટપાલ ખર્ચ રૂા.૧૦૦ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
**C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા,**
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# શરહે હ઼દાઈક઼ે બખ્શિશ
ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

## (નઅત શરીફ : ૭૯)

**વહી રબ હૈ જિસને તુઝકો હમાતન કરમ બનાયા**
**હમેં ભીક માંગનેકો તેરા આસ્તાં બતાયા**

*(હમાતન = આખુ શરીર, સંપૂર્ણપણે. કરમ = બખ્શિશ, સખાવત. આસ્તાં = ચોખટ, દરવાજો)*

**અર્થાત** : હે પ્યારા આક઼ા તથા મૌલા ! અમારો પરવરદિગાર તો બસ તે જ એકલો રબ્બુલ આલમીન છે જેણે આપને સરાપા કરમ તથા સંપૂર્ણપણે બખ્શિશ તથા અતા બનાવ્યા છે અને એ વહદહૂ લાશરીકે અમને કરમની ખૈરાત, ગુનાહોની બખ્શિશ તથા શફાઅતની ભીખ માગવા માટે આપની બારગાહનો રસ્તો દેખાડયો છે. وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْۤا اَنْفُسَهُمْ جَآءُوْكَ "જો તેઓ જાનો પર જુલ્મ કરી બેસે તો બખ્શિશના માટે હે મહબૂબ ! આપની બારગાહમાં આવી જાય." *(સૂ. નિસાઅ્, ૪/૬૪)* તેમજ ફર્માવ્યું, وَاَمَّا السَّآئِلَ فَلَا تَنْهَرْ "અને માંગનારાને ન તતડાવો." *(સૂ. દુહા, ૯૩/૧૦)* એટલે કે એને અલ્લાહના આપેલા ખજાનાઓમાંથી અતા કરો. હે અલ્લાહ ! હમ્દ (પ્રશંસા)ને લાયક તો કેવળ તારી જ જાત છે.

*ષના ગો પત્તા પત્તા હે ખુદાયા દમ બદમ તેરા – ઝમીનો આસ્માં તેરે હૈં મૌજૂદો અદમ તેરા*
*જો દુન્યામેં તેરા ખાકર તેરે શિકવે કરેં યા રબ ! – તઅજ્જુબ હૈ કે ઉન પર ભી રહે લુત્ફો કરમ તેરા*

**અર્થાત** : આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہની આ નઅતના આ પ્રથમ શેઅરમાં હમ્દે ખુદા તથા નઅતે મુસ્તફાને જે હસીન અંદાઝમાં તૌહીદ તથા રિસાલતના તફાવતને યથાવત રાખીને જમા કરવામાં આવેલ છે એ આપનો જ હિસ્સો છે. અને અહલે સુન્નતના વિરોધીઓના મોઢા પર એક જોરદાર તમાચો છે જેઓ દિવસ રાત એવું કહેતાં નથી થાકતા કે, "સુન્ની લોકો અલ્લાહ તઆલાની હમ્દ તો પઢતા નથી, કેવળ નઅતો પર જ જોર દીધા કરે છે." જોર એટલા માટે આપીએ છીએ કે તમે જે નઅતોના મુન્કિર થઈ ગયા છો ! અને અમો તે છીએ કે હમ્દે ખુદા જો અમારું ઈમાન છે તો નઅતે મુસ્તફા અમારા ઈમાનની જાન છે. અમે કેવળ તૌહીદ (રિસાલતના ઉલ્લેખ વિના)ના માનનારા નથી, બલ્કે તૌહીદનો દમ પણ ભરીએ છીએ અને શાહકારે રિસાલતનું નામ પણ જપીએ છીએ.

આપણા બુઝુર્ગોએ તૌહીદ તથા રિસાલત અને હમ્દે ખુદા તથા નઅતે મુસ્તફાને એવા ખૂબસૂરત અંદાઝમાં વર્ણન કર્યું છે કે નઝમ તથા નષર (ગદ્ય તથા પદ્ય)માં એનું દષ્ટાંત કોઈ શું રજૂ કરશે ?! જુઓ "તફસીરે નઈમી"નો

તદ્દન પહેલો પારો અને તેનો પ્રથમ જ પેરેગ્રાફ, મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہએ કેટલા સુંદર અંદાઝમાં હમ્દ તથા નઅતનો ગદ્યમાં હસીન ગુલદસ્તો ભેગો કર્યો છે.

**હમ્દ તથા દુરૂદ :** હમ્દ છે તે અલ્લાહ ﷻને જેણે હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺને પેદા કર્યા. દુરૂદ હજો હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ પર જેમણે અલ્લાહને જાહેર ફર્માવ્યો. હમ્દ તે અલ્લાહ તઆલાને જેણે અમને ઈન્સાન બનાવ્યા, દુરૂદ હજો એ મુસ્તફા ﷺ પર જેમણે આપણને મુસલમાન કર્યા. હમ્દ છે તે રબ્બે કરીમની જેણે આપણને બોલતાં શીખવાડ્યું, દુરૂદ હજો એ નબી રઊફો રહીમ પર જેણે આપણને કલમો પઢાવ્યો. હમ્દ છે તે રબ્બે બેનિયાઝને જેણે આપણને ઈમાન આપ્યું, દુરૂદ થજો તે સાહિબે તખ્તો તાજ પર જેણે આપણને કુર્આન આપ્યું. હમ્દ છે એ માલિકિ યૌમિદ્દીનના માટે જેણે જમીન પર ઈન્સાન વિખેર્યા, દુરૂદ હજો એ શાહે અર્શનશીન પર જેણે એ વિખેરાયેલા માનવોને ભેગા કર્યા. હમ્દ છે એ રબને જેણે રંગબેરંગી માનવ બનાવ્યા, દુરૂદ થજો એ નબી ﷺ પર જેણે એમને મુસલમાન બનાવીને એકરંગી કરી દીધા.

*સિબ્ગતુલ્લાહ હસ્ત રંગ ખુમ ઊ – હસ્તહા યક રંગ ગરદદ અંદર ઊ*

હમ્દ છે તે રબને જેણે આપણને બુધ્ધિ તથા હોશ આપ્યાં, દુરૂદ હજો એ નબી પર જેણે આપણને જામે ઈર્ફાન વડે મતવાલા તથા મદહોશ કર્યા. હમ્દ છે તે રબને જેણે નબુવ્વતના આસ્માન પર વિવિધ તારા ખિલવ્યા, દુરૂદ થજો આફતાબે રિસાલત પર જેણે પોતાના દામને નૂરમાં સર્વ તારાઓ છુપાવ્યા. હમ્દ તે જબ્બાર તથા કહહારને જેણે જહન્નમ ભડકાવી, દુરૂદ તે શફીએ રોઝે શુમાર પર જેણે એ ભડકતા જહન્નમને બુઝાવ્યો. હમ્દ છે તે સત્તાર તથા ગફ્ફાર માટે જેણે દારુલ ખુલ્દ (જન્નત) બનાવી, દુરૂદ હજો એ મદની સરકાર પર જેણે દારુલ ખલા વસાવ્યું. હમ્દ છે તે ખાલિક઼ને જેનાથી સૌની શરૂઆત થઈ, દુરૂદ થજો એ ખાતિમ પર જેના પર સૌનો અંત છે. દુરૂદ થજો એ નબી પર જેણે ફર્માવ્યું : لَا اِلٰهَ اِلَّا اللّٰهُ (લાઈલાહ ઈલ્લલ્લાહ), હમ્દ એ અલ્લાહને જેણે ફર્માવ્યું : مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ (મુહમ્મદુર્રસૂલુલ્લાહ) جل جلالہٗ و صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَصَحْبِهٖ وَبَارَكَ وَسَلَّمَ

**અન્ય અંદાઝમાં હમ્દો ષના :** આ હમ્દ તથા નઅતના અંદાઝને પદ્ય (કવિતા)ના અંદાઝમાં જુઓ, જ્યારે કે હક઼ીક઼તમાં આ નઝમ નથી પણ નઝમ (કવિતા)ની લિજ્જત તથા ચાસણી એમાં આપને જરૂર મળશે.

*હમ્દો ષના ઉસ્કે લિયે જો ખાલિકે મુસ્તફા હૈ–સલાતો સલામ ઉસ પર જો હબીબે કિબ્રિયા હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો રબ્બુલ આલમીન હૈ–સલાતો સલામ ઉસ પર જો રહમતુલ્લિલ આલમીન હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો માલિકે યૌમિદ્દીન હૈ–સલાતો સલામ ઉસ પર જો શફીઉલ મુઝનબીન હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો અહસનુલ ખાલિક઼ીન હૈ–સલાતો સલામ ઉસ પર જો ખાતમુન્નબીય્યિન હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો અહકમુલ હાકિમીન હૈ–સલાતો સલામ ઉસ પર જો રઊફો રહીમ હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો ગફૂરો રહીમ હૈ–સલાતો સલામ ઉસ પર જો અલા ખુલુક઼િન અઝીમ હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો અલીય્યુલ અઝીમ હૈ–સલાતો સલામ ઉસ પર જો કાફ્ફતુલ્ લિન્નાસ હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો અલીમુન્ ક઼દીર હૈ–સલાતો સલામ ઉસ પર જો સિરાજમ્મુનીર હૈ*
*હમ્દો ષના ઉસ્કે લિયે જો સમીઉમ્બસીર હૈ–સલાતો સલામ ઉસ પર જો બશીરો નઝીર હૈ*

હમ્દો ષના ઉસ્કે લિયે જો ગફુરુન શકૂર હૈ–સલાતો સલામ ઉસ પર જો જાઅકુમ મિનલ્લાહિ નૂર હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો સાહિબે ફઝ્લે અઝીમ હૈ–સલાતો સલામ ઉસ પર જો મહબતે ફઝ્લે અઝીમ હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો રહીમો વદૂદ હૈ–સલાતો સલામ ઉસ પર જો સાહિબે મક઼ામે મહમૂદ હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો રહીમો રહમાન હૈ–સલાતો સલામ ઉસ પર જો સાહિબે કુ઼ર્આન હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે والضّحیٰ واللّیل اِذَا سجٰی–સલાતો સલામ ઉસ પર જિસકે લિએ یُعْطِیْكَ رَبُّكَ فَتَرضٰی હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો ફર્માએ وَجْهِكَ فِی السَّمآء–સલાતો સલામ ઉસ પર જિસકે લિએ قبلۃً ترضٰھاَ હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે ફર્માએ مَا ینطق عن الھویٰ–સલાતો સલામ ઉસ પર જિસકે લિએ اِلَّا وَحْیٌ یُّوحیٰ હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે ફર્માએ سُبْحَانَ الَّذِی اَسْریٰ–સલાતો સલામ ઉસ પર જિસકે લિએ لِنُرِیَهٗ مِنْ اٰیٰتِنَا હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે ફર્માએ ثُمَّ دَنَا فَتَدَلّٰی–સલાતો સલામ ઉસ પર જિસકે લિએ قَابَ قَوسَینِ اَوْادنیٰ હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે ફર્માએ مَازَاغَ البَصَرُ وَمَا طغٰی–સલાતો સલામ ઉસ પર જિસકે લિએ مَا کَذَبَ الفُؤَادُمارایٰ હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે ફર્માએ فَاَوحیٰ اِلیٰ–સલાતો સલામ ઉસ પર જિસકે લિએ عبدِہٖ مَا اَوحیٰ હૈ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે ફર્માએ اَلَمْ نَشْرَح لَكَ صدرَك–સલાતો સલામ ઉસ પર જિસકે લિયે وَرَفَعْنَا لَكَ ذِکْرَكَ
હમ્દો ષના ઉસ્કે લિયે જો કહે ફર્માએ فَلَا وَرَبِّكَ–સલાતો સલામ ઉસ પર જિસકે લિયે لَعَمْرُكَ
હમ્દો ષના ઉસ્કે લિયે જિસ્કે આગે ઝુકે મુસ્તફા–સલાતો સલામ ઉસ પર જિસ પર સલાત ભેજે ખુદ ખુદા
હમ્દો ષના ઉસ્કે લિયે જો નામસે ઈબ્તિદા–સલાતો સલામ ઉસ પર જિસકે નામ પે હૈ ઈન્તિહા
હમ્દો ષના ઉસકે લિયે જો ફર્માએ مُحَمَّدٌ رَّسُوْلُ اللهِ–સલાતો સલામ ઉસ પર જો ફર્માએ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ

પરંતુ હમ્દનો વિષય ત્યાં સુધી સંપૂર્ણ નથી થતો જ્યાં સુધી કે તે હમ્દવાળા રબ્બુલ આલમીનના પ્યારા હબીબ રહમતુલ્ લિલ્આલમીનની બાબરકત ખૂબીઓનું વર્ણન ન કરવામાં આવે અને લોકોને એ ન બતાવવામાં આવે કે :–

- ❑ مَا وَقَعَ ظِلُّهٗ عَلَی الْاَرْضِ قَطُّ કદી આપનો સાયો જમીન પર નથી પડયો. (ﷺ)
- ❑ مَا ظَهَرَ بَوْلُهٗ عَلَی الْاَرْضِ قَطُّ કદી આપનો પેશાબ જમીન પર જાહેર નથી થયો. (ﷺ)
- ❑ لَمْ یَقَعْ عَلَیْهِ الذُّبَابُ قَطُّ કદી આપના પર માખી નથી બેઠી. (ﷺ)
- ❑ لَمْ یَحْتَلِمْ......قَطُّ કદી આપને એહતેલામ નથી થયો. (ﷺ)
- ❑ لَمْ یَتَثَاَوَبْ قَطُّ કદી આપને બગાસુ નથી આવ્યું. (ﷺ)
- ❑ لَمْ تَهْرِبْ مَنْهُ دَابَّةٌ قَطُّ કદી આપનાથી જાનવર નથી ભાગ્યું. (ﷺ)
- ❑ وُلِدَ مَخْتُوْناً આપ ખત્ના થયેલા પેદા થયા. (ﷺ)
- ❑ تَنَامُ عَیْنَاهُ وَلَا یَنَامُ قَلْبُهٗ આપની આંખો સૂએ છે પણ દિલ કદી નથી સૂતુ. (ﷺ)
- ❑ کَانَ یَنْظُرُ مَنْ وَّرَائِهٖ کَمَا یَنْظُرُ مِنْ اَمَامِهٖ આપ જેવું આગળ જોતા હતા એવું જ પાછળ જોતા હતા. (ﷺ)

❑ اِذَا جَلَسَ بَیْنَ قَوْمٍ کَانَتْ کَتِفَاهُ اَعْلٰی مِنْهُ જ્યારે આપ કોઈ મજલિસમાં બેસતા તો આપ સૌથી ઉચ્ચ જણાતા. (ﷺ)

(صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَصَحْبِهٖ وَبَارَكَ وَسَلَّمَ) *(જવાહિરૂલ બિહાર, પેજ-૯૬૭)*

*તેરી સૂરત તેરી સીરત ઝમાનેસે નિરાલી હૈ – તેરી હર હર અદા પ્યારે દલીલે બે મિષાલી હૈ*

હુઝૂર ﷺની અન્ય હજારો વિશિષ્ટતાઓને જો ન પણ જુઓ તો પણ ઉપરની દસ વિશિષ્ટતાઓ જ એ ફૈંસલો કરવા પૂરતી છે કે : બળે બેઅદબ ઔર ગુસ્તાખ હૈં જો–તુઝે અપને જૈસા બશર દેખતે હે ! અમારો તો તાલિબે ઈલ્મ મદ્રસામાં દાખલ થાય છે તો તેને પ્રથમ સબક઼ જ હમ્દે બારી તઆલાનો આ આપવામાં આવે છે :

کریما بہ بخشائے برحال ما۔کہ ہستم اسیر کمند ہوا

نداریم غیر از تو فریاد رس۔توئی عاصیاں را خطا بخش وبس

نگہداً مارا زراہِ خطا۔خطا در گزار و صوابم نما

**અર્થ** : હે કરીમ તું અમારા હાલ પર રહમ કર ! હું નફ઼સના શિકંજાનો કેદી છું. અમારો તારા સિવાય કોઈ મદદગાર નથી, તું જ ગુનેહગારોના ગુનાહ માફ઼ કરનાર છે. અમને બુરા રસ્તાથી બચાવ, ભૂલ માફ઼ કર અને સીધો માર્ગ દેખાડ.

પરંતું અમે આટલેથી સંતોષ માનવાનુ પૂરતુ નથી સમજતા, કેમ કે આટલુ તો દરેક કહી લે છે, બીજાઓથી તથા અમારી રાહો ત્યારે અલગ થઈ જાય છે જ્યારે તૌહીદના પર્દામાં તે કેવળ એટલુ જ પૂરતુ સમજે છે, અમે સાથે આ પણ જરૂરી સમજીએ છીએ કે :–

زباں تابود در دھاں جائے گیر ۔ ثنائے محمد بود دل پذیر

سوار جہانگیر یکراں براق ۔ کہ بگذشت از قصر نیلی رواق

حبیب خدا اشرف انبیاء ۔ کہ عرش مجیدش بود متکا

**અર્થ** : "જ્યાં સુધી મોઢામાં જીભ રહે નબી કરીમ ﷺની પસંદીદા તારીફ઼ થતી રહે. તેજ ગતિવાળા બુર્રાકની સવારી કરનારા બાદશાહ જે ભૂરા રંગની છતવાળા મહેલ (આસ્માન)થી પણ આગળ સુધી પહોંચી ગયા. અલ્લાહના હબીબ અંબિયાએ કિરામમાં સૌથી ઉત્તમ કે અર્શે મજીદ જેમની ટેક બની.

એનું કારણ એ છે કે જ્યારે અલ્લાહ તઆલાએ દરેક જગાએ પોતાના મહબૂબ ﷺને પોતાની સાથે રાખ્યો (નમાઝ, અઝાન, ખુત્બો, ઈક઼ામતમાં) અને એવું ફ઼ર્માવી આપ્યું છે :

ان الذین یکفرون باللّٰه ورسله ویریدون ان یفرقوا بین اللّٰه ورسله કે અલ્લાહ તઆલા તથા તેના રસૂલોમાં જુદાઈ પાડવી અને તેમને એકબીજાના ગૈર જાણીને નબીઓને ખુદાની સરખામણીમાં ખડા કરવા જેમ કે આપણા દૌરમાં નામ માત્રના (મુવહ્હિદ) કરે છે. એ કાફિરોનું કૃત્ય છે. અને وَالضُّحٰی۔ وَالَّیْلِ اِذَا سَجٰی۔ وَالتِّیْنِ وَالزَّیْتُوْنِ۔ لا اقسم بهذا البلد۔ یا ایها المزمل જેવી સેંકડો કુર્આની આયતોનો તક઼ાઝો એ છે કે :–

*મન્શા યહી હૈ સિલસિલએ કીલો કાલ કી–હોતી રહે તા'રીફ તેરે હુસ્નો જમાલ કી*

આપણા મોઢામાં જીભ કેવળ ખુદાની હમ્દ કરીને ગુંગી થઈ જવા માટે નથી બલ્કે હમ્દ પછી :

*દી ઝબાં હક્કને ષનાએ મુસ્તફાકે વાસ્તે–દિલ દિયા હુબ્બે હબીબે કિબ્રિયાકે વાસ્તે*
*જાનવર પૈદા કિયે તેરી વફાકે વાસ્તે – ખેતિયાં સર સબ્ઝ કીં તેરી ગિઝાકે વાસ્તે*
*ચાંદ સૂરજ ઔર સિતારે હૈં ઝિયાકે વાસ્તે–સબકુછ હૈ તેરે લિયે ઔર તૂ ખુદા કે વાસ્તે*

**દરેક ચીજ અલ્લાહ તઆલાની હમ્દ કરે છે :–**

وَمَا فِی الْاَرْضِ لِلّٰہِ مَا فِی السَّمٰوٰتِ - وان من شئ الا یسبح بحمدہ હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہએ એકવાર એક પોપટને પકડયો તો તેણે જોર જોરથી ચીસો પાડવાનુ શરૂ કરી આપ્યું. આપને દયા આવી ગઈ તો આપે તેને છોડી મૂક્યો. તો પોપટ બોલીને કહેવા લાગ્યો, આજે મેં મારા અલ્લાહની તસ્બીહ નથી કરી અને આજે જ પકડાઈ ગયો છું.

**સવાલ** : જો કોઈ કહે કે જ્યારે કે દરેક ચીજ અલ્લાહ તઆલાની તસ્બીહ તથા હમ્દ કરે છે તો બેજાન ચીજોની હમ્દ તથા તસ્બીહ કરવાનો અવાજ આપણને કેમ નથી સંભળાતો ?

**જવાબ** : આ આપણા ઈમાનની કમજોરી તથા આપણી પોતાની અપાત્રતા જ હોય શકે છે, નહીં તો હદીષ શરીફમાં છે કે સહાબાએ કિરામ ફર્માવે છે : ''અમે જે પ્યાલામાં ખાણુ ખાતા હતા. એનાથી અલ્લાહ તઆલાની તસ્બીહનો અવાજ પણ સાંભળતા હતા.'' (કેમ કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે કોઈ ખાણુ ખાઈને વાસણ સાફ કરશે, تستغفر لہ القصعہ પ્યાલો એના માટે મગફિરતની દુઆ કરશે. આ ઈસ્તિગફારનો અવાજ સહાબાએ કિરામ સાંભળતા હતા.) અથવા એટલા માટે આપણે નથી સાંભળી શકતા જેથી ગાઈબ પર ઈમાનનો સવાબ મળતો રહે.

અથવા એટલા માટે કે હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہએ એકવાર ખયાલ કર્યો કે જ્યારે દરેક ચીજ અલ્લાહ તઆલાની તસ્બીહ કરે છે તો આપણે સાંભળી કેમ નથી શકતા ?! જેથી ઈસ્તિંજો કરવા માટે જે ઢેફુ પકડતા એનાથી અલ્લાહ અલ્લાહનો અવાજ આવવા લાગતો. અને દિલમાં ઈલ્કાઅ્ થયો કે હવે સમજી ગયા અવાજ કેમ નથી આવતો ?! જેથી તમારી રોજનીશી સારી રીતે ચાલતી રહે.

*હમ્દ કે હૈં હઝારહા ઉન્વાન – હાફિઝે બેહુનર સે ક્યા હો બયાં*

સાબિત થયું કે દરેક ચીજમાં જલ્વા એ જ જાતના છે, એ અલગ વાત છે કે તે જલ્વાવાળો જોવા નથી મળતો. કેમ કે તે જાત ન નજરમાં આવે છે ન સમજમાં. બસ ! આ જ એની પેહચાન છે.

*તૂ દિલમેં તો આતા હૈ સમઝમેં નહીં આતા – બસ જાન ગયા મૈં તેરી પહચાન યહી હૈ*

જ્યારે આંધી ચાલે છે તો ઘાસ પાંદડાં ઉડતાં જોવા મળે છે પણ તેમને ઉડાડનારી હવા જોવા નથી મળતી. જો હવા દેખાવા માંડે તો ઘાસપાંદડાંને કોણ જોશે, અને જો હયાતનું કારખાનુ ચલાવનારી જાત નજર આવી જાય તો આ બિચારી દુનિયાની તરફ કોણ ધ્યાન કરશે ?! પરંતું કેમ કે અલ્લાહે એક મુદ્દત સુધી દુનિયાને ચલાવવાની છે એટલા માટે પોતાની જાતને છુપા પર્દામાં રાખી અને જોયા વિના પોતાની હમ્દ કરવાનો હુકમ આપી દીધો અને એનાથી કોઈને ઈન્કાર પણ ન થશે. –*(ક્રમશઃ)*

# ફવાઈદુલ ફવાદ

## દિલોના ફાયદા

ભાગ-૧ (૩૪ મજલિસો)

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### (અઢારમી મજલિસ)

### ★ નફ્લી રોઝા સંબંધી વર્ણન ★

એ જ વરસે માહે માહે જમાદિયુલ આખરની ૧૩મી તારીખ જુમેરાતે ક઼દમબોસીની દોલત હાંસલ થઈ. રોઝાની ચર્ચા ચાલી રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે, એક રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ ﷺ દર મહીને ત્રણ દિવસના રોઝા રાખતા હતા. અલ્બત્ત ! એ માલૂમ નથી કે તે ત્રણ દિવસ કયા છે ? એના બાદ ફર્માવ્યું કે દુરવશીના આદાબ એ છે કે ૧/૩ વરસ રોઝા રાખવામાં આવે એટલે કે એક વરસમાં ચાર મહીના. ત્યાર બાદ ફર્માવ્યું કે એની વહેંચણી કરવામાં આવી છે. જે લોકો ત્રણ મહીના રોઝા રાખે છે, દસ મુહર્રમના દસ, ઝીલ હજ્જના અધિક રાખે છે અને દસ રોઝા અન્ય મોતબર્રક દિવસો અને મોસમોના રાખે છે. એ સૌ ૧/૩ વરસ બની જાય છે. ત્યાર બાદ ફર્માવ્યું કે તેની નિશ્ચિતતા એક અન્ય રીતે પણ કરે છે કે જો અઠવાડિયામાં બે દિવસ રોઝા રાખે, દા.ત. પીર (સોમવાર) તથા જુમેરાતે, તો એ રીતે પણ ૧/૩ વરસ થઈ જાય છે. પછી સાઈમુદ્ દહર (હમેશાં રોઝા રાખનાર)નો ઉલ્લેખ થયો. ઈર્શાદ થયો કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે કે જેણે હમેશાં રોઝો રાખ્યો તેણે ન રોઝો રાખ્યો ન ઈફ્તાર કર્યો. અને બીજી હદીષમાં આવ્યું છે કે જેણે હમેશાં રોઝા રાખ્યા તેના પર દોઝખ તંગ થઈ ગઈ. અને તેમણે નેવુની ગાંઠ મારી એટલે કે જહન્નમ એના પર બંધ મુઠ્ઠીની જેમ તંગ થઈ જશે. હવે આ બંને હદીષોને કેવી રીતે મુતાબિકતવાળી કરવામાં આવે ? જ્યાં એવું કહેવામાં આવ્યું છે કે જેણે હમેશાં રોઝો રાખ્યો તેણે ન રોઝો રાખ્યો ન ઈફ્તાર કર્યો. એનો અર્થ એ રીતે થશે કે જેણે સતત રોઝા રાખ્યા તો એમનામાં તે પાંચ દિવસ બંનેવ ઈદો અને ઐયામે તશરીકના પણ રાખ્યા. બસ ! એ એવું થશે કે તેણે ન રોઝા રાખ્યા અને ન ઈફ્તાર કર્યો. અને જેણે સતત રોઝા રાખ્યા પણ તે પાંચ રોઝા છોડી આપ્યા, એમાં ખાધુ પીધુ તેના પર તંગ થઈ ગઈ દોઝખ જેવી રીતે નેવુંની ગાંઠ, એટલે એ શખ્સ માટે દોઝખમાં ગુંજાઈશ હશે નહીં, જેવી રીતે કે નેવુની ગાંઠમાં કોઈ ચીજની ગુંજાઈશ નથી હોતી.

ત્યાર બાદ ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ ખૈરએ ઝબાન મુબારકથી ઈર્શાદ ફર્માવ્યો, જે સતત રોઝા રાખે છે તેને આદત પડી જાય છે અને રોઝાની તકલીફ તેના પર આસાન થઈ જાય છે. તો સવાબ એમાં વધારે થશે કે એવા રોઝા રાખે જે નફ્સ પર અધિક તકલીફદાયક હોય. અને એ રોઝાને રોઝા દાઊદી કહે છે કે એક દિવસ રોઝો રાખે એક દિવસ ઈફ્તાર કરે (ખાય પીએ.)

## (ઓગણીસમી મજલિસ)

### ★ વિવિધ નમાઝોમાં વિવિધ સૂરતો પઢવા વિશે ★

એ જ મહીનાની ઓગણીસમી તારીખે બુધવારે કદમબોસીની દોલત હાંસલ થઈ. જેવું બંદાએ જમીન પર માથુ રાખ્યું, ઈર્શાદ થયો કે ઝોહરની નમાઝ બાદ દસ રકાત નમાઝ પઢો પાંચ સલામો સાથે અને એ દસ રકાતોમાં કુર્આનની આખરી દસ સૂરતો પઢો. ત્યાર બાદ ફર્માવ્યું કે એ નમાઝને નમાઝે ખિઝર કહે છે. તેહકીક એ છે કે હઝરત ખિઝર علیہ السلامની નમાઝ છે. જે કોઈ આ નમાઝ પઢે છે તેને ખિઝર علیہ السلامથી મુલાકાત થાય છે.

ત્યારબાદ સુન્નત નમાઝોમાં સૂરતોને નિશ્ચિત કરી. સવારની નમાઝની સુન્નતોમાં સૂરએ ફાતિહા બાદ الم نشرح (અલમ નશ્રહ) અને الم تر کیف (અલમતર કયફ) અને ઝોહરની ચાર રકાતોમાંથી એકમાં સૂરત કુલ યા ઐયુહલ કાફિરુન, કુલ હુવલ્લાહુ અહદ. અને ઝોહરની બે રકાત સુન્નતમાં આયતુલ કુર્સી અને આમનર્રસૂલ. અને અસરની નમાઝની સુન્નતોમાં ઈઝાઝુલ ઝિલતિલ્ અર્દથી અલ્હાકુમુત્તકાષુર અને મગરિબની નમાઝની સુન્નતોમાં સૂરએ કાફિરૂન તથા સૂરએ ઈખ્લાસ. અને ઈશાની નમાઝમાં આયતુલ કુર્સી તથા આમર્નરસૂલ અને શહદુલ્લાહ અને કુલ અલ્લાહુમ્મ માલિકુલ મુલ્ક અને ઈશાની નમાઝની બે રકાત સુન્નતમાં કુલ યા ઐયુહલ કાફિરૂન અને ઈખ્લાસ. અને વિત્રની નમાઝમાં ઈન્ન અન્ઝલ્ના તથા સૂરએ કાફિરૂન તથા સૂરએ ઈખ્લાસ પઢે.

## (વીસમી મજલિસ)

### ★ સબ્રે જમીલ વિશે અનોખી ચર્ચા ★

એ જ મહીનાની સત્તાવીસમી તારીખે જુમેરાતે કદમબોસીની સઆદત હાંસલ થઈ. સબ્રે જમીલની ચર્ચા ચાલી રહી હતી. એ અર્થમાં કે લોકોમાં સગાંઓના મૃત્યુ પર જે લોકો સબ્ર કરે છે તેઓ મહાન કામ કરે છે એમનાથી વિરુદ્ધ કે જેઓ બેસબ્રીનું પ્રદર્શન કરે છે અને મરનારનું નામ લઈ લઈને દર્દનાક શબ્દ મોઢેથી કાઢવામાં આવે છે, એ કોઈ ચીજ નથી.

એ દરમિયાન ફર્માવ્યું કે, કહે છે હકીમ બુકરાતના વીસ પુત્રો હતા. એક જ દિવસમાં તેના વીસે વીસ પુત્રો મૃત્યુ પામ્યા, લગભગ છત એમના પડી ગઈ હતી જેથી વીસે વીસ પુત્રો મૃત્યુ પામ્યા. જ્યારે એ ખબર બુકરાતને પહોંચાડવામાં આવી તો આ દુર્ઘટના પર પોતાની તબીયતને અસ્વસ્થ ન કરી.

એના અનુસંધાનમાં હિકાયત વર્ણવી કે મજનૂને ખબર કરવામાં આવી કે લૈલા મરી ગઈ. બોલ્યો કે ધિક્કાર છે મારા પર કે એવા સાથે મેં દોસ્તી જ શા માટે કરી કે જે મરી જાય !

### ★ નેકોના તુફૈલ દુઆ કરવા વિશે ★

ત્યાર બાદ જ્યારે રાત થઈ ગઈ તો જુમ્આની રાત હતી. કોઈ સ્ત્રી ખિદમતમાં આવી અને બયઅત કરી. સ્ત્રીઓની કાબેલિયતના પરિણામ વિશે ઘણા મુદ્દા વર્ણવ્યા. એ દરમ્યાન ફર્માવ્યું કે, એક સ્ત્રી હતી. અંદરપતમાં તેમને અમ્મા પુકારતા હતા. ઘણી જ સચરિત્રવાન તથા કાબેલિયતવાળી હતી. જેમ કે ઘણીવાર શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન رحمۃ اللہ علیہની ઝબાન મુબારક પર આવ્યું કે તે સ્ત્રી એક મર્દ છે જેને સ્ત્રીના રૂપમાં મોકલવામાં આવેલ છે.

ત્યારબાદ ફર્માવ્યું કે દુરવેશ લોકો નેક સ્ત્રીઓ તથા નેક પુરૂષોની હુર્મતથી જે દુઆ માગે છે તો પ્રથમ નેક સ્ત્રીઓની દુહાઈ આપે છે, એ એતબારથી કે નેક સ્ત્રીઓ ઓછી હોય છે.

ત્યારબાદ ફર્માવ્યું કે જ્યારે સિંહ જંગલથી નીકળે છે તો કોઈ નથી પૂછતુ કે એ સિંહ નર છે કે માદા. એટલે કે વાત તો ત્યારે છે કે આદમનો ફરઝંદ ફર્માંબરદારી તથા તકવામાં મશહૂર થઈ જાય, ચાહે પુરૂષ હોય ચાહે સ્ત્રી હોય. ત્યાર બાદ પારસાઓ

(તક્વાવાળાઓ)ની ફઝીલત અને તેમની હિકાયતના બારામાં આ બે શેઅરો ઝબાન મુબારક પર આવ્યા :–

*અગર મૈં નેક હૂં તો ઉનમેં મેરા હશ્ર હો*
*ઔર અગર બદ હૂં તો ઉનકે તુફૈલ મુઝે બખ્શ દિયા જાએ !*

## (એકવીસમી મજલિસ)

એ જ વરસે રજબ મહીનાની તેરમી તારીખે શનિવારે કદમબોસીની દોલત નસીબ થઈ. બંદાને પૂછયું કે તમે અધિક્તર કયા લોકો સાથે ઉઠો બેસો છો ? બંદાએ આપના અમુક બુઝુર્ગ મુરીદોના નામ લીધાં અને અર્ઝ કરી કે એમની ખિદમતમાં રહું છું, તો પ્રશંસા કરી અને આ શેઅર ઝબાન મુબારક પર આવ્યો :–

*આશિકોં કે સાથે બૈઠો ઔર આશિકી કા ગમ ખાઓ*
*ઔર જો આશિક ન હો ઉસસે કુર્બત કમ રખ્ખો*

### ★ લયલતુર્રગાઈબ વિશે વર્ણન ★

આ શેઅર પઢયો અને ત્યારબાદ ફર્માવ્યું કે આ અબૂ સઈદ અબુલ ખૈર رحمۃ اللہ علیہનો કહેલો છે. પછી ફર્માવ્યું કે મશાઈખનો તરીકો એ છે કે જ્યારે કોઈનો હાલ માલૂમ કરવા ચાહે છે તો પૂછે છે કે ફલાણો કયા લોકોમાં ઉઠક બેઠક ધરાવે છે ? એનાથી જાણ થઈ જાય છે કે તે કયા વર્ગનો છે. માણસની ઓળખ તેના મિત્રો થકી થાય છે, કે તે કેવા છે.

પછી લયલતુર્રગાઈબની ફઝીલતનું વર્ણન આવ્યું ફર્માવ્યું કે રગાઈબ એ રગીબનું બહુવચન છે, એટલે કે એ રાતમાં ઘણી જ નેકીઓ છે. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એક નમાઝ જે લયલતુર્રગાબઈબમાં આવી છે. જે કોઈ એને અદા કરે છે તે એ વરસમાં નથી મરતો. ત્યાર બાદ ફર્માવ્યું કે, એક શખ્સ હતો જે સતત આ નમાઝ પઢયા કરતો હતો. જે વરસે એનું મૃત્યુ થવાનું હતું. જ્યારે વરસ પૂર્ણ થવા આવ્યું તો તે રાતે જે લઈલતુર્રગાઈબ થવાની હતી તેના દિવસમાં જ મૃત્યુ થયું. એટલે તે પૂરા વરસ સુધી તેણે જીવી લીધું.

### ★ હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہની નમાઝ વિશે ★

પછી હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہની નમાઝનો ઉલ્લેખ કર્યો. ઈર્શાદ થયો કે આ નમાઝ ત્રીજી, ચોથી, પાંચમી રજબે છે. ત્યાર બાદ ફર્માવ્યું કે તેરમી, ચૌદમી, પંદરમી પણ આવ્યું છે. પછી ફર્માવ્યું કે એક રિવાયતથી આ પ્રમાણે પણ છે કે ૨૩મી, ૨૪મી, પચ્ચીસમી. ત્યારબાદ એ નમાઝની ફઝીલતમાં ઘણુ બધુ જણાવ્યું. એના બારામાં હિકાયત વર્ણવી કે મદ્રસા મઅઝીમાં એક મોલ્વી હતા જેમને મૌલાના ઝયનુદ્દીન કહેતા હતા. ઘણા જ ડાહ્યા પુરૂષ (દાનિશમંદ) હતા. જે પણ મસ્અલો તેમને પૂછવામાં આવતો તેનો સંતોષજનક આપતા અને ચર્ચામાં ફિલોસોફીપૂર્વકના તરીકાથી ભાગ લેતા. તેમને તેમની તા'લીમનો હાલ પૂછવામાં આવ્યો તો બોલ્યા, મેં કાંઈ પણ નથી પઢયું અને કોઈની શાગિર્દી નથી અપનાવી. જ્યારે વૃદ્ધ થઈ ગયો તો એકવાર ખ્વાજા ઉવૈસ કરનીની નમાઝ પઢી અને દુઆ કરી કે ઈલાહી ! હું વૃદ્ધાવસ્થાએ પહોંચી ગયો અને કાંઈ તા'લીમ હાંસલ ન કરી મને ઈલ્મે કરામત અર્પણ કર ! હક્ક તઆલાએ એ નમાઝની બરકતથી ઈલ્મનો દરવાજો મારા પર ખોલી આપ્યો, ત્યાં સુધી કે જે મસ્અલાની ચર્ચા થાય છે તેની ખૂબીપૂર્વક સ્પષ્ટતા હું કરું છું અને પૂર્ણપણે દુરસ્તી સાથે તેને વર્ણવું છું. ત્યારબાદ ફર્માવ્યું કે આખર રજબમાં પણ એક નમાઝ દરાઝીયે ઉમ્ર માટે આવી છે. એના અનુસંધાનમાં હિકાયત વર્ણવી કે શયખ બદરુદ્દીન ગઝનવી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ સતત આ નમાઝ પઢતા હતા. ત્યારબાદ ફર્માવ્યું કે મેં શયખ ઝિયાઉદ્દીન પાનીપતી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُના સાહબઝાદા શયખ નિઝામુદ્દીનથી સાંભળ્યું કે જે વરસે શયખ બદરુદ્દીન ગઝનવી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُનું મૃત્યુ થવાનું હતું તે વરસે તેમણે એ નમાઝ અદા ન કરી. તેમને કહેવામાં આવ્યું કે આ વરસે એ નમાઝ આપે કેમ ન પઢી ? બોલ્યા, કે મારી ઉમરમાં હવે કાંઈ બાકી નથી. એ જ એમની વફાતનું વરસ હતું. ....*(ક્રમશઃ)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ–૨)

**લેખક :** **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક :** **મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

**મસ્અલા :** મુઝારિબ પાસે બે હજાર રૂપિયા છે અને કહે છે કે એક હજાર તમે આપ્યા હતા તે અને એક હજાર નફાના છે. જ્યારે (માલિક) માલ આપનાર એમ કહેતો હોય કે મેં બે હજાર આપ્યા હતા. જો કોઈની પાસે ગવાહ ન હોય તો સોગંદપૂર્વક મુઝારિબની વાત માન્ય ગણાશે. એની સાથે સાથે જો નફાની ગણતરીમાં પણ મતભેદ હોય, મુઝારિબ એમ કહતો હોય કે મારે અડધો નફો લેવાની શરત હતી જ્યારે માલિક એમ કહેતો હોય કે ૧/૩ ભાગનો નફો તારે લેવાની શરત હતી તો એમાં સોગંદપૂર્વક માલિકની વાત વિશ્વાસપાત્ર ગણાશે અને જો બેમાંથી ગમે તે એકે ગવાહ રજૂ કરી પોતાની વાત સાબિત કરી તો એની વાત માનવામાં આવશે. જો બંને ગવાહ રજૂ કરે તો મુદ્દલના વધારા માટે માલિકના ગવાહ વિશ્વાસપાત્ર ગણાશે અને નફાના વધારા માટે મુઝારિબના ગવાહ વિશ્વાસપાત્ર ગણાશે. *(હિદાયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** મુઝારિબ એમ કહેતો હોય કે મારે અડધો યા ત્રીજા ભાગનો નફો લેવાનું નક્કી થયું હતું અને માલિક એમ કહેતો હોય કે તારે સો રૂપિયા લેવાના નક્કી કર્યા હતા અથવા (એમ કહેતો હોય) કોઈ શરત નક્કી કરી ન હતી. પરિણામે મુઝારબત ફાસિદ થઈ ગઈ અને તમે મહેનતાણું લેવાના હક્કદાર છો. આ બાબતમાં માલિકની વાત સોગંદપૂર્વક માન્ય રહેશે. *(આલમગીરી)*

**મસ્અલા :** જેને વસિયત કરવામાં આવી હોય તેણે નાબાલિગના માલને મુઝારબતની રીતે પોતે લીધો એ જાઈઝ છે. કેટલાક આલિમોએ એમાં વધારાની કેદ લગાવતાં કહ્યું છે કે પોતાને માટે એટલો જ નફો નક્કી કરવો જે બીજાને આપવામાં આવતો હોય. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** મુઝારિબે મુદ્દલમાંથી કોઈ ચીજ ખરીદી અને એમ કહે છે કે અત્યારે હું એ ચીજને નહીં વેચું, જ્યારે વધારે (નફો) મળશે ત્યારે વેચીશ અને માલિક એમ કહેતો હોય કે નફો મળે છે એટલે એને વેચી નાખો તો મુઝારિબને (એ ચીજ) વેચવા માટે મજબૂર કરવામાં આવશે. હા ! જો મુઝારિબ એમ કહેતો હોય કે હું તમારી મુદ્દલ રકમ પણ આપીશ અને સાથે નફાનો ભાગ પણ આપીશ. તો એવા સમયે માલિકને મુઝારિબની વાત કબૂલ કરવા માટે મજબૂર કરવામાં આવશે. *(દુર્રે મુખ્તાર)*

## જાઈઝ નાજાઈઝનુ બયાન

અહીં અમે કોઈ એક ખાસ વિષયના મસ્અલા બયાન નહીં કરીએ, બલ્કે દરરોજના જીવન વ્યવહારમાં આવતા મસ્અલાનુ વર્ણન કરીશું. પરંતુ વધારે પડતા આદાબ અખ્લાક સંબંધી હશે. એમાં પણ પ્રથમ ખાવા પીવાના મસ્અલા લખીશું. કેમ કે ઈન્સાનની જિંદગીનો તઅલ્લુક ખાવા પીવાથી છે. કુર્આન મજીદમાં છે :–

**يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُحَرِّمُوْا طَيِّبٰتِ مَا اَحَلَّ اللّٰهُ لَكُمْ وَلَا تَعْتَدُوْا - اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ - وَكُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ حَلٰلًا طَيِّبًا - وَّاتَّقُوا اللّٰهَ الَّذِيْ اَنْتُمْ بِهٖ مُؤْمِنُوْنَ -**

"અય ઈમાનવાળાઓ ! અલ્લાહે જે તમારા માટે હલાલ કર્યું છે એને હરામ ન કરો અને હદથી આગળ ન ગુજરો. બેશક ! અલ્લાહ હદથી આગળ વધનારને દોસ્ત રાખતો નથી અને અલ્લાહે તમને જે પાક હલાલ રિઝ્‌ક આપ્યું છે એમાંથી ખાઓ અને અલ્લાહથી ડરો જેના પર તમે ઈમાન લાવ્યા છે." અને ફર્માવે છે કે :–

**كُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ وَلَا تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ۔**

"એમાંથી ખાઓ જે અલ્લાહે તમને રોજી આપી છે અને શયતાનના કદમો પર ન ચાલો. બેશક ! તે તમારો ખુલ્લો દુશ્મન છે."

હદીષમાં છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જે ખાવા પર **બિસ્મિલ્લાહ** ન પઢવામાં આવે શૈતાન માટે તે ખાણું હલાલ થઈ જાય છે. એટલે કે **બિસ્મિલ્લાહ** ન પઢવાની હાલતમાં શૈતાન તે ખાણામાં શરીક થઈ જાય છે. *(મુસ્લિમ)*

સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમમાં છે કે ઉમર બિન અબી સલ્મા رضی اللہ عنہما કહે છે કે હું બાળક હતો. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પરવરિશમાં હતો. ખાતી વખતે હું વાસણમાં ચોતરફ હાથ નાંખી દેતો હતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : **બિસ્મિલ્લાહ** પઢો અને જમણા હાથે ખાઓ અને વાસણમાંથી તમારા સામેના ભાગમાંથી ખાવ. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે કોઈ માણસ ખાવા ખાય તો અલ્લાહના નામનો ઝિક્ર કરે અર્થાત **બિસ્મિલ્લાહ** પઢે અને જો શરૂઆતમાં **બિસ્મિલ્લાહ** પઢવાનું ભૂલી જાય તો આમ કહે (પઢે) : **બિસ્મિલ્લાહિ અવ્વલહૂ વ આખિરહૂ.** *(તિર્મિઝી, અબૂ દાઊદ વગેરે)* અને ફર્માવ્યું કે ભેગા મળીને ખાવા ખાઓ અને **બિસ્મિલ્લાહ** પઢો. તમારે માટે એમાં બરકત પેદા થશે. ઈબ્ને માજાની રિવાયતમાં પણ છે કે લોકોએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અમે એને ખાઈએ છીએ પણ પેટ નથી ભરાતું. ઈર્શાદ ફર્માવ્યો કે કદાચ તમે લોકો અલગ અલગ ખાતા હશો. અર્ઝ કરી, હા ! (તો) ફર્માવ્યું કે ભેગા મળીને ખાઓ અને **બિસ્મિલ્લાહ** પઢો, બરકત (પેદા થશે). *(અબૂ દાઊદ, ઈબ્ને માજા)*

## ★ ખાતી વખતની દુઆ ★

અને ફર્માવ્યું કે જે ખાવા પર અલ્લાહના નામનો ઝિક્ર કરવામાં ન આવ્યો હોય તે બીમારી છે અને તેમાં બરકત થતી નથી અને એનો કફ્ફારો એ છે કે જો દસ્તરખ્વાન ઊઠાવી લેવામાં ન આવ્યું હોય તો **બિસ્મિલ્લાહ** પઢીને થોડુંક ખાય લે અને જો દસ્તરખ્વાન ઊઠાવી લેવામાં આવ્યું હોય તો **બિસ્મિલ્લાહ** પઢીને આંગળીઓ ચાટી લે. *(ઈબ્ને અસાકિર)*

અને ફર્માવ્યું કે જ્યારે ખાઓ પીઓ તો એમ કહો કે :–

**بِسْمِ اللّٰهِ وَبِاللّٰهِ الَّذِىْ لَا يَضُرُّ مَعَ اسْمِهٖ شَىْءٌ فِى الْاَرْضِ وَلَا فِى السَّمَآءِ يَا حَىُّ يَا قَيُّوْمُ۔**

આ પ્રમાણે પઢવાથી કોઈ બીમારી થશે નહીં, ભલે એમાં ઝેર ભેળવ્યું હોય તો પણ. *(દયલમી)*

અને ફર્માવ્યું કે જ્યારે ખાવા ખાઓ ત્યારે જમણા હાથથી ખાઓ અને પાણી પીઓ તો જમણા હાથથી પીઓ. *(મુસ્લિમ)*

અને ફર્માવ્યું કે કોઈ પણ શખ્સે ડાબા હાથે ખાવા ન ખાવું તેમજ ડાબા હાથે પાણી પણ ન પીવું. કેમ કે ડાબા હાથથી ખાવું પીવું શૈતાનનો તરીકો છે. *(મુસ્લિમ)*

અને ફર્માવ્યું કે ત્રણ આંગળીઓથી ખાઓ કેમ કે એ સુન્નત છે અને પાંચે પાંચ આંગળીઓથી

ન ખાઓ કેમ કે એ (જાહિલ) ગંવારોનો તરીકો છે. *(ઈબ્ને ખુબાર)*

જાબિર رضی اللہ عنہ થી મરવી છે કે **નબીએ કરીમ** صلی اللہ تعالیٰ علیہ وسلم **એ આંગળીઓ તથા વાસણ (પ્લેટ)ને ચાટવાનો હુકમ દીધો** અને ફર્માવ્યું કે **તમને ખબર નથી કે ખાણાના કયા હિસ્સામાં બરકત છે.** *(મુસ્લિમ)*

ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કહે છે કે હુઝૂરે ખાવા અને પીવામાં ફૂંક મારવાની મના ફર્માવી છે. *(તિબરાની)*

અને ફર્માવ્યું કે શૈતાન તમારા દરેક કામમાં હાજર થઈ જાય છે. ખાતી વખતે પણ હાજર થઈ જાય છે. પરિણામે જો કોળિયો નીચે પડી જાય તો એને ઊઠાવી એની સાથે કંઈ ચોંટી ગયું હોય તો તેને સાફ કરીને ખાય લેવું. એને શૈતાન માટે ન છોડવું. અને જયારે ખાવાથી ફારિગ થાય તો આંગળીઓને ચાટી લે, કેમ કે એવી ખબર નથી કે ખાણાના કયા હિસ્સામાં બરકત છે. *(મુસ્લિમ)*

અને ફર્માવ્યું કે રોટીની અદબ કરો કેમ કે તે આસમાન અને જમીનની બરકતોમાંથી છે. જે માણસ દસ્તરખ્વાન પર પડેલી રોટીને ખાય લેશે એની મગફેરત થઈ જશે. *(તિબરાની)*

અને ફર્માવ્યું કે અલ્લાહ તઆલા તે બંદાથી રાજી થાય છે કે જે કોળિયો (મારે છે) ખાય છે ત્યારે અલ્લાહની હમ્દ (તા'રીફ) કરે છે અને જયારે પાણી પીએ છે ત્યારે એના પર અલ્લાહની હમ્દ કરે છે. *(મુસ્લિમ)*

## ★ દસ્તારખાનથી ક્યારે ઉઠે ? ★

અને ફર્માવ્યું કે જયારે દસ્તરખ્વાન બિછાવેલું હોય તો કોઈ શખ્સ દસ્તરખ્વાન પરથી ન ઉઠે ત્યાં સુધી કે દસ્તરખ્વાન ઊઠાવી લેવામાં ન આવે અને ભલે ખાય ચૂક્યો હોય તો પણ ખાવાથી હાથ ન ખેંચે જ્યાં સુધી કે બધા લોકો (સાથે ખાનારા) ખાવાથી ફારિગ ન થઈ જાય. જો હાથ ખેંચવા જ ચાહતો હોય તો પોતાની મજબૂરી (માફી) રજૂ કરે. કેમ કે જો મજબૂરી રજૂ કર્યા વગર પોતે હાથ ખેંચી લેશે તો એની સાથે જે બીજો માણસ ખાઈ રહયો છે તે શરમાઈ જશે અને તે પણ હાથ ખેંચી લેશે અને શાયદ હજુ તેને ખાવાની હાજત પણ બાકી હોય. આ હદીષના બારામાં આલિમો ફર્માવે છે કે કોઈ માણસનો ખોરાક ઓછો હોય તો તેણે ધીમે ધીમે થોડું થોડું ખાવું. તેમ છતાં પણ અન્યોને સાથ ન આપી શકે તો મજબૂરી પેશ કરે જેથી બીજાઓને શર્મિંદા ન થવું પડે. *(ઈબ્ને માજા)*

## ★ ખાધા પછીની દુઆ ★

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ખાવાથી ફારિગ થયા બાદ આ દુઆ પઢતા હતા :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ اَطْعَمَنَا وَسَقَانَا وَجَعَلَنَا مِنَ الْمُسْلِمِیْنَ۔

અને ફર્માવ્યું કે ખાતી વખતે બુટ (પગરખાં) ઊતારી લો, કેમ કે એ સુન્નતે જમીલા (સારો તરીકો) છે. અને અનસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની રિવાયતમાં છે કે ખાણું રાખવામાં આવે તો બુટ ઉતારી લો, કેમ કે એનાથી તમારા પગોને રાહત છે. *(હાકિમ)*



**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ના મેમ્બર બનવા માટે
ફક્ત **રૂા. ૮૦૦/-** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! *–તંત્રી...*

બેંક ઓફ બરોડા | A/c. No. **34620100000303** Razvi Kitab Ghar | IFSC Code : BARB0DAYADR પાંચમો અંક ઝિરો છે. | Phone pay Google pay Mo. 9427464411 | WhatsApp No. Mo.9664521477

# તઝકેરતુલ અવલિયા
# હઝરત યહ્યા બિન મઆઝ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપને હક઼ાઈક તથા દક઼ાઈક઼ પર સંપૂર્ણ પહોંચ હાંસલ હતી. અને અસરકારક વાઈઝોના કારણે આપને વાઈઝના નામથી સંબોધવામાં આવતા હતા. અમુક મહાન બુઝુર્ગોનું કથન છે કે, દુનિયામાં બે યહ્યા થયા છે : પ્રથમ હઝરત યહ્યા ઈબ્ને ઝકરિયા علیہ السلام અને બીજા યહ્યા ઈબ્ને મઆઝ. હઝરત યહ્યા علیہ السلامને તો ખૌફની મંઝિલો પાર પાડવાનો શરફ હાંસલ થયો અને યહ્યા ઈબ્ને મઆઝે રજા (ઉમ્મીદ)ની રાહ ચાલવામાં મક઼ામ હાંસલ કર્યો. અને આપ બાળપણથી જ મઆરિફ઼ તથા હક઼ાઈક઼ (મઅરેફતો તથા હક઼ીક઼તો)થી એટલા પ્રમાણમાં માહિતગાર રહ્યા કે કદી ગુનાહે કબીરામાં નથી પડયા. અને આપ આપની ઈબાદત તથા રિયાઝતના આધાર પર સમયના અજોડ રહ્યા.

**આપના હાલત** : જે વખતે મુરીદોએ આપને ડર તથા ઉમ્મીદ (બીમો રજા)નો ભાવાર્થ પૂછયો તો ફર્માવ્યું કે આ બંનેવ ચીજો ઈમાન અરકાનમાં સામેલ છે અને તેની ઉપેક્ષા કરી દેવાથી ઈમાન મજબૂત નથી થતું. કેમ કે ખૌફ઼ કરનાર (ડરનાર) તો ફિરાક઼ (વિરહ)ના ખતરાના કારણે ઈબાદત કરે છે અને અહલે રજા (ઉમ્મીદવાળા) વસ્લ (મુલાકાત)ની ઉમ્મીદમાં ઈબાદતમાં વ્યસ્ત રહે છે. પરંતુ ઈબાદતની પૂર્ણતા ત્યાં સુધી નથી થતી જ્યાં સુધી બીમ તથા રજા (ખુદાથી ડર તથા ઉમ્મીદ) બંને સામેલ ન હોય, અને એ જ પ્રમાણે ઈબાદત વિના બીમ તથા રજા (ડર તથા ઉમ્મીદ) પણ હાંસલ નથી થઈ શક્તાં.

ખુલફાએ રાશિદીન પછી આપને જ જાહેર મિમ્બર પર વઅઝ કહેવાની પ્રથમતા હાંસલ થઈ. આપના એક ભાઈ મુજાવરની હેસિયતથી મક્કા મોઅઝ્ઝમામાં પણ રહેતા હતા, અને તેમણે ત્યાંથી આપને લખ્યું કે મને ત્રણ ચીજોની તમન્ના હતી : પ્રથમ એ કે કોઈ મોતબર્રક સ્થળે વસવાનો મોકો મળી જાય. બીજી એ કે મારી ખિદમતના માટે એક ખાદિમ પણ હોય. જેથી એ બંને ખ્વાહિશ પૂરી થઈ ગઈ. હવે ત્રીજી ખ્વાહિશ કેવળ એ છે કે મૃત્યુ પહેલાં એકવાર આપની સાથે મુલાકાત થઈ જાય. ખુદાથી દુઆ કરો કે આ તમન્ના પણ પૂરી કરી આપે. આપે જવાબમાં લખ્યું કે માણસે તો જાતે પોતે મોતબર્રક હોવું જોઈએ જેથી તેની બરકતથી વસવાટની જગા પણ મોતબર્રક થઈ જાય. બીજુ એ કે તમારે તો ખાદિમ બનવું જોઈતુ હતું ન કે મખ્દૂમ. ત્રીજુ એ કે જો આપ ખુદાની યાદથી ગાફ઼ેલ ન હોત તો હું કદાપિ તમને યાદ ન આવત. જેથી યાદે ઈલાહીમાં બહેન, ભાઈ, પત્ની, બાળકો સૌને ભૂલાવી દેવાં જોઈએ, કેમ કે વિસાલે ખુદાવંદી બાદ બંદો આપોઆપ સૌને ભૂલી જાય છે. અને જો તમે ખુદાને જ ન પામી શક્યા તો પછી મારી સાથે મુલાકાત પણ બેકાર છે.

આપે કોઈ દોસ્તને લખ્યું કે દુનિયા તથા આખેરતનું દષ્ટાંત ખ્વાબ તથા જાગૃતાવસ્થા જેવું છે. જો માણસ ખ્વાબમાં રડે છે તો જાગૃતાવસ્થામાં હસે છે, જેથી તમે ખુદાના ડરમાં રડવાને પોતાનો મસ્લક (તરીક઼ો) બનાવી લો કે જેથી ક઼યામતમાં હસવાનો મોકો મળી શકે. નક઼લ થયેલ છે કે પોતાના ભાઈની સાથે એક ગામડામાં પહોંચ્યા તો ભાઈએ કહ્યું કે આ જગા ઘણી જ સારી છે. આપે ફર્માવ્યું કે એનાથી સારું તે દિલ છે જે યાદે ઈલાહીમાં રહીને આ ગામની

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

ખૂબસૂરતી પર નજર ન કરે.

**ખૌફે ખુદા** : એકવાર ઘરમાં દીવો ઓલવાય ગયો તો આપ કેવળ એ ડરથી રડતા રહ્યા કે ક્યાંક તૌહીદ તથા ઈમાનનો દીવો પણ ગફલતના ઝોંકાઓથી ન ઓલવાય જાય.

**આપના આદેશો** : કોઈએ અર્ઝ કરી કે મૌતની સરખામણીમાં દુનિયાની એક તણખલાથી વિશેષ કદર નથી. આપે ફર્માવ્યું કે જો મૌતનું અસ્તિત્વ ન હોત તો અધિક વધુ બેકદર હોત. ફર્માવ્યું કે મૌતનું દૃષ્ટાંત પુલ જેવું છે જે એક હબીબને બીજા હબીબ સાથે મિલાવી દે છે. કોઈએ આપની સામે આ પઢયું : آمَنَّا بِرَبِّ الْعَالَمِيْن આપે ફર્માવ્યું કે જ્યારે એક ક્ષણનું ઈમાન બસો વરસના ગુનાહોને ખત્મ કરી દે છે તો પછી સિત્તેર વરસનું ઈમાન સિત્તેર વરસના ગુનાહોને કેવી રીતે ખત્મ નહીં કરી દે ?! ફર્માવ્યું કે મેહશરના દિવસે અલ્લાહ તઆલા મારાથી સવાલ કરશે કે તારી શું તમન્ના છે ? તો અર્ઝ કરીશ કે મને જહન્નમમાં મોકલીને બીજાઓ માટે જહન્નમ ઠંડી કરી આપ. જેવો કે રબ તઆલાનો આ કૌલ : "મો'મિનનું નૂર આગના ભડકાઓને ઠંડા કરી દે છે" સાક્ષી છે. ફર્માવ્યું કે જો જહન્નમ મારી માલિકીમાં આપી દેવામાં આવે તો હું કોઈ આશિકને પણ એમાં ન ચાલવા દઉં, કેમ કે આશિક તો દરરોજ પોતાને સો વાર સળગાવે છે. લોકોએ પૂછયું કે કોઈ આશિકના ગુનાહ પુષ્કળ પ્રમાણમાં હોય તો શું કરશો ? ફર્માવ્યું, તો સળગવા નહીં દઉં, કેમ કે તેના ગુનાહ ઈખ્તિયારી નથી બલ્કે ઈઝતેરારી (બેઈખ્તિયારી રીતે) થાય છે. ફર્માવ્યું કે ખુદાથી ખુશ રહેનારથી દરેક ચીજ ખુશ રહે છે અને જેની આંખો ખુદાવંદી જમાલથી મુનવ્વર થઈ જાય છે તેના નૂરથી સર્વ દુનિયાની આંખો મુનવ્વર રહે છે. ફર્માવ્યું કે અલ્લાહ તઆલા મેહશરના દિવસે આરિફોને પોતાના દીદારથી સરફરાઝ ફર્માવશે. ફર્માવ્યું કે જેટલા પ્રમાણમાં બંદો ખુદાને મહેબૂબ રાખે છે તેટલા જ પ્રમાણમાં તે લોકોમાં મહબૂબ થઈ જાય છે. અને જેટલો ખુદાથી ડરતો રહે છે એટલી જ મખ્લૂક પણ તેનાથી ડરતી રહે છે. અને જેટલા પ્રમાણમાં અલ્લાહ પ્રતિ રજૂઅ થાય છે એટલા જ પ્રમાણમાં મખ્લૂક પણ તેના પ્રતિ વળે છે. ફર્માવ્યું કે સૌથી વધુ નુકસાનમાં તે છે જે કુકર્મોમાં જિંદગી ગુજારે છે.

ફર્માવ્યું કે **ત્રણ પ્રકારના લોકોથી બચો** : (૧) **ગાફિલ આલિમોથી** (૨) **આળસુ કારીઓથી** (૩) **જાહિલ સૂફીઓથી** ફર્માવ્યું કે અવલિયાએ કિરામને ત્રણ વાતોથી ઓળખો : (૧) ખાલિક પર ભરોસો રાખતા હોય. (૨) મખ્લૂકથી બેનિયાઝ હોય. (૩) ખુદાને યાદ કરતા હોય. ફર્માવ્યું કે જો મૌત વેચવામાં આવનારી ચીજ હોત તો આખેરતવાળા મૌત સિવાય કાંઈ ન ખરીદતા. ફર્માવ્યું કે શાણપણ (દાનિશમંદી)ની ત્રણ નિશાનીઓ છે : (૧) અમીરોને હસદને બદલે નસીહતની નજરથી જુઓ. (૨) વાસનાને બદલે સ્ત્રી પર પ્રેમભાવની નજર નાખે. (૩) દુરવેશને ઘમંડ તથા તકબ્બુરને બદલે આજીજીની દૃષ્ટિએ જુએ. ફર્માવ્યું કે છુપાઈને ગુનાહ કરનારાને ખુદા જાહેરમાં બેઈજ્જતી અતા કરે છે. ફર્માવ્યું કે જે ગમ ખુદાથી દૂર કરી દે એના કરતાં તે ગુનોહ બેહતર છે જે ખુદાનો મોહતાજ બનાવી દે. ફર્માવ્યું કે ખુદાનો દોસ્ત રિયા તથા નિફાકથી દૂર રહે છે અને મખ્લૂકથી પણ તેની દોસ્તી ખૂબ જ ઓછી હોય છે, પરંતું ખુદાથી વધુ બંદાનો દોસ્ત અન્ય કોઈ નથી.

ફર્માવ્યું કે મુસલમાનના મુસલમાન પર ત્રણ હક્કો છે : પ્રથમ એ કે જો કોઈને ફાયદો ન પહોંચાડી શકે તો નુકસાન પણ ન પહોંચાડે. બીજો એ કે જો કોઈને સારો ન કહે તો બુરો પણ ન કહે. ત્રીજો એ કે જો કોઈને ખુશ ન કરી શકે તો ગમગીન પણ ન કરે. ફર્માવ્યું કે **મૂર્ખ છે તે લોકો જેઓ જહન્નમના**

**કામો કર્યા બાદ જન્નત તલબ કરે છે ! ફર્માવ્યું કે તૌબા પછી એક ગુનોહ પણ એ સિત્તેર ગુનાહોથી બદ્તર છે જેના પછી તૌબા કરી હતી.**

પછી ફર્માવ્યું કે મો'મિન ખૌફ તથા ઉમ્મીદની દરમિયાન રહીને ગુનાહ કરે છે. ફર્માવ્યું કે, **આશ્ચર્ય છે એ લોકો પર કે જેઓ બીમારીના ડરથી ખાવાને તો ત્યજી દે છે, પરંતુ આખેરતના ડરથી ગુનાહને નથી છોડતા !** પછી ફર્માવ્યું કે ત્રણ પ્રકારના લોકો દાનિશમંદ (બુદ્ધિમાન) હોય છે : એક દુનિયાને ત્યજી દેનાર. બીજા તાલિબે ઉક્બા (આખેરતના તલબગાર), ત્રીજા ખુદાના આશિક્. ફર્માવ્યું કે અમીરોને મરતી વખતે બે પરેશાનીઓ લાગેલી રહે છે : એક એ કે એમના પછી દોલત પર બીજા લોકો કબજો જમાવેલ રહેશે. બીજી એ કે લોકો તેની દોલતનો હિસાબ પૂછશે. ફર્માવ્યું કે તવક્કુલ તથા ઝુહદ પર મહેણાં ટોણાં મારવા એ ઈમાન પર ટોણા મારવું છે. ફર્માવ્યું કે ફાકાકશી મુરીદો માટે રિયાઝત, તૌબા કરનારાઓ માટે અનુભવ, ઝાહિદોના માટે સિયાસત (રાજનીતિ), અને આરિફોના માટે મગફેરત છે. ફર્માવ્યું કે, તકવાવાળાઓ અમલની તરફ, અબ્દાલો આયતોની તરફ, હક્કના તાલિબો એહસાનની તરફ, અને આરિફો ઝિક્રની તરફ આકર્ષિત કરાવે છે. ફર્માવ્યું કે બલાઓના ઉતરાણ વખતે સબ્રની હકીકત અને મુકાશફાના વખતે રઝાની હકીકત જાહેર થાય છે.

ફર્માવ્યું કે **સાચા દિલથી થોડી ઈબાદત પણ એ સિત્તેર વરસની ઈબાદતથી અનંતગણી બેહતર છે જે બેદિલીની સાથે કરવામાં આવી હોય.** ફર્માવ્યું કે તાલિબની આ'લા મંઝિલ ખૌફ અને વાસિલની હયા અથવા રજા (ઉમ્મીદ) છે. ફર્માવ્યું કે અમલને અયબથી મહેફૂઝ રાખવું જ ઈખ્લાસ છે. ફર્માવ્યું કે ખ્વાહિશાતથી દૂર થવું એ શૌકે ઈલાહી છે. ફર્માવ્યું કે ઝુહદ (زهد) ઝે–હે–દાલ ત્રણ હર્ફો છે : ઝેથી મુરાદ ઝીનતને ત્યજી દેવી છે, હેથી મુરાદ હવા (લાલશા) તથા હવસને અલવિદા કરી દેવું છે, દાલથી મુરાદ દુનિયાને છોડી દેવી. ફર્માવ્યું કે ઝાહિદ તે છે જે દુનિયાની તલબ કરતાં દુનિયાના ત્યાગની ખ્વાહિશ ધરાવતો હોય. ફર્માવ્યું કે ઈતાઅત (આજ્ઞાપાલન) ખુદાનો ખજાનો છે અને દુઆ તેની ચાવી છે. ફર્માવ્યું કે તૌહીદ નૂર છે અને શિર્ક નાર. અને તૌહીદનું નૂર ગુનાહોને અને શિર્કની આગ નેકીઓ સળગાવી દે છે. ફર્માવ્યું કે ઝિક્રે ઈલાહી ગુનાહોને નષ્ટ કરી દે છે અને તેની રઝા આરઝૂઓ નાબૂદ કરી દે છે અને બંદો તેની મહોબ્બતમાં ખોવાયેલો રહે છે. ફર્માવ્યું, જો તમે ખુદાથી રાજી છો તો તે પણ તમારાથી રાજી છે. કોઈએ સવાલ કર્યો કે શું કેટલાક લોકો એવા પણ છે જેઓ ખુદાથી રાજી નથી અને તેની મઅરેફતના દાવેદાર પણ છે ? ફર્માવ્યું કે જ્યારે નફ્સ એવી ઈબાદતનો દાવેદાર બની જાય કે જો ત્રણ દિવસ રાત કાંઈ ન ખાય તો નફ્સમાં કમજોરી પેદા ન થાય. ફર્માવ્યું કે ખુદા પર ભરોસો કરીને મખ્લૂકથી બેનિયાઝ થવાનું નામ દુરવેશી છે. અને ક્યામતમાં કેવળ દુરવેશીની જ કદર થશે અને તવંગરીની નાકદરી. ફર્માવ્યું કે મહબૂબની જફા પર સબ્ર અને વફા પર શુક્રનું નામ મહોબ્બત છે. કોઈએ કહ્યું કે અમુક લોકો આપની ગીબત કરે છે, તો ફર્માવ્યું કે **જો મારી અંદર અયબો છે તો હું ખરેખર તેને પાત્ર છું, અને જો અચ્છાઈઓ છે તો ગીબતથી મને કોઈ નુકસાન નથી પહોંચતુ.** સવાલ કરવામાં આવ્યો કે આપ આપની વઅઝોમાં હમેશાં ખૌફ તથા રજા (ડર તથા ઉમ્મીદ)નો જ ઉલ્લેખ શા માટે કરો છો ? ફર્માવ્યું, કેમ કે અલ્લાહ તઆલા કવી (મજબૂત) છે અને બંદો કમજોર છે, એટલા માટે બંદાઓ એનાથી ડર તથા ઉમ્મીદ રાખવી જ યોગ્ય છે.

**દુઆનો તરીકો** : આપ આપની મુનાજાત (દુઆ) એ રીતે શરૂ કરતા કે હે અલ્લાહ ! હું જો કે ઘણો જ ગુનેહગાર છું છતાં પણ તારાથી માફીની ઉમ્મીદ રાખુ છું. કેમ કે માથાથી પગો સુધી ગુનેહગાર છું અને તું અત્યંત દરગુઝર કરનારો છે. હે અલ્લાહ ! તેં ફિરઔનને ખુદાઈ દાવો કરવા છતાં પણ હઝરત મૂસા તથા હઝરત હારૂન علیہم السلام ને નરમી કરવાનો હુકમ આપ્યો. જેથી જયારે તું اَنَا رَبُّكُمُ الْاَعْلٰى (હું તમારો બુલંદ રબ છું) કહેવાવાળા પર કરમ કરી શકે છે તો જે બંદાઓ سُبْحَانَ رَبِّیَ الْاَعْلٰى (પાક છે મારો રબ જે સૌથી બુલંદ છે) કહે છે તેમના પર તારા લુત્ફો કરમનો કયો અંદાઝો કોણ કરી શકે છે ?! હે અલ્લાહ ! મારી માલિકીમાં એક કંબલ સિવાય કાંઈ જ નથી, પરંતું એ પણ કોઈ માગે તો હું આપી દેવા તૈયાર છું. હે અલ્લાહ ! તારો આદેશ છે કે નેકી કરનારાઓને તેમની નેકીના સબબે બેહતર બદલો આપવામાં આવે છે, અને હું તારા પર ઈમાન ધરાવું છું, એનાથી અફઝલ દુનિયામાં કોઈ નેકી નથી જેથી એના બદલામાં તારા દીદારથી નવાઝી દે.

હે અલ્લાહ ! જેવી રીતે તું કોઈથી મુશાબેહ (મળતો જુલતો, કોઈના જેવો) નથી એ જ રીતે તારાં કામો પણ અન્યોથી મુશાબેહ નથી. અને જ્યારે એ દસ્તૂર છે કે તાલિબ પોતાના મત્લૂબને રાહતો પહોંચાડે છે તો પછી એ કેવી રીતે શક્ય છે કે તું તારા બંદાઓને અઝાબમાં સપડાવશે. એટલા માટે કે તારાથી અધિક મહબૂબ રાખનાર અન્ય કોણ હોય શકે છે ? હે અલ્લાહ ! મારો દુનિયવી હિસ્સો કાફિરોને આપી દે અને આખેરતનો હિસ્સો ઈમાનવાળાઓને અતા કરી દે. કેમ કે મારા માટે તો દુનિયામાં તારી યાદ અને આખેરતમાં દીદાર ખૂબ જ પૂરતો છે. હે અલ્લાહ ! કેમ કે તું ગુનાહ બખ્શનારો છે અને હું ગુનેહગાર છું એટલા માટે તારાથી મગફિરત તલબ કરી રહ્યો છું. હે અલ્લાહ ! તારી ગફ્ફારી અને મારી કમજોરીના કારણે ગુનાહમાં પડુ છું. એટલા માટે તારી ગફ્ફારી અથવા મારી કમજોરીને લક્ષમાં રાખીને મને બખ્શી દે. હે અલ્લાહ ! મેહશરના દિવસે જ્યારે મને પૂછવામાં આવશે કે દુનિયાથી શું લાવ્યો તો મારી પાસે કોઈપણ જવાબ ન હશે.

**આપના હાલાત** : આપ એક લાખ દિરહમના કેવળ એટલા માટે કરજદાર થઈ ગયા કે નમાઝીઓ, હાજીઓ, ફકીરો, સૂફીઓ તથા ઉલમાને કરજ લઈ લઈને આપ્યા કરતા હતા. જેથી જયારે કરજ આપનારાઓએ તકાદો શરૂ કર્યો તો આપે જુમ્આની રાતમાં હુઝૂરે અકરમ ﷺ ને ખ્વાબમાં જોયા કે આપ ﷺ ફર્માવી રહ્યા છે, હે યહ્યા ! ગમગીન ન થા, કેમ કે તારો ગમ મને ગમગીન કરી દે છે. હવે તારા માટે એ હુકમ છે કે દરેક શહેરમાં જઈને વઅઝ કર. અને હું એક શખ્સને હુકમ આપી દઈશ કે તે તમને ત્રણ લાખ દિરહમ આપી દે. જેથી સૌ પ્રથમ નીશાપુર પહોંચીને આપે વઅઝમાં ફર્માવ્યું કે હે લોકો ! હું ખુદાના નબીના હુકમ પર શહેર શહેર વઅઝ કહેવા નીકળ્યો છું, કેમ કે હું એક લાખ દિરહમનો કરજદાર થઈ ચૂક્યો છું. અને હુઝૂર ﷺ એ ફર્માવ્યું છે કે એક શખ્સ તારુ કરજ અદા કરી આપશે. આ સાંભળીને એક શખ્સે પચાસ હજાર દિરહમ અને બીજાએ ચાલીસ હજાર દિરહમ અને ત્રીજાએ દસ હજાર દિરહમની પેશકશ કરી. પરંતુ આપે ફર્માવ્યું કે વિવિધ માણસો પાસેથી લઈને મને કરજની અદાયગી મંજૂર નથી, કેમ કે મને તો એ હુકમ મળ્યો છે કે કેવળ એક શખ્સ કરજ અદા કરી દેશે. ત્યાર બાદ આપે એવા અસરકારક અંદાઝમાં વઅઝ કરી કે એ જ મજલિસમાં સાત માણસોનું મૃત્યુ થઈ ગયું. પછી ત્યાંથી બલ્ખ પહોંચ્યા અને માલદારીના ફઝાઈલ કાંઈક એ રીતે વર્ણવ્યા કે એક વધુ પેજ ૫૦ પર.

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો : ૧૮

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**મસ્અલા–૨૫** : પત્રમાં સલામ લખેલ હોય છે તેનો પણ સલામ આપવો વાજિબ છે અને અહીંયા જવાબ બે પ્રકારના થશે : (૧) એ કે જીભથી જવાબ આપવો (૨) બીજો પ્રકાર એ કે સલામનો જવાબ લખીને મોકલે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર) પરંતુ કેમ કે સલામનો જવાબ આપવો તરત જ વાજિબ છે. જેવું કે ઉપર દર્શાવેલ છે તો તરત જ લેખિત જવાબ નહીં થાય જેમ કે સામાન્ય રીતે આવું જ થાય છે કે પત્રનો જવાબ તરત જ લખવામાં નથી આવતો. આમ જ થોડુ મોડુ થઈ જાય છે તો જીભથી જવાબ તરત જ આપી દે જેથી કરીને મોડુ થવાનો ગુનોહ ન થાય. એટલા માટે જ અલ્લામા સૈયદ અહમદ તહતાવીએ આવી જગ્યાએ ફર્માવ્યું وَالنَّاسُ عَنْهُ غٰفِلُوْنَ એટલે કે લોકો આનાથી બે ધ્યાન છે. આ'લા હઝરત કુદ્દેસ સિર્રહુ જયારે પત્રોને પઢતા હતા તો પત્રમાં જો અસ્સલામુ અયલકુમ લખેલ હોય તો તેનો જવાબ જીભથી આપીને આગળનો વિષય પઢતા.

**મસ્અલા–૨૬** : સલામની મીમને સાકિન કહી એટલે કે **સલામુ અલયકુમ** કહ્યું જેવું કે ઘણા જાહિલો આ જ રીતે કહે છે અથવા **સલામુ અલયકુમ**, મીમને પેશની સાથે કહે આ બંનેવ પ્રકારોમાં જવાબ વાજિબ નથી કે આ સલામ સુન્નત નથી.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા–૨૭** : પહેલી વાર કોઈએ કહ્યું عَلَيْكُمُ السَّلَامُ અથવા عَلَيْكَ السَّلَامُ તો તેનો જવાબ નથી. હદીષમાં છે કે આ મુડદાની દુઆ છે.

**મસ્અલા–૨૮** : સલામ એટલા અવાજમાં કહે કે જેને સલામ કહી છે તે સાંભળી લે અને એટલો અવાજ ન હોય તો જવાબ આપવો વાજિબ નથી. સલામના જવાબમાં પણ તેટલો અવાજ હોય કે સલામ કરનારો સાંભળી શકે અને એટલી ધીમી અવાજે જવાબ આપ્યો કે તે સાંભળી ન શક્યો તો વાજિબ સાકિત ન થયો. અને તે બહેરો છે તો એની સામે હોઠને હલાવે કે તેની સમજમાં આવી જાય કે જવાબ આપી દીધો છીંકના જવાબનો પણ આ જ હુકમ છે. *(બઝ્ઝાઝિયા)*

**મસ્અલા–૨૯** : આંગળી અથવા હથેળીથી સલામ કરવી મના છે. હદીષમાં છે કે આંગળીઓથી સલામ કરવી યહૂદીઓનો તરીક઼ો છે અને હથેળીથી ઈશારો કરવો નસરાનીઓનો.

**મસ્અલા-૩૦** : અમુક લોકો સલામના જવાબમાં હાથ અથવા માથાથી ઈશારો કરે છે, બલ્કે કેટલાક તો આંખોના ઈશારાથી જવાબ આપે છે, આ રીતે જવાબ ન થયો તેમને જીભથી જવાબ આપવો વાજિબ છે.

**મસ્અલા-૩૧** : અમુક લોકો સલામ કરવાના સમયે ઝુકી જાય છે. આ ઝુકવું જો રુકૂઅની હદ સુધી હોય તો હરામ છે અને તેનાથી ઓછુ હોય તો મકરૂહ છે.

**મસ્અલા-૩૨** : આ જમાનામાં કેટલાય પ્રકારની સલામો લોકોએ પેદા કરી લીધી છે તેમાંથી સૌથી ખરાબ એ છે કે કેટલાક લોકો કહે છે "બંદગી અર્ઝ" આ શબ્દ ક્યારેય ન કહે. કેટલાક લોકો "આદાબ અર્ઝ" કહે છે, જો કે એમાં એટલી બુરાઈ નથી પરંતુ સુન્નતની વિરૂદ્ધ છે. કેટલાક લોકો તસ્લીમ અથવા તસ્લીમાત અર્ઝ કહે છે. આને સલામ કહી શકાય છે કે આ સલામના જ અર્થમાં છે. અુમક લોકો કહે છે, "સલામ" આ પણ સલામ છે. કુર્આન મજીદમાં છે કે ફરિશ્તાઓ જયારે હઝરત ઈબ્રાહીમ علیہ السلامની ખિદમતમાં ઉપસ્થિત થયા "فَقَالُوْا سَلٰمًا" તેમણે આવીને સલામ કરી તેના જવાબમાં હઝરતે ઈબ્રાહીમ علیہ السلامએ પણ "સલામ" કહી. એટલે કે કોઈએ કહ્યું, સલામ તો સલામ કહેવાથી જવાબ થઈ જશે. કેટલાક લોકો એવી જાતના છે કે તે પોતે તો સલામ શું કરશે, પણ તેમને સલામ કરવામાં આવે તો ગુસ્સે થાય છે ! કહે છે કે શું મને તું તારી બરાબરનો સમજે છે ?! એટલે કે કોઈ ગરીબ માણસ સુન્નત મુજબ સલામ કરે તો એને પોતાની શાન (પ્રતિષ્ઠા) વિરૂધ્ધ સમજે છે. અને અમુક તો ચાહે છે કે તેમને આદાબ અર્ઝ કહેવામાં આવે ! અથવા ઝુકીને હાથથી ઈશારો કરવામાં આવે. અને અમુક તો અહીં સુધી બેખૌફ છે કે શું અમને પીંજારા, વણકર સમજી રહ્યા છો ! અલ્લાહ તઆલા તેમને હિદાયત આપે અને તેમની આંખો ખોલે.

**મસ્અલા-૩૩ : કોઈના નામની સાથે علیہ السلام કહેવું કે એ અંબિયા તથા ફરિશ્તાઓ علیہم السلامની સાથે ખાસ છે. દા.ત. મૂસા علیہ السلام, ઈસા علیہ السلام, જિબ્રઈલ علیہ السلام. નબી અને ફરિશ્તાની સિવાય બીજાના નામની સાથે કહેવામાં ન આવે.**

**મસ્અલા-૩૪** : ઘણી જગ્યાએ એવી પરંપરા છે કે નાનો જ્યારે મોટાને સલામ કરે છે તો જવાબમાં કહે છે, જીવતા રહો ! આ સલામનો જવાબ નથી બલ્કે આ જવાબ જાહિલિયતમાં કાફિરો કહેતા હતા. તે કહેતા કે حَیَّاکَ اللہ (હય્યાકલ્લાહ) ઈસ્લામે બતાવ્યું કે જવાબમાં وَعَلَیْکُمُ السَّلَام કહેવામાં આવે.

## મુસાફો, મુઆનેકો, બોસો અને ક઼યામ

**હદીષ-૧** : ઈમામ અહમદ વ તિર્મિઝી વ ઈબ્ને માજાએ બરાઅ્ બિન આ઼ઝિબ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે બે મુસલમાન ભેગા મળીને મુસાફો કરે છે તો અલગ થતા પહેલાં જ તેમની મગફેરત થઈ જાય છે. અને અબૂ દાઊદની રિવાયતમાં છે કે **જ્યારે બે મુસલમાન મળે અને મુસાફો કરે અને અલ્લાહની તારીફ કરે, ઈસ્તિગફાર કરે તો બંનેવની મગફેરત થઈ જશે.**

**હદીષ-૨** : બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં બરાઅ્ બિન આ઼ઝિબ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે શખ્સ બપોર પહેલાં ચાર રકાત (ચાશ્તની નમાઝ) પઢે તો જાણે કે તેણે શબેક઼દ્રમાં પઢી અને બે મુસલમાનો મુસાફો કરે તો કોઈ ગુનોહ બાકી નહીં રહે, બધા જ ખંખેરાઈ જશે.

**હદીષ-૩** : સહીહ બુખારીમાં ક઼તાદાથી રિવાયત છે કે કહે છે મેં અનસ رضی اللہ عنہથી પૂછયું,

શું અસ્હાબે રસૂલુલ્લાહ ﷺમાં મુસાફાનો રિવાજ હતો ?! કહ્યું, હા !

**હદીષ–૪** : ઈમામ માલિકે અતા ખુરાસાનીથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **એકબીજાથી મુસાફો કરો દિલમાંથી કપટ જતો રહેશે અને એકબીજાને હદિયો આપ્યા કરો મહોબ્બત પેદા થશે અને દુશ્મની નીકળી જશે.**

**હદીષ–૫** : ઈમામ અહમદે અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે બે મુસલમાનોએ મુલાકાત કરી અને એકબીજાનો હાથ પકડી લીધો (મુસાફો કર્યો) તો અલ્લાહ તઆલાના ઝિમ્મામાં એ હક્ક છે કે તેમની દુઆને હાજર કરી દે અને હાથ જુદો ન થાય એટલામાં તેમની મગ્ફેરત થઈ જવા પામે. અને **જે લોકો ભેગા મળીને અલ્લાહ તઆલાનો ઝિક્ર કરે છે અને ફક્ત અલ્લાહ તઆલાની રઝામંદી સિવાય બીજો કોઈ હેતુ ન હોય તો આસ્માનમાંથી અવાજ આપનાર અવાજ આપે છે, ઉભા થઈ જાવ ! તમારી મગફેરત થઈ ગઈ ! તમારા ગુનાહોને નેકીઓથી બદલી નાખવામાં આવ્યા.**

**હદીષ–૬** : તિબ્રાનીએ સલમાન رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મુસલમાન ભાઈ જ્યારે પોતાના મુસલમાન ભાઈની મુલાકાત કરે છે અને હાથ પકડે (મુસાફો કરે) તો બંનેવના ગુનાહ એ રીતે ખરી જાય છે જેવી રીતે તોફાનના દિવસે સૂકાઈ ગયેલા વૃક્ષોનાં પાદડાં અને તેમના ગુનાહ માફ કરી દેવામાં આવે છે ભલે સમુદ્રના ફીણના બરાબર હોય.

**હદીષ–૭** : ઈબ્ને નજજારે ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જે મુસલમાન પોતાના ભાઈથી મુસાફો કરે અને કોઈના દિલમાં એકબીજાથી દુશ્મની ન હોય તો હાથ જુદા થતા પહેલાં અલ્લાહ તઆલા બંનેવના પાછલા ગુનાહો માફ કરી દેશે અને કોઈ પોતાના ભાઈની તરફ મહોબ્બતની નજરે જુએ તેના દિલમાં અથવા સીનામાં દુશ્મની ન હોય તો નજર હટતા પહેલાં બંનેવના પાછલા ગુનાહ માફ કરી દેવામાં આવશે.**

**હદીષ–૮** : ઈમામ અહમદ વ તિર્મિઝીએ અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બીમારની ઈયાદત (ખબર લેવી)એ છે કે તેના કપાળ પર અથવા હાથ પર હાથ મૂકીને પૂછે કે તબીઅત કેવી છે અને પૂરી તહિય્યત એ છે કે મુસાફો કરે.

**હદીષ–૯** : તિર્મિઝીએ અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે એક શખ્સે અર્ઝ કરી કે યા રસૂલુલ્લાહ ! ﷺ કોઈ શખ્સ પોતાના ભાઈ અથવા દોસ્તથી મુલાકાત કરે તો શું તેના માટે ઝુકી જાય ? ફર્માવ્યું, નહીં ! તેણે કહ્યું, તો શું તેનાથી બાઝી જાય અને બોસો લે ? ફર્માવ્યું, નહીં ! તેણે કહ્યું, તો શું તેનો હાથ પકડીને મુસાફો કરે ? ફર્માવ્યું, હા !

**હદીષ–૧૦** : અબૂ દાઊદે રિવાયત કરી કે એક શખ્સે અબૂઝર رضی اللہ عنہથી પૂછયું, શું તમે જ્યારે હુઝૂર ﷺથી મળતા હતા તો હુઝૂર ﷺ તમારાથી મુસાફો કરતા હતા ? તો એમણે કહ્યું, મેં જ્યારે પણ મુલાકાત કરી તો હુઝૂર ﷺએ મુસાફો કર્યો. એક દિવસ હુઝૂર ﷺએ માણસને મોકલ્યો. હું ઘરમાં ન હતો જ્યારે આવ્યો તો મને બતાવવામાં આવ્યું, હું ઉપસ્થિત થયો તે સમયે હુઝૂર તખ્ત પર હતા મને દબાવી લીધો તો એ ઘણુ જ સારું હતું ! ઘણું જ સારુ હતું !

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

**મસ્અલા-૭**

# રસૂલે ખુદા ﷺ નો ગયબનો ઈલ્મ કિતાબ તથા સુન્નતની-રૌશનીમાં

**અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી**
*(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)*
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

અલ્લામુલ ગુયૂબ ખુદાએ અંબિયાએ કિરામને, ખાસ કરીને સૈયદુલ અંબિયા ﷺને અગણિત ગયબી ઈલ્મો અતા કર્યા અને આ ક્રમ કુર્આનના ઉતરાણની પૂર્ણતા સુધી ચાલુ રહ્યો.

### ★ અહલે સુન્નતનો અક઼ીદો ★

ખાલિસુલ એ'તેક઼ાદમાં ઈમામે અહલે સુન્નતે અહલે સુન્નતો અક઼ીદો આ પ્રમાણે વર્ણવ્યો છે :

★ એના પર ઈજમાઅ છે કે અલ્લાહ ﷻના આપવાથી અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ને પુષ્કળ તથા અઢળક પ્રમાણમાં ગયબોનો ઈલ્મ આપ્યો છે. આ પણ જરૂરિયાતે દીનથી છે, જે **એનો મુન્કિર (નકારનારો) હોય તે કાફિર** છે, કે મુદ્દલે નુબવ્વતનો જ મુન્કિર છે.

★ એના પર ઈજમાઅ છે કે આ મહાન ફઝ્લમાં મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺનો હિસ્સો તમામ નબીઓ (તથા) તમામ જહાનથી ઉચ્ચ તથા મહાન કક્ષાનો છે. અલ્લાહ ﷻની અતાથી હબીબે અકરમ ﷺને એટલા ગયબોનો ઈલ્મ છે જેની ગણત્રી અલ્લાહ ﷻ જ જાણે છે. મુસલમાનાનો અહીં સુધી ઈજમાઅ હતો. (ખાલિસુલ એ'તેક઼ાદ, ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે ઈસ્લામ મૌલાના અહમદ રઝા عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان, પેજ-૨૩, ૨૪, રઝા એકેડમી-મુંબઈ, ફતાવા રઝવિય્યહ, ભાગ-૧૮, પેજ-૫૮૨, કિતાબુલ એતેક઼ાદ વલ્ કલામ, રિસાલા ખાલિસુલ એ'તેક઼ાદ, ઈમામ અહમદ રઝા એકેડમી-બરેલી)

તેમજ એમાં જ છે :

★ આ સર્વ ઈજમાઓ પછી આપણા ઉલમામાં મતભેદ થયો કે અગણિત ગયબના ઈલ્મો જે મૌલા ﷻએ પોતાના મહબૂબે આ'ઝમ ﷺને અતા કર્યા, શું તે પ્રથમ દિવસથી આખરી દિવસ સુધી સર્વ કાઈનાતને સમાવે છે જેવો કે સામાન્ય રીતે આયતો તથા હદીષોનો ફાયદો છે અથવા એમાં ખાસપણુ છે ?

ઘણા બધા જાહેરી ઈલ્મવાળા ખાસ પણા તરફ ગયા છે. અને સામાન્યપણે ઉલમાએ બાતિન અને તેમના અનુસરણમાં ખૂબ જ અધિક પ્રમાણે ઉલમાએ ઝાહિરે આયતો તથા હદીષોને તેમના સામાન્યપણા પર રાખી.... અમારો મુખ્તાર, ક઼ૌલે આખિર છે જે સામાન્ય આરિફો તથા પુષ્કળ પ્રમાણમાં અઅલામનો મસ્લક છે. *(ખાલિસુલ એતેક઼ાદ, મુલ્તકતન, પેજ-૨૬, ૨૭, રઝા એકેડમી-મુંબઈ, રિસાલા ફતાવા રઝવિય્યહ)*

### ★ વહાબી ફિર્ક઼ાનો અક઼ીદો ★

એનાથી ઉલ્ટુ વહાબી ફિર્ક઼ાના ઈમામ, મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી પોતાના ગિરોહનો મઝહબ આ દર્શાવે છે :

*"અલ્લાહના જેવો ઈલ્મ કોઈ અન્ય માટે સાબિત કરવું" તો આ અક઼ીદાથી માણસ અલ્બત્ત મુશ્રિક થઈ જાય છે, ચાહે એ અક઼ીદો અંબિયા, અવલિયાથી રાખે, ચાહે પીર તથા શહીદ સાથે, ચાહે ઈમામ તથા ઈમામ ઝાદાઓ સાથે, ચાહે ભૂત તથા પરી સાથે.*

*પછી ભલે એવું સમજે કે એ વાત એમને પોતાની જાતથી છે ચાહે અલ્લાહના આપવાથી. સારાંશ કે આ*

*અક઼ીદાથી દરેક રીતે શિર્ક સાબિત થઈ જાય છે. (તક઼વિયતુલ ઈમાન, પેજ–૯, પ્રથમ પ્રકરણ : શિર્ક તથા તૌહીદના બયાનમાં, રાશિદ કંપની, દેવબંદ)*

જો કોઈ મઆઝલ્લાહ ! કોઈ બંદાના માટે એવું માને કે એને "ગયબનો ઈલ્મ ઝાતી" છે, એટલે કે એને અલ્લાહના આપ્યા વગર ખુદ પોતાની જાતથી ગયબનો ઈલ્મ હાંસલ છે, તો એ જરૂર શિર્ક છે અને એવો અક઼ીદો રાખનાર મુશ્રિક છે કે કોઈની અતા (અર્પણ) વિના જાતે પોતે ગયબના આલિમ (જાણકાર) હોવું એ આલિમુલ ગયબ વશ્શહાદાની સાથે ખાસ છે.

પણ આવો અક઼ીદો કે **અલ્લાહના માહિતગાર કરવાથી, અલ્લાહની અતાથી (આપવાથી) નબી ﷺને ગયબનો ઈલ્મ હાંસલ છે, એ કદાપિ શિર્ક નથી.** બલ્કે એમાં શિર્કની કોઈ રજમાત્ર શંકા પણ નથી, કે એ નબીના ઈલ્મ માટે કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહ (કુર્આન તથા હદીષ)થી સાબિત છે. જો "ઈલ્મે અતાઈ તથા ઈત્તેલાઈ" **શિર્ક હોત તો** અલ્લાહ તઆલા કદી પોતાના કોઈ રસૂલે મુર્તઝાને ગયબ પર માહિતગાર ન કરત કે ગયબ પર માહિતગાર કરવું હક઼ીક઼તમાં ગૈરુલ્લાહને પોતાનો ભાગીદાર (શરીક) બનાવવું છે. હક્ક઼ એ છે કે ઈલ્મે અતાઈ તથા ઈત્તેલાઈ બંદાની સાથે ખાસ છે. ખુદાએ અલીમો ખબીરનો ઈલ્મ કદી અતાઈ (કોઈનો અર્પણ કરેલો) કે ઈત્તેલાઈ (માહિતી આપેલો) હોય જ નથી શકતો.

અતા (અર્પણ) તેને કરવામાં આવે છે જેની પાસે ન હોય, અને અલ્લાહ પાસે તો સર્વ કાંઈ છે, સર્વ ગયબી ઈલ્મો જેની કોઈ હદ કે સીમા નથી એ તેને હમેશાંથી ઉપલબ્ધ છે અને હમેશાં રહેશે. તેના ઈલ્મી ખજાનાઓમાં શું કમી છે કે કોઈ તેને આપશે ! તે પણ ગૈરુલ્લાહ ! કે જે પોતે જ મોહતાજ તથા હાદિષ તથા ફાની છે. કોઈ છે જે તેને કોઈ ગયબ પર માહિતગાર કરશે ?! અને કયો ગયબ છે જેના પર અઝલથી અબદ (હમેશાંથી હમેશાં) સુધી માહિતગાર નથી ? તો પછી કયા ગયબ પર કોઈ બંદો માહિતી આપશે ?!

સારાંશ કે જ્યારે તે અલ્લામુલ ગુયૂબનો ઈલ્મ અતાઈ (કોઈનો આપેલો) હોય જ નથી શકતો તો પછી તેની અતા (આપવાથી) તથા ઈત્તેલાઅ (ખબર) આપવાથી અંબિયા (નબીઓ) માટે ઈલ્મે ગયબ માનવો શિર્ક થશે નહીં. "અલ્લાહકા સા ઈલ્મ" (અલ્લાહ જેવો ઈલ્મ) કોઈને માટે સાબિત કરવો શિર્ક છે, તો શું "ઈત્તેલાઈ તથા અતાઈ" (ખબર કરવામાં આવેલો કે અર્પણ કરેલો) ઈલ્મ નબીના માટે માનવો "અલ્લાહના જેવો ઈલ્મ" છે ? જ્યારે તેનો ઈલ્મ અતાઈ થઈ જ નથી શકતો તો બંદાના માટે આ ઈલ્મ માનવો કદાપિ કદાપિ "અલ્લાહના જેવો" ઈલ્મ માનવું નથી, પછી શર્ક ક્યાંથી આવી ગયું ?! આ બાબત એટલી સ્પષ્ટ તથા રોશન છે કે એમાં કોઈ બુધ્ધિવાન તથા શાણાપુરૂષને કોઈ ખટકો હોઈ જ નથી શકતો.

હા ! જો વહાબી ફ઼િર્ક઼ાના ઈમામ અલ્લાહ તઆલાનો ઈલ્મ કોઈની ઈત્તેલાઅ (કોઈના ખબર આપવા)થી તથા અતાથી માને છે એટલા માટે અંબિયાએ કિરામના માટે એ ઈલ્મ સાબિત કરવું શિર્ક કહે છે ! તો બતાવવામાં આવે કે :–

★ કિતાબુલ્લાહથી એના માટે શું સબૂત છે ?

★ નબવી હદીષોથી એના પર શું સાબિતી છે ?

★ સલફ઼ે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો) તથા ખલફ઼ે રબ્બાનિય્યીન (પાછલા ઉલમા સુલહા)થી એના પર શું સાબિતી છે ?

★ બુધ્ધિ તથા સમજ સાથે એને શું સંબંધ છે ?

વાત સાફ, સુથરી, કોઈ જાતની હેર ફેર વિના આલિમાના વકારની સાથે થવી જોઈએ.

**હા ! અમે અહલે હક્ક એહલે સુન્નત વ જમાઅતનો એતેકાદ (અકીદો) છે કે અલ્લાહ તબારક વ તઆલાએ અંબિયા તથા મુરસલીન (નબીઓ તથા રસૂલો) عَلَيْهِمُ السَّلَامُને ગયબ પર માહિતગાર કર્યા, બીજા શબ્દોમાં ઈલ્મે ગયબ અતા કર્યો એ કિતાબ તથા સુન્નતે રસૂલુલ્લાહ ﷺથી સાબિત છે.**

## અહલે સુન્નતની દલીલો

### કિતાબુલ્લાહથી ઈલ્મે ગયબની સાબિતી

૧. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

الطَّيِّبِ ؕ وَ مَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ وَ لٰكِنَّ اللّٰهَ يَجْتَبِيْ مِنْ رُّسُلِهٖ مَنْ يَّشَآءُ

"અલ્લાહની એ શાન નથી કે (હે સામાન્ય લોકો !) તે તમને ગયબ પર માહિતગાર કરે, **પરંતુ** અલ્લાહ પોતાના રસૂલોમાંથી જેને ચાહે ગયબના માટે ચૂંટી કાઢે છે." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૭૯)*

૨. અલ્લાહનું ફર્માન છે :–

عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖۤ اَحَدًا ۙ اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ

"અલ્લાહ આલિમુલ ગયબ છે, તો **તે પોતાના ગયબ પર કોઈને માહિતગાર નથી કરતો સિવાય પોતના પસંદીદા રસૂલોના."** *(સૂ. જિન, ૭૨/૨૬,૨૭)*

૩. રબ તઆલાનો ઈર્શાદ છે : وَمَا هُوَ عَلَى الْغَيْبِ بِضَنِيْنٍ "અને **આ નબી ગયબ બતાવવામાં** કંજૂસ નથી." *(સૂ. તકવીર, ૮૧/૨૪)*

૪. ઈર્શાદે ખુદાવંદી છે :–

تِلْكَ مِنْ اَنْۢبَآءِ الْغَيْبِ نُوْحِيْهَاۤ اِلَيْكَ **"હે નબી ! આ ગયબની ખબરો અમે તને વહી કરીએ છીએ.** (ગુપ્ત રીતે બતાવીએ છીએ) *(સૂ. હૂદ, ૧૧/૪૯)*

૫. ઈર્શાદે ઈલાહી છે :–

وَ عَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ؕ وَ كَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا

"અને હે મહબૂબ ! **અમે તમને તે સર્વ ઈલ્મો શીખવાડી દીધા જે આપ જાણતા ન હતા અને આપના પર અલ્લાહનો મહાન ફઝ્લ છે."**

*(સૂ. નિસાઅ, ૪/૧૧૩)*

૬. તેમજ અલ્લાહનો ઈર્શાદ છે : ذٰلِكَ مِنْ اَنْۢبَآءِ الْغَيْبِ نُوْحِيْهِ اِلَيْكَ **"આ ગયબની ખબરો છે જે અમે તારી તરફ વહી કરી છે."** *(સૂ. આલે ઈમરાન, ૩/૪૪)*

આ આયતો સાક્ષી પૂરી રહી છે કે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલોને ગયબની વાતો વહી થકી જણાવી, પોતાના પસંદીદા રસૂલો પર ગયબ જાહેર કર્યું, તેમને ગયબથી માહિતગાર કર્યા, તેમને ગયબની ખબર આપી.

અમે એ જ "ગયબની ખબર આપવું, ગયબને જાહેર કરવું અને ગયબની વહી કરવી"ને "અતાએ ગયબ" (ગયબનો ઈલ્મ આપવું)થી તા'બીર કરીએ છીએ, તો સાબિત થયું કે આલિમુલ ગયબ عَزَّوَجَلَّએ પોતાના રસૂલે મુજતબા તથા પોતાના પસંદીદા રસૂલોને ગયબી ઈલ્મો અતા કર્યા, અને આયત નં. ૩થી એ સાબિત થાય છે કે હુઝૂર ﷺને ઈલ્મે ગયબ હાંસલ છે, અને આપ દરિયાદિલી (ફૈયાઝી) અને વિશાળ હ્રદયતાથી તેને વર્ણવે પણ છે, એવું નથી કે અમુક બતાવે અને અમુક ન બતાવે. **આ મુબારક આયતોના મુજબ મુસલમાન હુઝૂર ﷺના માટે ઈલ્મે ગયબ માને છે. પણ "અલ્લાહના જેવો ઝાતી ઈલ્મે ગયબ" નહીં, બલ્કે કેવળ અતાઈ**

**(અર્પણ થયેલો) માને છે, પણ ''વહાબી'' ઝાતી તથા અતાઈ સૌને શિર્ક કહે છે !**

ઈમામે અહલે સુન્નત رضی اللہ عنہ એ ''અતાઈ ઈલ્મે ગયબ''ની સાબિતીમાં કુર્આને હકીમની આયાતે શરીફથી ખૂબ જ જબરદસ્ત દલીલો કરી છે. અમે અહીં તે દલીલો તેમના જ શબ્દોમાં સાધારણ ફેરફાર તથા સંપાદન સાથે નકલ કરીએ છીએ. આપ લખે છે :–

૭. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَ نَزَّلْنَا عَلَیْكَ الْكِتٰبَ تِبْیَانًا لِّكُلِّ شَیْءٍ وَّ هُدًى وَّ رَحْمَةً وَّ بُشْرٰى لِلْمُسْلِمِیْنَ۠

''અને હે મહબૂબ ! અમે તમારા પર ''કિતાબ'' ઉતારી જે દરેક ચીજનું રોશન વર્ણન છે અને મુસલમાનો માટે હિદાયત તથા રહમત તથા ખુશખબરી.'' *(સૂ. નહ્લ, ૧૬/૮૯)*

૮. ખુદાએ પાક ફર્માવે છે :–

مَا كَانَ حَدِیْثًا یُّفْتَرٰى وَ لٰكِنْ تَصْدِیْقَ الَّذِیْ بَیْنَ یَدَیْهِ وَ تَفْصِیْلَ كُلِّ شَیْءٍ

''કુર્આન તે વાત નથી જે બનાવવામાં આવે, બલ્કે આગલી કિતાબોનું સમર્થન છે, અને દરેક ચીજનું સાફ સાફ અલગ અલગ વર્ણન.'' *(સૂ. યૂનુસ, ૧૨/૧૧૧)*

૯. ખુદાએ અલીમનું ફર્માન છે : مَا فَرَّطْنَا فِی الْكِتٰبِ مِنْ شَیْءٍ ''અમે કોઈ ચીજ બાકી નથી રાખી.'' *(સૂ. અન્આમ, ૬/૩૮)*

જ્યારે ફુર્કાને મજીદ દરેક ચીજનું રોશન તથા વિગતવાર વર્ણન છે અને અહલે સુન્નતના મઝહબમાં ''શય'' (ચીજ) દરેક મૌજૂદને કહે છે તો અર્શથી ફર્શ સર્વ કાઈનાત, સર્વ મૌજૂદ ચીજો આ વર્ણનના વર્તુળમાં સામેલ છે.

અને સર્વ મૌજૂદ ચીજોમાં લોહે મેહફૂઝનું લખાણ પણ છે જેથી વિના શંકાએ આ વર્ણનો તેના લખાણને પણ સમાવે છે.

હવે એ પણ કુર્આને અઝીમને પૂછી જોઈએ કે લોહે મેહફૂઝમાં શું શું લખ્યું છે ?

★ અલ્લાહનો ઈર્શાદ છે : وَ كُلُّ صَغِیْرٍ وَّ كَبِیْرٍ مُّسْتَطَرٌ ''દરેક નાની મોટી ચીજ સૌ લખેલુ છે.'' *(સૂ. કમર, ૫૪/૫૩)*

★ ઈર્શાદે બારી છે :–

وَ كُلَّ شَیْءٍ اَحْصَیْنٰهُ فِیْۤ اِمَامٍ مُّبِیْنٍ۠

''દરેક ચીજ અમે એક ''રોશન પેશવા''માં જમા કરી આપી.'' *(સૂ. યાસીન, ૩૬/૧૨)*

★ અલ્લાહનો ઈર્શાદ છે :–

وَ لَا حَبَّةٍ فِیْ ظُلُمٰتِ الْاَرْضِ وَ لَا رَطْبٍ وَّ لَا یَابِسٍ اِلَّا فِیْ كِتٰبٍ مُّبِیْنٍ

''કોઈ દાણો નથી જમીનની અંધારીઓમાં અને ન કોઈ તર અને ન કોઈ સૂકુ, પણ એ કે સર્વ એક રોશન કિતાબમાં લખેલુ છે.'' *(સૂ. અન્આમ, ૬/૫૯)*

## ★ નકરા નફી હેઠળ ઉમૂમનો ફાયદો આપે છે ★

''નકરા'' નફી હેઠળ ઉમૂમ માટે ફાયદામંદ છે, અને શબ્દ ''કુલ'' તો એવો આમ (સામાન્ય) છે કે કદી ખાસ થઈને વપરાતો જ નથી. અને આમ ઈફાદાએ ઈસ્તેગરાકમાં કતઈ છે. અને નુસૂસ હમેશાં જાહેર પર મહમૂલ (આધારિત) થશે. શરઈ દલીલ વગર એમાં અર્થઘટન (તાવીલ) તથા ખાસ કરવાની ઈજાઝત નથી, નહીં તો શરીઅતથી અમાન ઉઠી જશે. તો محمد اللہ تعالٰی કેવું નસ્સે શરઈ તથા કતઈથી રોશન થયું કે આપણા હુઝૂર સાહિબે કુર્આન ﷺને અલ્લાહ તઆલાએ સર્વ મૌજૂદાત (અસ્તિત્વવાળી ચીજો), સર્વ مَاكَانَ وَمَايَكُوْنُ اِلٰى يَوْمِ الْقِيَامَةِ (જે કાંઈ થઈ ગયું અને જે કાંઈ કયામત સુધી થશે) અને લોહે મેહફૂઝમાં

લખવામાં આવેલ સર્વનો ઈલ્મ આપ્યો. **પૂર્વ તથા પશ્ચિમ, આસ્માન તથા જમીન અને અર્શ તથા ફર્શમાં કોઈ રજકણ હુઝૂર ﷺના ઈલ્મથી બહાર ન રહ્યો.**

અને જયારે કે આ ઈલ્મ કુર્આને અઝીમના تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ (દરેક ચીજનું રોશન બયાન) હોવાએ આપ્યો અને પૂર્ણપણે જાહેર કે આ વસ્ફ (ખૂબી) કલામે મજીદ પૂર્ણનો છે ન દરેક આયતનો ન દરેક સૂરતનો. તો કુર્આનના સંપૂર્ણ નુઝૂલથી પહેલાં જો અમુક અંબિયા عَلَيْهِمُ السَّلَام ની નિસ્બત ઈર્શાદ થયો : لَّمْ نَقْصُصْ عَلَيْكَ (અમે તમને અમુક રસૂલોના અહવાલ ન વર્ણવ્યા. સૂ. ગાફિર, ૪૦,૭૮) અથવા મુનાફિકોના બારામાં ફર્માવવામાં આવે : لَا تَعْلَمُهُمْ (તમે એમને નથી જાણતા. સૂ. તૌબા, ૯/૧૦૧) તો એ કદાપિ એ આયતોના વિરૂધ્ધ અને ઈલ્મે મુસ્તફવીના ઘેરાવને નકારનાર નથી.

અલ્હમ્દુલિલ્લાહ ! તાઈફાએ વહાબિયા (મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી) જેટલા પ્રમાણમાં કિસ્સાઓ તથા રિવાયતો અને અખ્બાર (ખબરો) તથા હિકાયતો મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના મહાન ઈલ્મને ઘટાડવાના માટે કુર્આની આયતોના મુકાબલામાં પેશ કરે છે, એ સૌનો જવાબ આ જ બે વાક્યોમાં થઈ ગયો." *(રિસાલા અંબાઉલ મુસ્તફા બહાલે સિર્ર વ ઈખ્ફા, પેજ નં. ૪ થી ૬, રઝવી કિતાબ ઘર, બરેલી શરીફ)*

આ દલીલનો પાયો આયતે કરીમા : وَنَزَّلْنَا عَلَيْكَ الْكِتٰبَ تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ (અને અમે તમારા પર આ કુર્આન ઉતાર્યું કે દરેક ચીજનું રોશન વર્ણન છે. (સૂ. નહ્લ, ૧૬/૮૯) છે, જેનાથી એ સાબિત થાય છે કે કિતાબ મુકદ્દસ નાઝિલ કરીને અલ્લાહ عَزَّوَجَلَّએ પોતાના નબી ﷺને દરેક ચીજના બારામાં રોશન માલૂમાતથી માહિતગાર કર્યા. અહીં تنزیل નો શબ્દ ગયબ અતા કરવા પર દલીલ પૂરી પાડે છે.

આ મુબારક આયતોથી બે વાતો જાણવા મળી :

★ એક એ કે હુઝૂર સૈયદે આલમ ﷺને પુષ્કળ બાબતોનો ઈલ્મે ગયબ હાંસલ છે.

★ બીજી એ કે એ ઈલ્મે ગયબ આલિમુલ ગયબ ખુદાની અતાથી હાંસલ છે. જેમ કે اطلاع ،تبیان ،تنزیل ،وحی અને اظہارના શબ્દો એના માટે દલીલ પૂરી પાડે છે.

શું ખુદાએ ઝુલજલાલે પોતાના નબીઓ તથા રસૂલો عَلَيْهِمُ السَّلَامને ગયબી બાબતોથી માહિતગાર કરીને તેમને પોતાના ઈલ્મમાં શરીક (ભાગીદાર) કરી દીધા ? અને શું કુર્આને મુકદ્દસની આ આયતો પર ઈમાન મઆઝલ્લાહ શિર્ક છે ?! ખુદા વહાબી કૌમને હિદાયત આપે. (ક્રમશઃ)

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

**નબીપુર** : ખાતે જનાબ ઉમરજી મુહમ્મદ કડુજી (બરકાતે ખ્વાજા માસિક તંત્રીના મામા) લગભગ ૯૦ વર્ષની વયે તા. ૪–૬–૨૦૨૪ને મંગળવાર મુ. ચાંદ ૨૬ ઝિલ કઅદા હિ.સ. ૧૪૪૫ના રોજ ઈન્તેકાલ થયો છે ❒ **ગોંડલ** : ખાતે મર્હૂમા કુલ્સુમ અબ્દુલગફ્ફાર કુડિયાનો તા. ૨૮–૫–૨૦૨૪, મંગળવાર મુ. ચાંદ ૧૯ ઝિલ કઅદા હિ.સ. ૧૪૪૫ના રોજ ઈન્તેકાલ થયો છે. ❒ **બોલ્ટન** : ખાતે હજીયાણી અમીનાબેન સુલેમાન માલજીનો તા. ૧૫–૬–૨૦૨૪ શનિવાર મુ. ચાંદ ૯ ઝિલ કઅદા હિ.સ. ૧૪૪૫ના રોજ ઈન્તેકાલ થયો છે. ❒ **દયાદરા** : ખાતે રાબીયાબેન ઈબ્રાહીમ દિવાનનો તા. ૧૭–૬–૨૦૨૪ મુ. ચાંદ ૧૦ ઝિલ હજ્જ હિ.સ. ૧૪૪૫ સોમવાર રોજ ઈન્તેકાલ થયો છે. તથા જુબેદાબેન ઈબ્રાહીમ કાપડીયાનો તા. ૩–૬–૨૦૨૪ મુ. ચાંદ ૨૫ ઝિકઅદા હિ.સ. ૧૪૪૫ સોમવાર રોજ ઈન્તેકાલ થયો છે. તથા વલીભાઈ ઈસ્માઈલ સુરતી (સેફલી)નો તા. ૨૦–૬–૨૦૨૪ મુ. ચાંદ ૧૩ ઝિલ હજ્જ હિ.સ. ૧૪૪૫ જુમેરાતના રોજ ઈન્તેકાલ થયો છે. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન

બીજી સદીના મુજદ્દિદ ૪

# હઝરત ઈમામ અલી રઝા બિન મૂસા કાઝિમ رحمۃ اللہ علیہ

**(હિ.સ. ૧૫૩ થી ૨૦૩)**

*(કાર્યાલય)*

હઝરત ઈમામ અલી રઝા رضی اللہ عنہ ની ઝાતે સુતુદા–સિફાત (સદ્ગુણોવાળી હસ્તી) ઓળખની મોહતાજ નથી. આપનું નામ મુબારક ઝબાન પર આવતાં જ આપની કુર્આની સમજ તથા ગુંચવણભર્યા મસાઈલમાં દીર્ઘદષ્ટિનો કમાલ આપણી નજરો સમક્ષો ઘુમરાવા લાગે છે. આપ પોતાની નાની વયના છતાં ઈલ્મો તથા વિદ્યાઓ, અને ફઝાઈલ તથા કમાલોમાં સમકાલિનો પર છવાયેલા તથા વધીને જોવા મળે છે. આપ બીજી સદીના મુજદ્દિદ છે જેવું કે એની સ્પષ્ટતા ઈબ્ને અષીરે "જામિઉલ ઉસૂલ"માં, તાહિર મુહદ્દિષે પાનીપતીએ "મજમઉલ બહારુલ અન્વાર"માં અને મૌલાના યાસીન અખ્તર મિસ્બાહીએ "ઈમામ અહમદ રઝા ઔર જદીદ ઈફ્કારો નઝરિયાત"માં મુજદ્દિદની હેસિયતથી આપની ગણના કરી છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ આપના વસીલાથી આ પ્રમાણે દુઆ કરી :–

*સિદ્કો સાદિક઼ કા તસદ્દુક઼ સાદિકુલ ઈસ્લામ કર*
*બેગઝબ રાઝી હો કાઝિમ ઔર રઝા કે વાસ્તે*

**ઓળખ :** આપનો જન્મ મદીના શરીફમાં પંજ શમ્બા (જુમેરાત) ૧૧–રબીઉલ આખર હિ.સ. ૧૫૩, ઈ.સ. મુજબ ૭૭૦ ખલીફા અબૂ જઅફર મન્સૂર અબ્બાસીના દૌરમાં થઈ. (શવાહિદુન્નબુવ્વત, પેજ–૧૩૯) અમુકે રબીઉલ આખરને બદલે રબીઉલ અવ્વલ લખ્યું છે.

**નામ તથા લક઼બો :** આપનું નામ મુબારક અલી, કુન્નિયત : સામી, અબુલ હસન, અને અલ્ક઼ાબ : સાબિર, વલી, ઝામિન અને રઝા વગેરે છે, જેમાં સૌથી અધિક મશ્હૂર 'રઝા' છે.

અબૂ જઅફર મુહમ્મદ બિન અલી રઝાને કહેવામાં આવ્યું, આપના પિતાનું નામ મામૂને "રઝા" રાખ્યું અને તેમને વલી અહદ (અનુગામી) બનાવવા માટે રાજી હતો. તો આપે કહ્યું, અલ્લાહ સુબ્હાનહૂએ એમનું નામ રઝા રાખ્યું કેમ કે એ આસ્માનોમાં અલ્લાહની રઝા હતા અને જમીનમાં એના રસૂલની રઝા હતા. આપને આગલા બાપદાદાઓમાં એ કારણે વિશિષ્ટતા હાંસલ છે કે આપથી સમર્થકોની જેમ વિરોધીઓ પણ રાજી હતા. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૧૩૯)*

**નબી કરીમ صلی اللہ علیہ وسلم ની બશારત :** શવાહિદુન્નબુવ્વતમાં વર્ણન થયેલ છે : હઝરત ઈમામ મૂસા કાઝિમ رضی اللہ عنہ નાં વાલિદા મોહતરમા ફર્માવે છે, "મેં મારા ખ્વાબમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની ઝિયારત કરી. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ મને ઈર્શાદ ફર્માવ્યો, તમે તમારી કનીઝ નજમા (ઉમ્મે વલદ)ને તમારા પુત્ર મૂસા કાઝિમના હવાલે કરી દો. એનાથી નજીકમાં જ એક એવો સપૂત પુત્ર પેદા થશે તે જમીનવાળાઓના બેહતરીન લોકોમાંથી હશે." જેથી એવું જ થયું. હઝરત ઈમામ અલી رضی اللہ عنہ નાં વાલિદા માજિદાથી રિવાયત થયેલ છે કે, જ્યારે હું તેમનાથી સગર્ભા થઈ તો મેં પેટમાં ભારેપણુ અને કોઈ તકલીફને મહેસૂસ નથી કરી. અને જ્યારે હું સૂતી તો પોતાના પેટથી તસ્બીહ તથા તહલીલના અવાજો સાંભળતી જેનાથી મારા દિલમાં ભય તથા ગભરાહટ છવાઈ જતી. અને જ્યારે આ દુનિયામાં ક઼દમ રાખ્યો તો પોતાના હાથોને જમીન પર ટેકવ્યા અને આસ્માનની તરફ નજર કરી એ હાલમાં કે તેમની જીભ હલનચલન કરી રહી હતી, જાણો કે કોઈની સાથે વાત કરી રહ્યા હોય અને કોઈની સાથે મુનાજાત કરી રહ્યા હોય." *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૨૪૦)*

**ફઝાઈલ તથા કમાલો :** રબ્બે કદીરે આપની જાતમાં સર્વ ખૂબીઓ ભેગી કરી આપી હતી. એ જ કારણે ટૂંકા ગાળામાં જ આપના ઈલ્મો તથા વિદ્યાઓની ખ્યાતિ પૂરી દુનિયામાં ફેલાઈ ગઈ. ત્યાં સુધી કે એ દૌરની મહાન હસ્તીઓએ આપની મુકદ્દસ બારગાહમાં શાગિર્દીનો શરફ હાંસલ કર્યો. જ્યારે પણ આપની બારગાહમાં કોઈએ કોઈ વિકટ પ્રશ્ન રજૂ કર્યો તો સંતોષકારક જવાબ પામ્યો અને જો કોઈનાથી કદી ચર્ચા બહષ થઈ તો આપે આપના સવાલો તથા જવાબોથી તેને આશ્ચર્યમાં ડૂબાડી દીધો.

જ્યારે ખલીફા મામૂને પોતાની શાહઝાદીના નિકાહ ઈમામ અલી રઝા رحمۃ اللہ علیہથી કરી આપ્યા અને દોલત તથા સલ્તનત સોંપવા ચાહ્યું તો અબ્બાસીઓએ એ વાતને નાપસંદ કરી. ખલીફા મામૂને સ્પષ્ટતા કરી કે મેં તેમને ઈલ્મો ફઝ્લમાં અજોડ તથા અનુપમ પામ્યા એટલા માટે મેં એનો ઈરાદો કર્યો. પરંતુ અબ્બાસીઓના દિમાગોમાં આ બાબત ખટકતી રહી. તેમણે ઈમામ અલી રઝાને ઝલીલો રુસ્વા (બેઈજ્જત બદ્નામ) કરવાનો અને મામૂનના દિલેથી તેમની ઈજ્જત તથા મહોબ્બત કાઢવાનો મજબૂત નિશ્ચય કરી લીધો. જેના માટે તેમની સાથે મુનાઝરાના રૂપની એક મજલિસ ગોઠવી, અને તેમના મુકબલામાં એક અજોડ મુનાઝિર "યહ્યા બિન અકષમ"ને ઉભા કર્યા.

યહ્યાએ આપને વિવિધ સવાલો કર્યા તેના આપે સંતોષજનક જવાબો આપ્યા અને તેને એટલા પ્રમાણમાં સ્પષ્ટ કર્યા કે મજલિસના લોકોએ મોંમાં આંગળીઓ નાખી દીધી. ત્યાર બાદ મામૂને ઈમામને કહ્યું, હવે આપ યહ્યાને સવાલ કરો જેથી અવામ (પબ્લિક)ના દિલો પર આપની ઈજ્જત તથા એહતેરામ જામી જાય. આપે તેમને ફર્માવ્યું, સવારના સમયે એક પુરૂષે એક સ્ત્રીની તરફ જોયું એ વખતે તેણી એના પર હરામ હતી. તુલૂએ આફતાબના સમયે તેણી તેના પર હલાલ થઈ ગઈ. ઝહોરના સમયે ફરી તેના પર હરામ થઈ ગઈ, અસરના સમયે ફરી હલાલ થઈ, મગરિબના સમયે ફરી હરામ થઈ અને ઈશાના સમયે ફરી હલાલ થઈ. અડધી રાતે ફરી હરામ થઈ અને ફજરના સમયે ફરી હલાલ થઈ. તો આપ આ મસ્અલાના બારામાં શું ફર્માવો છો ?

યહ્યા બિન અકષમ આ સવાલ સાંભળીને આશ્ચર્યમાં પડી ગયા અને અર્ઝ કરી, આલી જાહ ! મને એના સંબંધે કાંઈ જ માલૂમ નથી !

હઝરત ઈમામ અલી રઝા رضی اللہ عنہએ વર્ણવેલ મસ્અલાની આ મુજબ સ્પષ્ટતા કરી : સવારના સમયે એક અજનબીએ લોંડી તરફ જોયું તે વખતે તેણી તેના પર હરામ હતી. તુલૂએ આફતાબ વખતે તેણે તેણીને ખરીદી લીધી, તો તેણી તેના માટે હલાલ થઈ ગઈ. ઝહોર વખતે તેણીને તેણે આઝાદ કરી દીધી તો તેણી તેના માટે હરામ થઈ ગઈ. અસરના સમયે તેણે તેણી સાથે નિકાહ કરી લીધા તો તેણી હલાલ થઈ ગઈ. મગરિબ વખતે તેણે ઝેહાર કર્યો (એક પ્રકારની તલાક) તો ફરી હરામ થઈ ગઈ અને ઈશાના સમયે કફ્ફારો આપ્યો તો હલાલ થઈ ગઈ. અડધી રાતે તલાકે બાઈન આપી તો ફરી હરામ થઈ ગઈ. અને ફજરના વખતે તેણે નિકાહ કરી લીધા તો ફરી હલાલ થઈ ગઈ. *(તઝકેરતુલ મશાઈખે કાદરિયા બરકાતિયહ રઝવિય્યહ, પેજ–૧૬૮, મત્બૂઆ કાદરી કિતાબ ઘર, બરૈલી)*

આ સંતોષજનક જવાબ સાંભળીને હાજરજનો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા અને મામૂન પણ તેમની સુક્ષ્મદૃષ્ટિ તથા દીર્ઘદૃષ્ટિથી બેહદ પ્રભાવિત થયો અને સલ્તનતની સર્વ બાબતોને તેમના હવાલે કરવાનો પાકો નિશ્ચય કરી લીધો અને તેમને એ વાતથી ખબરદાર કર્યા. પરંતુ આપે ઈન્કાર કર્યો, જેવું કે મૂસા ઈબ્ને સલમાએ વર્ણવ્યું છે. *(તહઝીબુલ કમાલ ફી અસ્માઉર્રિજાલ, ૨૧/૧૪૮૦)*

જ્યારે સતત આગ્રહ કરવાથી ઈન્કારનો કોઈ અવકાશ ન રહ્યો તો કેટલીક શરતો સાથે આપે મંજૂર

કરી લીધું. સારાંશ ૫–રમઝાનુલ મુબારક, જુમેરાતના દિવસે એક આલીશાન કોન્ફ્રન્સ આયોજીત કરવામાં આવી જેમાં હઝરત ઈમામ અલી રઝા رضی اللہ عنہની તાજપોશી કરવામાં આવી. ત્યાર બાદ સમયના ખલીફાએ પોતાના પુત્રને હુકમ આપ્યો કે પ્રથમ તમે એમનાથી બયઅત કરો. તે બાઅદબ ઉઠીને તા'ઝીમ તથા સન્માન બજાવી લાવ્યો અને તેમનાથી બયઅત કરી. મામૂને ખૂબ જ ઉદાર દિલીનું પ્રદર્શન કરતાં મોઘી કિંમતના ઝર જવેરાત હાજરજનો પર લૂટાવ્યાં. પછી હઝરત ઈમામ અલી રઝા رضی اللہ عنہએ હમ્દો સલાત બાદ વિશાળ મજમાને સંબોધીને ફર્માવ્યું, હે લોકો ! બેશક ! રસૂલુલ્લાહ ﷺના તુફૈલ અમારો તમારા પર હક્ક છે, અને તમારો અમારા પર. તો જ્યારે તમે એ હક્ક અમને અદા કરી દો તો તમારા માટે અમારા પર ફૈસલો વાજિબ છે. વસ્સલામ.

*(તશરીફુલ બશર, પેજ–૯૮)*

**હઝરત ઈમામ અલી રઝા, મુહદ્દિષ ઉલમાની નજરમાં** : અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ તારીખે નીશાપૂરથી નકલ કર્યુ છે, "જ્યારે આપ નીશાપૂર તશરીફ લઈ ગયા તો મુલાકાતીઓની પુષ્કળ ભીડના કારણે લોકોને માટે ચાલવું મુશ્કેલ થઈ ગયું. આપ એક ખચ્ચર પર સવાર હતા અને લોકોએ આપના માથા પર છત્રી લગાડેલી હતી જેના કારણે પબ્લિક આપના ચહેરાના દીદાર કરી શકતી ન હતી. એ વખતે અબૂ ઝરઆ રાઝી (વફાત : હિ.સ. ૨૬૪) અને મુહમ્મદ બિન અસ્લમ તૂસી (વફાત : હિ.સ. ૨૪૨)એ જેઓ એ સમય મશહૂર હદીષોના હાફિઝ હતા, તેમણે આગળ વધીને ખચ્ચરની લગામ પકડી લીધી. તેમની સાથે તલબા તથા મુહદ્દિષો એટલા પુષ્કળ પ્રમાણમાં હતા કે ગણી શકાતા ન હતા. તે બંનેવે અતિશય આજીજીપૂર્વક અરજ કરી કે, હુઝૂર ! તમારા જમાલે બાકમાલથી લોકોને મુશર્રફ કરો અને તમારા બાપદાદાઓની કોઈ હદીષ સંભળાવો. તો આપે ખચ્ચર રોકી દીધું અને નકાબ હટાવી દીધો. લોકોની આંખો આપના શાનદાર ચહેરાને ઠંડી થઈ. તેઓ આપના ફયઝે કરમથી નસીબવંત થવા માટે એટલા પ્રમાણમાં બેકાબૂ થયા હતા કે જો આપને ન મળી શકતા તો આપના ખચ્ચરના પગો ચૂમતા અને તેને પોતાના માટે રહમતનો સબબ સમજતા. ત્યાર બાદ આપે હદીષ રિવાયત કરી : મને મારા પિતા મૂસા કાઝિમે બતાવ્યું, તે પોતાના પિતા જઅફર સાદિકથી રિવાયત કરે છે, અને જઅફર સાદિક પોતાના પિતા મુહમ્મદ બાકિરથી રિવાયત કરે છે. અને તે પોતાના પિતા ઝયનુલ આબિદીનથી રિવાયત કરે છે. અને તેમણે પોતાના પિતા શહીદે કર્બલા ઈમામ હુસૈન رضی اللہ عنہથી રિવાયત કરી છે. તે પોતાના પિતા મૌલા અલી رضی اللہ عنہથી રિવાયત કરે છે. મૌલા અલીએ ફર્માવ્યું, મને મારા મહબૂબ, મારી આંખોની ઠંડક રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મને જિબ્રઈલ علیہ السلامએ જણાવ્યું કે મને રસૂલુલ્લાહ عزوجل تعالیٰએ બતાવ્યું કે, **લાઈલાહ ઈલ્લલ્લાહ મારો કિલ્લો છે, તો જેણે લાઈલાહ ઈલ્લલ્લાહ પઢી લીધું તો મારા કિલ્લામાં દાખલ થઈ ગયો. અને જે મારા કિલ્લામાં દાખલ થઈ ગયો તો મારા અઝાબથી બચી ગયો.** પછી આપે આપના ચહેરા મુબારકથી આડરૂપ પર્દાને હટાવ્યો તો લોકોએ પોતાની પ્યાસી આંખો તૃપ્ત કરી અને લગભગ વીસ હજાર મુહદ્દિષોએ એ હદીષને નકલ કરી.

*(અસ્સવાઈકુલ મુહર્રિકા, પેજ–૨૦૪)*

**ઈમામ અલી રઝાની અસ્નાદની બરકતો :** હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہએ ફર્માવ્યું, **"જો આ અસ્નાદ પાગલ પર પઢવામાં આવે તો જરૂરથી તે શિફાયાબ (સાજો) થશે."** *(ઉપર મુજબ)*

અબુલ કાસિમ કુશૈરીએ ફર્માવ્યું, "આ હદીષ આ જ સનદ સાથે અમુક સાસાનિયાના અમીરોને પહોંચી તો તેને તેમણે સોનાના પાણીથી લખાવી અને એટલા

પ્રમાણમાં તેમને ફયઝ પહોંચ્યો કે પોતાના વારસોને વસિયત કરી કે મારી વફાત થઈ જાય તો એને મારી કબરમાં રાખી દેજો, કદાચ ખુદા એની બરકતથી મને બખ્શી આપે. દુનિયામાં તો એમની બરકત પહોંચી જ, ત્યાં સુધી કે મામૂનના મૃત્યુ બાદ કોઈએ તેને ખ્વાબ જોયો અને પૂછયું કે અલ્લાહ عزوجل تعالیٰએ તમારી સાથે શું વર્તાવ કર્યો ? તેણે જવાબ આપ્યો કે, ''અલ્લાહ મને મારા લાઈલાહ ઈલ્લલ્લાહ બોલવા અને મારા એ વાતના સમર્થન કે (મુહમ્મદ صلی اللہ علیہ وسلمના અલ્લાહના રસૂલ છે)ના કારણે મને બખ્શી આપ્યો. *(તઝકેરતુલ મશાઈખે કાદરિયા બરકાતિયા, પેજ–૧૬૯)*

**કુર્આની સમજ** : આપના અભ્યાસની વિશાળતા અને ચિંતન તથા દષ્ટિની ગહરાઈ ખાસ કરીને આપની કુર્આનમાં બારીક બીની (સુક્ષ્મ દષ્ટિ)ના સમયના માયનાઝ ઉલમાએ કિરામ સ્વીકાર કરનારા હતા. એકવાર આપ કિંમતી ઉમદા જભ્ભો પહેરેલ હતા. જ્યારે મામૂને જોયું તો અનાયાસે બોલી પડયો, હે ઈબ્ને રસૂલ ! શું આ કપડુ આપને શોભા આપે છે ?! આપે વિના ખચકાટે કહ્યું, આવો લિબાસ અમારા પૂર્વજ બુઝુર્ગોનો પણ રહેતો હતો. હઝરત યૂસુફ علیہ الصلوٰۃ والسلام સોનાના તારોથી વણેલો જબ્બો પહેરતા હતા અને સોના જવેરાતથી સજાવેલ તખ્ત પર બેસીને હુકૂમત કરતા હતા. તેમજ કુર્આનમાં આ મૌજૂદ છે :

قُلْ مَنْ حَرَّمَ زِيْنَةَ اللّٰهِ الَّتِيْٓ اَخْرَجَ لِعِبَادِهٖ وَ الطَّيِّبٰتِ

مِنَ الرِّزْقِ ؕ

''તમે ફર્માવો, કોણે હરામ કરી અલ્લાહની તે ઝીનત જે તેણે પોતાના બંદાઓના માટે કાઢી અને પાકીઝા રોજી.'' *(સૂરએ અઅ્રાફ, ૭/૩૨)*

એકવાર ખલીફા મામૂનની તબીઅત નાદુરુસ્ત થઈ ગઈ. તેણે નજર માની કે જો આ બીમારીથી સાજો થઈ ગયો તો ઝરે કષીર (ખૂબ જ પ્રમાણમાં રૂપિયા) ખૈરાત કરીશ. જ્યારે માલિકે હકીકીએ શિફા બખ્શી તો તેણે વિવિધ આલિમોને પૂછયું કે, ''ઝરે કષીર'' કેટલા પર લાગુ થશે ? સૌએ પોત પોતાના એતબારથી જવાબ આપ્યો પણ તેને સંતોષ ન થયો. છેવટે તેણે આ પ્રશ્ન ઈમામ અલી રઝાની બારગાહમાં પેશ કર્યો, તો આપે એટલો યોગ્ય જવાબ આપ્યો કે સૌ આશ્ચર્યમાં ડૂબી ગયા. આપે ફર્માવ્યું : لَقَدْ نَصَرَكُمُ اللّٰهُ فِيْ مَوَاطِنَ كَثِيْرَةٍ ۙ ''બેશક ! અલ્લાહે બહુ જ જગાએ તમારી મદદ કરી.'' (સૂરએ તૌબા, ૯/૨૫) અને ગઝવાત તથા સરાયા ૮૩ હતા. મામૂને તેમના કૌલ પર અમલ કરતાં ૮૩ દીનાર સદકો કર્યો અને આ જવાબની સુક્ષ્મ દષ્ટિ પર ખૂબ જ પ્રભાવિત થયા. *(તઝકેરતુલ મશાઈખે કાદરિયા, બરકાતિયા, રઝવિય્યહ્, પેજ–૭૦)*

**ઈસ્લામનો પ્રચાર** : આપે દીને મતીનની ઘણી ખિદમત કરી છે. ઈસ્લામના ફેલાવાની ફિકર આપને દરેક સમયે બેચેન કરતી રહેતી હતી. આપની જિંદગીના દરેક ક્ષેત્રમાં દીનની ખિદમતની ઝલક જોવા મળે છે. આપની જ સઈ તથા કોશિશનું ફળ છે કે હઝરત મઅરૂફ કર્ખી જેવા વ્યક્તિએ આપના દસ્તે હક્કપરસ્ત પર ઈમાન લાવીને ઈલ્મો વિદ્યાઓ તથા રુશ્દો હિદાયતનાં તે ઝરણા વહેતાં કર્યા જેનાથી આજ સુધી એક જગત તૃપ્ત થઈ રહેલ છે.

**કલમી જવાહિર પારે (મૂલ્યવાન લેખક કૃતિઓ)** : કેવળ એક કિતાબનો ઉલ્લેખ મળે છે જે આપે મામૂનની ફમાઈશ પર ઈલ્મે તિબ્બમાં લખી હતી.

**વફાત** : આપે આપના ખાદિમ હરનમા ઈબ્ને અમીનથી આગાહી કરી હતી કે, હે હરનમા ! મારુ મૃત્યુ નજીક છે અને નજીકમાં જ મારા બાપદાદાઓથી મારી મુલાકાત થશે. મારુ મૃત્યુ એ રીતે થશે કે હું મામૂનની પાસે દ્રાક્ષ તથા દાડમ ખાઈશ જેના કારણે મારુ મૃત્યુ થશે. બરાબર એના મુજબ ૨૧ રમઝાનુલ મુબારક હિ.સ. ૨૦૩ જુમ્આના દિવસે ૫૫ વરસની વયે શહાદત થઈ. અલ્બત્ત શવાહિદુન્નબુવ્વતના લેખકે હિ.સ. ૨૦૮માં લખી છે.

**કબ્રે અન્વર** : તૂસના એક મહોલ્લા ''સનાયાદ''માં આપનો મઝાર આમ તથા ખાસ લોકોના શરણનુ કેન્દ્ર બનેલ છે.

# સાચા ઈબ્રાહીમી કોણ ?!

અઝ :
મૌલાના ઝહીર મિસ્બાહી
(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી જંબુસર)

આજકાલ કેટલાક એવા તત્વો તથા ગુમરાહ ભેજાંઓ નીકળેલાં છે જેઓ યહૂદી તથા ઈસાઈને પણ આપણા ભાઈ તથા ઈમાનવાળા (Believers) કહીને તેમનાથી ઈમાની ભાઈચારો સાબિત કરવા કોશિશ કરે છે, જેમ કે "મૌલાના તાહિર મિન્હાજી" તેમજ અન્ય સઉદીઓ વિશે પણ જાણવા મળેલ છે. હુઝૂર ﷺના એલાને નબુવ્વત બાદ આપણા નબી ﷺ પર જે ઈમાન નથી લાવ્યા કે ન લાવે તેઓ કદાપિ ઈમાનવાળા (Believers) નથી. કેટલાક તેમને ઈબ્રાહીમી કહીને આપણા "ભાઈ ભાઈ" સમજાવવા જાય છે, પણ આવો ! આ લેખમાં એ ગુમરાહીને કુર્આની આયતો તથા હદીષો થકી દૂર કરીને ગુમરાહોની ગુમરાહીથી બચીએ અને સત્યને સમજીએ. *–તંત્રી બરકાતે ખ્વાજા માસિક*

نَحْمَدُهٗ وَنُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

ઈબ્રાહીમ علیہ السلامની સીરતમાં વિશ્વ કક્ષાએ ઉઠનારી સમસ્યાઓનો પણ હલ છે અને મુસ્લિમ ઉમ્મતના માટે પણ ઈસ્લાહી પાઠ એમાં મૌજૂદ છે. સૌ પ્રથમ આપણે વિશ્વ કક્ષાએ થનાર મસાઈલના હવાલાથી વિચારણા કરીશું તો જે શખ્સ વર્તમાન સંજોગોને જાણે છે તે ઘણી જ સારી રીતે એ વાતને સમજે છે કે મુસલમાનને છોડીને દુનિયામાં ત્રણ પ્રકારના લોકો મોટી સંખ્યામાં જોવા મળે છે : (૧) યહૂદી (૨) ઈસાઈ (૩) મુશરીકીન. અને આ ત્રણેવ ઈસ્લામના અનુયાયીઓની સાથે સદીઓથી કોઈ ન કોઈ રીતે જંગ તથા લડાઈનો માહોલ ખડો કરતા રહે છે. ક્યારેક ધાર્મિક નિશાનીઓને લઈને, જેમ કે બયતુલ મુક઼દ્દસ, તો ક્યારેક જમીનની હદોના લીધે, તો કદીક વંશિક ભેદભાવ, જાતિવાદના નામ પર ક઼ત્લ તથા ખૂનરેજીનું બજાર ગરમ રાખે છે, તો હવે જુલ્મ તથા અત્યાચારને કઈ રીતે ખત્મ કરવામાં આવે ?

### ★ બરાહીમી હોવાના મુદ્દે એકતાની વાત ★

સીરતે ઈબ્રાહીમ علیہ السلامને વાંચશો તો આપને અંદાઝો થશે કે યહૂદી પણ પોતે પોતાને ઈબ્રાહીમ علیہ السلامની પ્રતિ સંબંધિત કરતાં પોતાને બરાહીમી કહેવામાં ગર્વ અનુભવે છે. જેમ કે તફસીરે કુર્તબી છે :

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે યહૂદી સરદારો બોલ્યા, ખુદાની ક઼સમ ! હે મુહમ્મદ ! (ﷺ) આપ સારી રીતે જાણો છો કે ઈબ્રાહીમ علیہ السلامના દીનથી અમે અધિક નજીક છીએ, તમારા તથા તમારા લોકોની સરખામણીમાં."

ઈસાઈ પણ પોતે પોતાને ઈબ્રાહીમ علیہ السلامની પ્રતિ સંબંધિત કરતાં બરાહીમી કહેવામાં ગર્વ અનુભવે છે, અને અરબના મુશ્રિકો પણ પોતાના સમયમાં પોતે પોતાને હઝરત ઈબ્રાહીમ علیہ السلامની પ્રતિ સંબંધિત કરતાં પોતાને બરાહીમી કહ્યા કરતા હતા. બલ્કે આજકાલના મુશ્રિકો પણ હઝરત ઈબ્રાહીમ علیہ السلامની ઈજ્જત કરે છે. તો આ ત્રણેવ વર્ગો હઝરત ઈબ્રાહીમ علیہ السلام પર પોતાના મૌખિક દાવાઓ થકી ઈત્તેફાક઼ પ્રદર્શિત કરે છે. યહૂદી કહે છે, અમે પણ ઈબ્રાહીમ علیہ السلامને માનીએ છીએ. ઈસાઈ કહે છે, અમે પણ ઈબ્રાહીમ علیہ السلامને માનીએ છીએ. અરબના મુશ્રિકો પણ કહેતા હતા. આ ત્રણેવ વર્ગ પોતે સાચા અર્થમાં બરાહીમી હોવાનું પોતાને ખરેખર માની લે તો દુનિયામાં એકતા સ્થપાય જશે અને દુનિયાથી

ખૂનામરકી, કત્લે આમ, ફિત્ના ફસાદનો દરવાજો જ બંધ થઈ જાય.

## ★ હઝરત ઈબ્રાહીમ ન યહૂદી હતા ન ઈસાઈ ★

ઈબ્રાહીમ علیہ السلامને માનવાના હવાલાથી કાયદેસર રીતે યહૂદી તથા ઈસાઈ (નસારા)ના પાદરીઓ, રાહિબો તથા અગ્રેસરો આપણા આક઼ા મુહમ્મદ મુસ્તફા ﷺની પાસે ભેગા થયા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે : નજરાનના ઈસાઈ અને યહૂદી આલિમો રસૂલુલ્લાહ ﷺ બારગાહમાં આપસમાં જ ઝઘડવા લાગ્યા. યહૂદી ઉલમા બોલ્યા કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام તો યહૂદી હતા. ઈસાઈ બોલ્યા કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام તો નસારા હતા. એના બારામાં અલ્લાહ عزوجل تعالیٰએ કુર્આન મજીદમાં આયતો ઉતારી :

يَاَهْلَ الْكِتٰبِ لِمَ تُحَآجُّوْنَ فِيْٓ اِبْرٰهِيْمَ وَ مَآ اُنْزِلَتِ التَّوْرٰىةُ وَ الْاِنْجِيْلُ اِلَّا مِنْۢ بَعْدِهٖ ؕ اَفَلَا تَعْقِلُوْنَ۝

"હે કિતાબીઓ ! ઈબ્રાહીમના બારામાં શા માટે ઝઘડો છો ? તૌરાત તથા ઈન્જીલ તો ન ઉતારી પણ તેમના પછી. તો શું તમને બુદ્ધિ નથી." (સૂરએ ઈમરાન, ૩/૬૫) "હે યહૂદીઓ ! તમે કેવી રીતે દાવો કરો છો કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام યહૂદી હતા, કેમ કે તેમનો જમાનો હઝરત મૂસા علیہ السلام પર તૌરાત નાઝિલ થવા પછી થયો. તો જે યહૂદિયતની શરૂઆત જ હઝરત મૂસા علیہ السلامથી થઈ તો હઝરત મૂસા علیہ السلامની પેદાઈશથી સેંકડો વર્ષો પહેલાં હઝરત ઈબ્રાહીમ علیہ السلام યહૂદી કેવી રીતે થઈ ગયા ? તમે એમનો યહૂદી હોવાનો કેવી રીતે દાવો કરી શકો છો ? અને હે ઈસાઈઓ ! તમે કેવી રીતે દાવો કરો છો કે હઝરત ઈસા علیہ السلام નસરાની હતા ? કેમ કે નસરાનિયત તો હઝરત ઈબ્રાહીમ علیہ السلامના જમાના પછી એક લાંબી મુદ્દત બાદ અસ્તિત્વમાં આવી. તો જે નસ્રાનિયત એક લાંબા જમાના પછી પેદા થઈ તો એનાથી પહેલાવાળા નબી નસ્રાની (ઈસાઈ) કેવી રીતે થઈ ગયા ?! એટલા માટે અલ્લાહ તબારક વ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યું : اَفَلَا تَعْقِلُوْنَ۝ "તો શું તમારામાં બુદ્ધિ નથી ?!"

*(સૂ. આલે ઈમરાન, ૩/૬૫, ઈબ્ને કષીર)*

مَا كَانَ اِبْرٰهِيْمُ يَهُوْدِيًّا وَّ لَا نَصْرَانِيًّا وَّ لٰكِنْ كَانَ حَنِيْفًا مُّسْلِمًا ؕ وَ مَا كَانَ مِنَ الْمُشْرِكِيْنَ۝

"ઈબ્રાહીમ ન યહૂદી હતા ન નસરાની બલ્કે દરેક બાતિલથી અલગ મુસલમાન હતા અને મુશ્રિકોમાંથી ન હતા." *(સૂરએ આલે ઈમરાન, ૩/૬૭)*

હઝરત ઈબ્રાહીમ علیہ السلام યહૂદી ન હતા કેમ કે યહૂદિયતનું ટાઈટલ હઝરત મૂસા علیہ السلامથી શરૂ થયું અને હઝરત મૂસા علیہ السلام હઝરત ઈબ્રાહીમ علیہ السلامના સેંકડો વરસો પછી દુનિયામાં તશરીફ લાવ્યા. અને યહૂદીઓનો મામલો એ પણ છે કે તેઓ હઝરત ઉઝૈર علیہ السلامને અલ્લાહના પુત્ર (ઈબ્નુલ્લાહ) કહીને તેની પૂજા કરે છે ! જ્યારે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام કેવળ અલ્લાહની ઈબાદત કરવાવાળા હતા. આ સૌ હેસિયતોથી સાબિત થાય છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام યહૂદી ન હતા. એ જ રીતે હઝરત ઈબ્રાહીમ નસ્રાની (ઈસાઈ) પણ ન હતા. કેમ કે નસ્રાનિયતની શરૂઆત હઝરત ઈસા علیہ السلامથી થઈ. અને હઝરત ઈસા علیہ السلام હઝરત ઈબ્રાહીમ علیہ السلامના સેંકડો વરસો બાદ દુનિયામાં તશરીફ લાવ્યા. વળી ઈસાઈઓ હઝરત ઈસા علیہ السلامને ઈબ્નુલ્લાહ (અલ્લાહના પુત્ર) માને છે, અને ષાલિષે ષલાષા (ત્રણ ખુદામાંના એક)નો અક઼ીદો ધરાવીને હઝરત ઈસા علیہ السلامની પૂજા કરે છે. અને હઝરત ઈબ્રાહીમ علیہ السلام કેવળ અલ્લાહ વહદહૂ લાશરીકની ઈબાદત કરનારા હતા. તો એ સૌ

એતબારથી સ્પષ્ટ થયું કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام ઈસાઈ પણ ન હતા.

તો પછી ઈબ્રાહીમ علیہ السلام શું હતા ? તો કુર્આન મજીદ ઈર્શાદ ફર્માવે છે : وَّ لٰكِنْ كَانَ حَنِيْفًا مُّسْلِمًا ''બલ્કે દરેક બાતિલથી અલગ મુસલમાન હતા.'' (સૂ. આલે ઈમરાન, ૩/૬૭) જ્યાં બાતિલ પરસ્તી મૌજૂદ છે તેઓ ચાહે અંબિયાએ કિરામને અલ્લાહના પુત્ર કે ત્રણ ખુદામાંના એક માનીને તેમની પૂજા તથા ઈબાદતનું બાતિલપણુ હોય અથવા તેમની તા'લીમાતથી બગાવતનું બાતિલપણુ હોય. ઈબ્રાહીમ علیہ السلام તો દરેક બાતિલથી જુદા હતા. તો જ્યાં કોઈ પણ પ્રકારનું બાતિલપણુ હશે બરાહીમિયત કેવી રીતે હશે ?!

પ્યારા દીની ભાઈઓ ! તમે જોયું ! યહૂદી તથા નસરા (ઈસાઈ) બંને હઝરાત ઈબ્રાહીમ علیہ السلامને પોતાની તરફ ખેંચી રહ્યા છે અને એ વાતના દાવેદાર છે કે અમે ઈબ્રાહીમ علیہ السلامના માનનારા છીએ તેમને ચાહનારા અને તેમને મહોબ્બત કરનારા છીએ. જ્યારે એ બંનેવે બારગાહે રિસાલતમાં આવીને હઝરત ઈબ્રાહીમ علیہ السلامના બારામાં ઝઘડો કરીને ઈબ્રાહીમ علیہ السلامને પોતાના તથા પોતાને તેમના સાબિત કરવાની કોશિશ કરી, તો અલ્લાહ عزوجل تعالیٰએ કુર્આન મજીદમાં સૂરએ આલે ઈમરાનમાં આયતો નાઝિલ કરી, હે યહૂદીઓ ! સૌ પ્રથમ તે લોકો જેમણે ઈબ્રાહીમ علیہ السلامની જાહેરી હયાતમાં તેમની પયરવી કરી, તેમનો હુકમ માન્યો, તેમની ફર્માંબરદારી તથા અનુસરણ કર્યું તો તેઓ ઈબ્રાહીમ علیہ السلامની નઝદીકીવાળા હતા. અને હવે જો તમે જોવા ચાહતા હોવ કે ઈબ્રાહીમ علیہ السلامના નજીકવાળા કોણ છે તો મારા મહબૂબ મુસ્તફા, ઈબ્રાહીમ علیہ السلامના નઝદીકીવાળા છે અને કયામત સુધી આવનારા ઈમાનવાળાઓ તેઓ સર્વે ઈબ્રાહીમ علیہ السلامના નઝદીકીવાળા છે. તો હે યહૂદીઓ ! અને હે ઈસાઈઓ ! તમને પોતે પોતાને બરાહીમી કહેવાનો કોઈ હક્ક નથી પહોંચતો. બરાહીમી કહેવાનો હક્ક પહોંચે છે તો નબી આખિરુઝ્ઝમાં ﷺને અને તેમના ગુલામોને પહોંચે છે. આ હકીકતને અલ્લાહ તઆલા કુર્આન મજીદમાં આદેશ આપે છે :–

اِنَّ اَوْلَى النَّاسِ بِاِبْرٰهِيْمَ لَلَّذِيْنَ اتَّبَعُوْهُ وَ هٰذَا النَّبِيُّ وَ الَّذِيْنَ اٰمَنُوْا ؕ وَ اللّٰهُ وَلِيُّ الْمُؤْمِنِيْنَ ﴿۶۸﴾

''બેશક ! સર્વ લોકો કરતાં ઈબ્રાહીમ علیہ السلامના અધિક હક્કદાર તેઓ હતા જેઓ એમના અનુયાયી થયા, અને આ નબી અને ઈમાનવાળાઓ અને ઈમાનવાળાઓનો વલી (મદદગાર) અલ્લાહ છે.''

*(સૂરએ આલે ઈમરાન, ૩/૬૮)*

## ★ બરાહીમી હોવાના દાવેદારોને ચિંતનની દા'વત ★

પ્યારા દીની ભાઈઓ ! જો યહૂદી જગત તથા ઈસાઈ જગત તથા મુશ્રિકોમાંથી કોઈ વ્યક્તિ જો ખરેખર હઝરત ઈબ્રાહીમ علیہ السلامથી મહોબ્બત કરે છે અને પોતે પોતાને બરાહીમી કહે છે અને માને છે તો એવા સર્વ લોકોને ચિંતનની દા'વત છે કે બરાહીમિયત અને તેનો ઉસ્વા તથા તરીકો અલ્લાહ عزوجل تعالیٰના આદેશ પ્રમાણે જો કોઈને મળી શકે છે તો તે તેને જ મળી શકે છે જે નબીયે આખિરુઝ્ઝમાં ﷺની નજીક આવીને તેમની ઉમ્મત અને તેમના ગુલામોમાં સામેલ થઈ જાય. કેમ કે કેવળ નબીયે મુકર્રમ, શફીએ મોઅઝ્ઝમ ﷺએ બરાહીમી ઉસ્વા તથા તરીકાને પોતાની શરીઅત થકી કાયમીપણુ તથા યથાવત સ્થિતિ અતા ફર્માવી છે. તફસીરે કુર્તબીમાં લખ્યું છે ''જો તમે ઈબ્રાહીમ علیہ السلامથી પ્યાર કરો છો તો (જુઓ કે) ઈબ્રાહીમ علیہ السلامના બનાવેલા કા'બાને ઈમામુલ અંબિયા ﷺએ કિબ્લો બનાવ્યો છે, તેના તરફ

નમાઝ પઢી અને જો તમે ઈબ્રાહીમ علیہ السلامથી પ્યાર કરો છો તો જુઓ કે ઈબ્રાહીમ علیہ السلامના કદમોના નિશાન મકામે ઈબ્રાહીમ પર બે રકાત નમાઝ અદા કરવી દરેક હાજી અને મોઅતમીર પર ઈમામુલ અંબિયા صلی اللہ علیہ وسلمએ લાઝિમ કરી. જો તમે હઝરત ઈબ્રાહીમ علیہ السلامથી મહોબ્બત કરો છો તો જુઓ કે તેમના જ ફરઝંદ ઈસ્માઈલ علیہ السلامના કદમોથી જારી થનાર ઝમઝમના પાણીને મોતબર્રક અને શિફા આપનારું સૈયદુલ અંબિયા صلی اللہ علیہ وسلمએ ઠરાવ્યું છે. જો તમે ઈબ્રાહીમ علیہ السلامથી મહોબ્બત કરો છો તો જુઓ કે તેમના પાક બીવી હઝરત હાજરા رضی اللہ عنہاના કદમોના નિશાન પર દોડવું ઈમામુલ અંબિયા صلی اللہ علیہ وسلمએ ઈબાદત ઠરાવ્યું છે. જો તમને હઝરત ઈબ્રાહીમ علیہ السلامથી મહોબ્બત છે તો જુઓ કે હઝરત ઈબ્રાહીમ علیہ السلامની સુન્નત કુર્બાનીને ઈમામુલ અંબિયા صلی اللہ علیہ وسلمએ પોતાની શરીઅતમાં બાકી રાખેલ છે, તેને તમે કરો.

હઝરત ઈબ્રાહીમ علیہ السلام પર જે ચીજો વાજિબ કરીને તેમને અજમાવવામાં આવ્યા હતા તે સૌની સૌ ઈમામુલ અંબિયા હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلمએ પોતાની શરીઅતમાં પોતાની ઉમ્મતના માટે બાકી રાખેલ છે. અમુક ચીજો વાજિબના દરજામાં રાખી છે અને અમુક ચીજો મસ્નૂન તથા મુસ્તહબના દરજામાં રાખી છે.

સારાંશ જે વાતો હઝરત ઈબ્રાહીમ علیہ السلام પર લાઝિમ હતી તે સર્વ વાતોને ઈમામુલ અંબિયા صلی اللہ علیہ وسلمએ પોતાની શરીઅતમાં બાકી રાખી છે, હઝરત ઈબ્રાહીમ علیہ السلامની આજમાઈશ દસ ચીજો થકી થઈ. પાંચ ચીજોનો સંબંધ માથા સાથે છે અને પાંચ ચીજોનો સંબંધ બાકીના પૂરા શરીર સાથે છે.

(૧) મૂછો કતરાવવી (૨) કુલ્લી કરવી (૩) નાકમાં સફાઈ માટે પાણી નાખવું (૪) મિસ્વાક કરવું (૫) માથામાં સેંથો પાડવો (૬) નખો કાપવા (૭) ડૂંટી નીચેના વાળ સાફ કરવા (૮) ખત્ના (૯) બગલના વાળ દૂર કરવા (૧૦) પાણી વડે ઈસ્તિંજા કરવો. આ સર્વ ચીજો હઝરત ઈબ્રાહીમ علیہ السلام પર વાજિબ હતી અને આપણા પર એમનામાંથી અમુક વાજિબ છે અમુક સુન્નત છે. *(તફસીરે કુર્તબી)*

મોહતરમ દોસ્તો ! આ સર્વ ચીજો જેનો સંબંધ ખલીલ علیہ السلامની સુન્નતથી છે, જો તે મળશે તો ઈમામુલ અંબિયા صلی اللہ علیہ وسلمના દીનમાં અને તેમની ઉમ્મતમાં મળશે. એટલા માટે હકીમુલ ઉમ્મત મુફતી અહમદ યારખાં નઈમી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ લખે છે : સર્વ બરાહીમી સુન્નતો ઈસ્લામમાં મૌજૂદ છે : હજ્જ, કુર્બાની, ખત્ના, દાઢી વગેરે. આ સર્વ ઈબ્રાહીમી સુન્નતો છે અને તે યહૂદ તથા નસારાના દીનમાં નથી. જેથી કેવળ મુસલમાન જ ઈબ્રાહીમી થયા. *(નૂરુલ ઈર્ફાન)*

મોહતરમ દોસ્તો ! હવે તમે પોતે જ બતાવો કે બરાહીમી કોણ થયું ? ઈબ્રાહીમ علیہ السلامનો નઝદીકીવાળો કોણ થયો ? તો યકીનન ! આપનું દિલ પણ ગવાહી આપશે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلامની નિકટતાવાળા હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم છે અને આપના વસીલાથી આપની ઉમ્મત છે. બાકાયદા અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, દરેક નબીના અમુક નબી નજીકતર હોય છે અને મારા નજીકતર (અધિક નજીક) મારા બાપ મારા રબના ખલીલ છે. પછી આપે આ આયત તિલાવત કરી કે લોકોમાં ઈબ્રાહીમથી કરીબતરીન (સૌથી નજીક) તે છે જેમણે એમની પયરવી (અનુસરણ) કર્યું અને એ નબી તથા તે લોકો જેઓ ઈમાન લાવ્યા અને અલ્લાહ વાલી છે મો'મિનોનો. *(તિર્મિઝી)*

હકીમુલ ઉમ્મત હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં નઈમી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ આ હદીષે

પાકની સ્પષ્ટતા કરતાં લખે છે : એટલે કે અંબિયાએ કિરામ હઝરાતમાં દરેક નબીને કોઈ બીજા નબી સાથે ખાસ કુર્બ (નઝદીકી), ખાસ મુનાસિબત હોય છે. જેમ કે મૂસા علیہ السلامને નૂહ علیہ السلام સાથે મુનાસિબત છે, જલાલતમાં અને કાફિરોને હલાક કરાવવામાં. અથવા ઈસા علیہ السلامને હઝરત યહ્યા علیہ السلام સાથે તારિકુદ્દ દુન્યા (દુનિયા ત્યાગી) હોવામાં. એ જ પ્રમાણે મને હઝરત ઈબ્રાહીમ علیہ السلام સાથે ખાસ કુર્બ તથા ખાસ મુનાસિબત (મળતાપણુ) છે, એટલે હું સૂરતમાં, સીરતમાં, અખ્લાક઼ની રૂએ હઝરત ઈબ્રાહીમ علیہ السلامથી ખૂબ જ મુનાસિબત ધરાવું છું, ત્યાં સુધી કે હુઝૂરનો દીને ઈસ્લામ પણ મિલ્લતે ઈબ્રાહીમ કહેવાય છે. રબ ફર્માવે છે : قُلْ بَلْ مِلَّةَ اِبْرٰهِمَ حَنِيْفًا "તમે ફર્માવો, અમે તો ઈબ્રાહીમનો દીન લઈએ છીએ. (સૂ. આલે ઈમરાન, ૩/૧૩૫) ત્યાં સુધી કે હુઝૂર અન્વરે ફર્માવ્યું કે હું ઈબ્રાહીમની હમશકલ છું જે એને જોવા ચાહે તે મને જોઈ લે."

હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمએ પોતાના ફર્માને આલીના સમર્થનમાં આ આયતે કરીમા તિલાવત કરી જેમાં હુઝૂર صلی اللہ علیہ وسلمને હઝરત ઈબ્રાહીમ علیہ السلامથી નઝદીક્તર ફર્માવવામાં આવ્યા છે. જાણવા મળ્યું કે સારાઓ સાથે નઝદીકી પણ સારી છે. હુઝૂર હબીબુલ્લાહ છે અને ખલીલથી ખાસ કુર્બ ધરાવે છે. નુરૂન અલા નૂર છે. صلی اللہ علیہ وسلم

*(મિર્અતુલ મનાજીહ)*

મોહતરમ દોસ્તો ! અલ્લાહ તઆલા પોતાના મહબૂબ علیہ السلامને ઈર્શાદ ફર્માવે છે :–

فَاتَّبِعُوْا مِلَّةَ اِبْرٰهِيْمَ حَنِيْفًا "તો ઈબ્રાહીમના દીન પર ચાલો." (આલે ઈમરાન, ૩/૯૫) એટલે કે દીને મુહમ્મદીની પયરવી કરો કે તેનુ અનુસરણ મિલ્લતે ઈબ્રાહીમીનું અનુસરણ છે. કેમ કે આ મિલ્લતે એ મિલ્લતને પોતાનામાં સમાવેલ છે. ચર્ચાનો સાર એ નીકળ્યો કે સાચો બરાહીમિયતનો દિલદાદા (ચાહક) યક઼ીનન ! ઈસ્લામમાં જ બરાહીમિયત પામશે, અને જ્યારે બરાહીમિયતની તલાશવાળો ઈસ્લામમાં બરાહીમિયત પામશે તો ઈસ્લામને અપનાવશે. અને જ્યારે તે ઈસ્લામને અપનાવશે તો મઝહબી જંગો તથા લડાઈઓ ખત્મ થઈ જશે. મઝહબના પાયા પર દેશની હદોની જંગ ખત્મ થશે, રંગ તથા વંશના ભેદભાવો દમ તોડી દેશે, કેમ કે ઈસ્લામની એકતાની ભાવનાની હારમાં પરોવાયા બાદ દરેકની અઝમત તથા શાન પણ વધી જશે અને ઝઘડા માટે ઉશ્કેરનારો જઝબો ઈસ્લામી ભાઈચારાનું પ્રતિબિંબ ફેંકનાર બની જશે અને પછી પૂરી દુનિયામાં અમ્નો અમાન અને સકૂન તથા સંતોષનો માહોલ પેદા થશે. આ રીતે બરાહીમિયત મુસ્તફવિયત સુધી પહોંચવાનો સબબ બની, પછી મુસ્તફવિયત ફિત્ના ફસાદના ખાત્મા અને અમ્નો સુકૂનનો ઝરીયો બની.

સીરતે ઈબ્રાહીમી علیہ السلامમાં મુસ્લિમ ઉમ્મતની સુધારણાનો વિષય એ છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام યહૂદી કે નસ્રાની હોવાનુ કુર્આન મજીદે જેવી રીતે નકારેલ છે તેવી જ રીતે તેમના બારામાં وَّلٰكِنْ كَانَ حَنِيْفًا مُّسْلِمًا (બલ્કે દરેક બાતિલથી અલગ મુસલમાન હતા. સૂ. આલે ઈમરાન, ૩/૬૭)ના શબ્દો વર્ણવ્યા. તો અહીં તેમનુ મુસલમાનપણુ વર્ણન કરતાં પહેલાં "હનીફા"ના થકી તેમનું દરેક બાતિલથી જુદા હોવું વર્ણવ્યું. જાણવા મળ્યું કે મુસલમાન તે જ થઈ શકે છે કે જે પ્રથમ દરેક બાતિલથી અલગ હોય. એટલા માટે હકીમુલ ઉમ્મત અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ ફર્માવે છે : મુસલમાન થવા માટે દરેક બાતિલથી બેઝાર (અલગ) હોવું અને દરેક બેદીનથી ધૃણા કરતા હોવું પ્રથમ શર્ત છે. સુલેહકુલ મુસલમાન નથી થઈ શકતો એટલા માટે "હનીફ"ને "મુસ્લિમા"થી પહેલાં વર્ણવ્યું. શુધ્ધ સોનું કિંમતી છે એવી જ રીતે શુધ્ધ મુસલમાન કયામતના બજારમાં કિંમતી છે. *(તફસીરે નૂરુલ ઈર્ફાન) –(ક્રમશઃ)*

# મેહરમ વગર સ્ત્રીનો હજ તથા ઉમરા

## શરીઅતની રૂએ

રજૂ : મૌલાના મુબારકહુસૈન મિસ્બાહી-મુબારકપુર
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

રબ તઆલાનો ઈર્શાદ છે :-

وَلِلّٰهِ عَلَى النَّاسِ حِجُّ الْبَيْتِ مَنِ اسْتَطَاعَ اِلَيْهِ سَبِيْلًا

"અને અલ્લાહના માટે લોકો પર એ ઘરનો હજ કરવું છે જે એના સુધી ચાલી શકે."

*(સૂ. આલે ઈમરાન, ૩/૯૭)*

આ ફર્માને આલીમાં પુરૂષ સ્ત્રી સૌ સામેલ છે. એટલે કે જે હઝરાત પાસે એટલો સરમાયો હોય કે ખાનએ કાબા સુધી જવા અને હજના અરકાન અદા કરવાની શક્તિ ધરાવતા હોય, અને એટલા દિવસો સુધી બીવી બચ્ચાં પુર સુકૂન રીતે ગુજારો કરી શકે છે તો એ પુરૂષો તથા સ્ત્રીઓ પર હજ્જ જિંદગીમાં એકવાર ફર્ઝ છે. પુરૂષો તથા સ્ત્રીઓ માટે તે સર્વ પાબંદીઓ તથા શરતો લાઝિમ છે જેમને શરીઅતે મુતહ્હરાએ જરૂરી ઠરાવેલ છે. પણ સ્ત્રીઓના માટે હજ તથા ઉમરા અથવા અન્ય સફરોના માટે પતિ ન હોવાની સ્થિતિમાં મેહરમ વગર એકલા કર્યો અથવા કોઈ અજનબી પુરૂષ અથવા અન્ય સ્ત્રીઓની સાથે કર્યો તો આ સર્વ સફરો નાજાઈઝ છે, અને જો હજ કર્યો તો હજ કરાહતની સાથે થશે અને **દરેક ક઼દમ પર ગુનોહ લખવામાં આવશે. આ સફર નાજાઈઝ તથા હરામ છે.**

### ★ સફરમાં મેહરમ માટે તાકીદી હુકમ ★

મોહસિને ઈન્સાનિયત હુઝૂર ﷺનો ઈર્શાદે ગિરામી છે : "હલાલ નથી એ સ્ત્રીને કે ઈમાન ધરાવે છે અલ્લાહ તઆલા અને ક઼યામત પર કે એક મંઝિલની સફર કરે પણ મેહરમની સાથે જે એની હિફાઝત સાથે." *(સહીહ બુખારી)*

ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એક સવાલના જવાબમાં લખે છે : "બાળક અથવા પાગલ અથવા મજૂસી અથવા બેશરમ, ફાસિક઼ હોય. એવો જો મેહરમ હોય તો તેની સાથે પણ સફર હરામ છે કે તેનાથી હિફાઝત ન થઈ શકશે અને હિફાઝત ન થવાનો અંદેશો હશે. **હજમાં જવું સવાબ માટે છે અને મેહરમ વિના જવામાં સવાબને બદલે દરેક ડગલા પર ગુનોહ લખવામાં આવશે."** *(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૧૦/૭૦૪)* હરમ શરીફમાં એક ગુનોહ એક લાખ ગુનાહ છે.

અને હરમ શરીફમાં એક ગુનોહ એક લાખ ગુનાહ છે. યાદ રાખશો કે સ્ત્રી બાલિગ નવયુવાન હોય અથવા આધેડ ઉમરની વિધવા હોય અથવા વૃધ્ધા કોઈ પણ ઈલાક઼ાની રહેવાસી હોય તેને પતિ અથવા મેહરમ વિના સફર કરવો જાઈઝ નથી. એ અલગ વાત છે કે આજના યુગમાં સ્ત્રીઓની બેહયાઈ અને બેપર્દગી પોતાની હદે પહોંચેલી છે. અમુક સ્ત્રીઓ રોજગાર કે નોકરી ધંધા અથવા અન્ય જરૂરતો માટે પોતાના દેશ કે અન્ય દેશોનો સફર કરવાને ગર્વની વાત સમજે છે. હવે તો સંજોગો અને સમયની ડિમાન્ડોમાં ઘણુ પરિવર્તન આવી ગયું છે. વિચાર ચિંતન તથા અમલી વર્તણૂંકમાં પણ ઘણો ફેરફાર આવ્યો છે. અમને એ માન્ય છે કે આપણા દેશમાં પાંચ સ્ત્રીઓનું ગૃપ અને ઉમરમાં ૪૫ વરસની હોવું શર્ત છે પણ હવે તો શરતો પણ ગાયબ થઈ ચૂકી છે ! ગવર્નમેન્ટ એકલી સ્ત્રીઓને પણ પરમિશન આપી રહી છે ! ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہનું કથનાનુસાર :-

"સ્ત્રીએ મેહરમ વિના હજ માટે અથવા કોઈ અન્ય કામ માટે સફર કરવો નાજાઈઝ છે. ........ અને ફાસિક મેહરમ બેકાર છે, તેનું હોવુ ન હોવું સમાન છે. અને મુત્તકી સ્ત્રીનો સંગાથ ઈમામે આ'ઝમ رضی اللہ عنہની નજીક પૂરતો નથી. અને હજ કરી લીધો તો ફરજ ઉતરી ગયો, હજ કરાહત સાથે અદા થયો અને **આ નાજાઈઝ કાર્યનો ગુનોહ અલગ."** *(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૧૦/૭૦૧)*

## હજ મંત્રાલય કે ગવર્નમેન્ટની છૂટને નહીં, શરીઅતને અનુસરો

હવે તમે હઝરાત જરા વિચારો સઊદી અરબના હજ ઉમરા મંત્રાલયે મેહરમ વિના સ્ત્રીને વીઝા આપવાની કેટલાક વરસોથી જાહેરાત કરી દીધી છે ! હિંદ તથા અન્ય દેશોની ગવર્નમેન્ટોએ પણ પરમિશન આપવાનુ શરૂ કરી આપ્યું છે. વર્તમાનકાળમાં એની જે ખરાબીઓ સામે આવી રહી છે એ સૌના સમક્ષ જાહેર છે.

જરા આપ આમ પણ વિચારો કે એક સ્ત્રીને સફર દરમ્યાન વિવિધ જાતની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અમુક મોક઼ાઓ એવા પણ ઉપસ્થિત થાય છે જ્યાં કેવળ સ્ત્રી જ પૂરતી નથી હોતી, બલ્કે સ્ત્રીઓ પુરૂષોની સરખામણીમાં ઓછી શક્તિ ધરાવે છે, ઘણીવાર પુરૂષોના સહારાની જરૂરત રહે છે.

## ★ જેહાદને બદલે પત્ની સાથે હજમાં જવા હુકમ કર્યો ★

હવે અમે નબવી હદીષોની રોશનીમાં એ સ્પષ્ટ કરીએ છીએ કે આક઼ા ﷺને ખબર આપવામાં આવી કે હું જેહાદનો ઈરાદો ધરાવવું છું અને મારી પત્ની હજની સઆદત હાંસલ કરવા ચાહે છે. તો આક઼ા કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, આપ જેહાદ છોડીને હજની સઆદત હાંસલ કરો, કેમ કે પતિના હોવા છતાં એક સ્ત્રીને પતિના વિના જવું દુરુસ્ત નથી.

ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કહે છે કે નબી ﷺએ ફર્માવ્યું કે, **"સ્ત્રી મેહરમ વિના સફર ન કરે.** તો એક શખ્સે પૂછયું, યા રસૂલલ્લાહ ﷺ હું ફલાણા લશ્કર સાથે જેહાદમાં જવા ચાહું છું, જ્યારે કે મારી પત્નીનો હજનો ઈરાદો છે. તો આપે ફર્માવ્યું, **તમારી પત્ની સાથે હજમાં જાવ.** *(સહીહ બુખારી, કિતાબુલ જઝાઉસ્સૈદ, બાબુલ હજ્જિન્ નિસાઅ્, હદીષ નં. ૧૮૬૨, સહીહ મુસ્લિમ, હદીષ નં. ૧૩૪૧)*

અમુક રિવાયતોમાં હદીષ આ પ્રમાણે છે કે તે સહાબી કહે છે, મેં જેહાદના માટે નામ લખાવી દીધું છે, અને અમુક રિવાયતોમાં છે કે, મેં જેહાદમાં જવાની નઝર માની છે, તેમજ અમુકમાં છે કે, સ્ત્રી મેહરમ વિના હજ ન કરે. (આ દર્શાવે છે કે મેહરમ વિના સ્ત્રી હજમાં જાય એ કેટલા અંશે મનાઈ હુકમ ધરાવે છે.)

## ★ કોઈ પણ ઉમરની સ્ત્રી હોય પણ સફરમાં મેહરમ જરૂરી ★

હવે આપ જરા વિચાર કરો કે અમુક સ્ત્રીઓને અલ્લાહ તઆલા હજની શક્તિ આપી દે છે, તે સાલેહા સ્ત્રી ચાહે છે કે હજ્જ તથા ઝિયારતના ફરીઝાને અદા કરે. બાલિગ થયા બાદ સ્ત્રી કોઈ પણ ઉમરની હોય, એવું નથી કે હવે તે કમજોર અથવા વૃધ્ધા છે બલ્કે દરેક ઉમરમાં સફર તથા ઝિયારતના માટે પતિ કે મેહરમનું હોવુ અનિવાર્ય છે. અમુક જણ કહે છે કે સાસુને જમાઈ લઈ જઈ શકે છે, એ અત્યંત ગલત સોચ છે. જમાઈ વિના શંકાએ બેટાના દરજામાં છે, પણ ફરઝંદ નથી. વર્તમાનકાળમાં જે સંજોગો છે તેને અમારા કરતાં આપ અધિક માહિતગાર છો. શરીઅતે પાકે દરેક દૌરના તકાઝાઓને લક્ષમાં રાખેલા છે. શરીઅતનો દરેક હુકમ અક઼લ તથા નક઼લની રોશનીમાં અડગ હોય છે એ અલગ વાત છે કે આપણા લોકોની

બુધ્ધિઓ હુકમોની બારીકીઓને સમજવાથી લાચાર હોય છે.

### ★ પતિ કે મેહરમ વિનાની સ્ત્રી હજમાં જવા શું કરે ? ★

ફકીહે આ'ઝમે આલમ, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ એક રસ્તો દર્શાવ્યો છે, જેને અમે તેમના જ શબ્દોમાં રજૂ કરીએ છીએ :–

''પછી જયારે હિંદા પર શરતો ભેગી થઈ જવાથી હજ ફર્ઝ થઈ ગયો હતો અને હવે મેહરમનો સંગાથ નથી મળતો તો રસ્તો એ જ છે કે નિકાહ કરે, જો એ ડર હોય કે કદાચ તેનાથી નિકાહ કરી લીધા અને પછી (તે હજમાં) ન ગયો તો તેણી ફસાઈ ગઈ, અને હજ પણ ન થઈ. અથવા અંદેશો હોય કે પતિ સ્વભાવને અનુકૂળ ન નીકળે, જોઈતો હતો થોડા દિવસો માટે અને પાબંદ થઈ ગઈ જીવનભર માટે ! અથવા મુદ્દલે તેણીને પતિના પાબંદ રહેવું મંજૂર જ ન હોય, કેવળ એ જરૂરતના પૂરતો નિકાહ કરવો હોય, તો હું કહું છું : એની તદબીર એ છે કે એ શર્ત પર નિકાહ કરે કે જો તું આ વરસે મારી સાથે હજમાં ન આવે તો મારા પર એક તલાકે બાઈન થશે અને જયારે હજ પછી પરત આવું અને મારા ઘરમાં કદમ રાખુ તો તુરત જ મારા પર તલાકે બાઈન થાય. આ રીતે જો તે હજમાં ન ગયો તો તલાક થઈ જશે, અને જો ગયો તો પરત થતાં સ્ત્રી જે વખતે પોતાના મકાનમાં પગ મૂકશે તેવી જ નિકાહથી નીકળી જશે. અને બેહતર તથા આસાનતર એ છે કે એ શર્ત પર નિકાહ કરે કે મને દરેક વખતે મારા નફસનો અધિકાર હોય કે જયારે કદી ચાહું પોતે પોતાને એક તલાકે બાઈન આપી દઉં. આ રીતે તેણીના જવા કે પરત આવવા પર અથવા એના પછી પણ દરેક વખતે સ્ત્રીને અધિકાર રહેશે કે મરજી હોય તો તેના પત્નીપણામાં રહે, મરજી ન થાય તો પોતાને એક તલાકે બાઈન આપીને અલગ થઈ જાય. દુર્રે મુખ્તારમાં છે.

''સ્ત્રી ભલે વૃધ્ધા હોય તેણીના માટે પતિ કે બાલિગ મેહરમનું હોવું અનિવાર્ય છે, એ શર્તે કે તે મેહરમ ફાસિક અને મજૂસી ન હોય. શું સ્ત્રી પર હજ માટે નિકાહ જરૂરી છે ? એના બારામાં બે કથનો છે : જો સ્ત્રીએ મેહરમ વિના હજ કરી લીધો તો કરાહત સાથે સફર કરનાર ઠરશે.

ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ પોતાના એક અન્ય ફતવામાં લખે છે કે : ''સ્ત્રીમાં એટલી વાત વધારે છે કે પતિ અથવા મેહરમને સાથે લીધા વગર સફરમાં જવું હરામ છે. એમાં કાંઈ હજ માટે જ ખાસ નથી, ક્યાંક એક દિવસના રસ્તા પર વિના પતિ અથવા વિના મેહરમ જશે તો ગુનેહગાર થશે. હા ! જયારે ફર્ઝ અદા થઈ જાય તો વારંવાર સ્ત્રી માટે (હજ ઉમરા) યોગ્ય નથી કે તેણી જેટલા પ્રમાણમાં પર્દાની અંદર છે એટલા પ્રમાણમાં બેહતર છે. હદીષમાં એટલા પ્રમાણમાં છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઉમ્મહાતુલ મુઅ્મિનીન رضوان اللہ تعالیٰ علیہم اجمعینને હજ કરાવીને ફર્માવ્યું : ''આ એક હજ થઈ ગયો, ત્યારબાદ ઘરની ચટાઈઓ.'' વળી આ પણ અવ્વલિયતનો ઈર્શાદ છે, એવું નથી કે સ્ત્રી માટે બીજો હજ કરવો નાજાઈઝ છે. ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદીકા رضی اللہ عنہاએ ત્યારબાદ પછી હજ કર્યો. વલ્લાહુ તઆલા અઅ્લમ''

*(ફતાવા રઝવિય્યહ મુતર્જિમ, ૧૦/૬૫૭)*

### ★ મેહરમનું સ્થાન અન્ય ચીજો ન લઈ શકે ★

હવે બીજા દષ્ટિ બિંદુની પણ વિચારણા જુઓ. હઝરત મુફતી અબ્દુલ કૈયૂમ હઝારવીએ લખ્યું : ''રિસાલતની તરફથી મળનારી સિકયુરીટી તથા સેફટી મેહરમ બની ગયા છે, કેમ કે મેહરમના હુકમની હિકમત એ જ હતી. જેથી આ સફરની સહૂલતોની

સાથે જ્યારે સ્ત્રી સ્ત્રીઓના ગ્રુપમાં અથવા એક એવા ગ્રુપમાં જેમાં પુરૂષો સ્ત્રીઓ ભેગાં હોય, પરંતુ ફેમેલીઝ હોય અને સ્ત્રીઓની અધિકતા હોય તો આ ભેગાપણુ મેહરમનો રોલ ભજવે છે. આ હાલતમાં સ્ત્રી માટે મેહરમ વિના સફર કરવી નાજાઈઝ નથી રહેતી. ચાહે તે (ત્રણ દિવસથી અધિક અંતરનો) સફર હોય અથવા હજનો સફર તથા ઉમરાનો. વલ્લાહુ વ રસૂલિહી અઅલમુ બિસ્સવાબ."

અમે આપનુ (હઝારવી સાહબનું) લખાણ ઈરાદાપૂર્વક નકલ કર્યું છે. પહેલાં અમે મશાઈખે અહલે સુન્નત તથા ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہના વિચારો નકલ કર્યા. **હવે આપ વિચારણા કરો કે બંનેના દષ્ટિબિંદુમાં શો ફરક છે તે જુઓ : એક તરફ દલીલો છે અને બીજી બાજુ કેવળ દાવો છે. હવે તમે બતાવો કે સિક્યુરિટી અને સેફ્ટી "મેહરમ" કેવી રીતે બની ગયાં ?! એના પર શરીઅત મુજબની દલીલો પણ હોવી જોઈએ.** હઝરત મુફ્તી હઝારવી સાહબે આજના તથા પહેલાંના સફરોમાં તફાવત વર્ણવ્યો છે તે જરા વિચારો કે આજે હજારો માઈલનો સફર પ્લેનથી અમુક કલાકોમાં પાર પડી જાય છે, જ્યારે કે કસર નમાઝ માટે ૯૨ કિ.મી.નું અંતર નિશ્ચિત છે. હવે આ સફરમાં ન થાક લાગે છે ન પરેશાની થાય છે, છતાં નમાઝોમાં કસર (હજી) કેમ કરવામાં આવે છે ?! (કેમ કે એ શરીઅતનો હુકમ છે. તો આ પણ શરીઅતનો જ હુકમ છે કે મેહરમ વિના સ્ત્રી હજમાં જશે તો દરેક ડગલા પર ગુનોહ લખાશે.)

સારાંશ કે **એક મો'મિન બંદાએ શરીઅત પર અમલ કરવો લાઝિમ છે. સંજોગો, તકાઝા તથા ગવર્નમેન્ટ શું કહે છે એ સર્વ ચીજો પર નજર કરવી કોઈ જરૂરી નથી.** અલ્લાહ તઆલા આપણને સૌને ઈસ્લામના ઉસૂલો પર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. આમીન.

*(અશરફિયા મંથલી–મુબારકપુર, મે–૨૦૨૪)*

---

પેજ નં.**૨૯** નું ચાલુ.. શખ્સે એક લાખ દિરહમનું નઝરાણુ પેશ કરી આપ્યું.

પરંતુ એક બુઝુર્ગે ફર્માવ્યું કે દુરવેશીના મુકાબલામાં તવંગરીની ફઝીલત વર્ણન કરવી એ આપની શાનના વિરુદ્ધ છે. જેથી બલ્ખથી રવાનગી બાદ રસ્તામાં ડાકૂઓએ આપની બધી રકમ લૂટી લીધી. એ વખતે આપને ખયાલ આવ્યો કે આ દુર્ઘટના પેલા બુઝુર્ગના કથનના કારણે બની છે. પછી જ્યારે છેવટમાં આપ મુલ્ક હરીમાં પહોંચ્યા તો ત્યાં પોતાનો ખ્વાબ વર્ણવ્યો. જેથી બયાન દરમ્યાન હરીના હાકિમની પુત્રીએ જણાવ્યું કે મને પણ હુઝૂરે અકરમ ﷺએ એ જ દિવસે આપના કરજની અદાયગી માટે હુકમ આપ્યો હતો. અને જ્યારે મેં અર્ઝ કરી કે હુકમ હોય તો ખુદ ત્યાં જઈને તેમનું કરજ અદા કરી આપું. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, તે ખુદ અહીં આવશે. જેથી મારી આપને એટલી વિનંતી છે કે કેવળ ચાર દિવસો સુધી અહીં વઅઝ કરી આપો. જેથી આપની વઅઝોની એવી અસર થઈ કે ચાર દિવસની અંદર ૧૪૫ માણસો આપની વઅઝની મજલિસમાં મૃત્યુ પામ્યા. અને જ્યારે આપ ત્યાંથી વિદાય થવા લાગ્યા તો અમીરઝાદીએ ૬૦ ઊંટ દીનાર તથા દિરહમથી ભરીને આપની સાથે કરી આપ્યાં. અને જ્યારે વતન પહોંચ્યા તો સાહબઝાદાને સૂચના આપી કે સર્વ કરજની અદાયગી બાદ જે રકમ બચી જાય તેને ફકીરોમાં વહેંચી આપો, કેમ કે મારા માટે ખુદાની જાત ઘણી જ પૂરતી છે. ત્યારબાદ આપ જમીન પર માથુ રાખીને દુઆમાં વ્યસ્ત હતા એવામાં કોઈએ એવો પથ્થર માર્યો કે આપનો ઈન્તેકાલ થઈ ગયો, અને આપની લાશને નીશાપૂર લઈ જઈને મઅમર કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યા. ....*(સંપૂર્ણ)*